૪૧ શિક્ષાપત્ર સારસંચય

(૬૩૧ કુલ શ્લોકોમાંથી ૩૦૦ શ્લોકોનો મુદ્દાનુસાર સંગ્રહ)

:: પ્રકાશન અને સંકલન ::

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ.

૪૧ શિક્ષાપત્ર સારસંચય

પ્રત : ૧૦૦૦

પ્રકાશન વર્ષ : વૈશાખ સુદ ૧૪, વિ.સં. ૨૦૬૯ (શ્રીનૃસિંહ જયંતિ)

ઐચ્છિક ગ્રંથ પ્રકાશન સહાય : રૂ. ૧૫/–

(પોસ્ટેજ ખર્ચ રૂા. ૫/– અલગથી)

: સંકલન :

રમેશભાઈ પંચાસરા

: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :

પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨–રજપૂતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯
email : pustiasmita@yahoo.in

: મુદ્રક :

પૂર્વી પ્રેસ પ્રા. લી., રાજકોટ.

ગુરૂ શિષ્યનું અન્યોન્ય કર્તવ્ય

હરેર્ આરાધને મુક્તિઃ તત્પ્રકારો નિરૂપ્યતે ।।૭।।

''માહાત્મ્યજ્ઞાનપૂર્વોહિ સુદૃઢઃ સર્વતોઽધિકઃ ।।
સ્નેહો'ભક્તિ'રિતિ પ્રોક્તઃ તયા મુક્તિર્ન ચાન્યથા'' ।।૮।।

માહાત્મ્યજ્ઞાપનાયૈવ શ્રવણં ગુણકર્મણામ્ ।।
શાસ્ત્રાણામ્ ઉપયોગોઽત્ર તત્રાકાંક્ષા ગુરોર્ ભવેત્[૧] ।।૯।।

''કૃષ્ણસેવા-પરં વીક્ષ્ય દમ્ભાદિ-રહિતં નરમ્ ।।
શ્રીભાગવતતત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્''[૨] ।।૧૦।।

દેહદ્રોણ્યા યિયાસૂનાં પરં પારં ભવામ્બુધેઃ ।।
ગુરુણા કર્ણધારેણ [*૧]હ્યુત્તાર્યા સ્વોપદેશતઃ ।।૧૧।।

તેથી હવે ભગવદ્‌ભજનરૂપી મુક્તિની પ્રાપ્તિ જે સાધનથી થઈ શકે તે સાધનનું નિરૂપણ કરવામાં આવે છે. શાસ્ત્રમાં ભક્તિના લક્ષણનું કથન ''પ્રભુના માહાત્મ્યના જ્ઞાન પૂર્વક પ્રભુમાં સુદૃઢ અને સહુથી અધિક સ્નેહ એટલે 'ભક્તિ'. આવી ભક્તિથી જ મુક્તિ મળે છે, અન્ય કોઈ પ્રકારે નહીં'' આ પ્રમાણે કહ્યું છે.

આ વચનમાં પ્રભુના ગુણ-કર્મોનું શ્રવણ કરવું તેને માહાત્મ્યજ્ઞાનનું સાધન કહેવામાં આવ્યું છે. આ કાર્ય તો શાસ્ત્રથીજ થવું શક્ય હોવાથી સર્વપ્રથમ શાસ્ત્રના અધ્યયનની આવશ્યકતા હોય છે. શાસ્ત્રનું અધ્યયન ગુરુવિના થઈ ન શકે તેથી સર્વપ્રથમ સાધન ગુરુને માનવામાં આવે છે.

તેથી પ્રભુના માહાત્મ્યજ્ઞાનને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો મનુષ્ય જે કૃષ્ણસેવામાં તત્પર હોય, દમ્ભ આદિથી રહિત હોય અને શ્રીભાગવતપુરાણના તત્ત્વને જાણતો હોય તેવા નરની પરીક્ષા કરીને આદરથી ભજન કરે.

દેહરૂપી હોળીદ્વારા સંસારસમુદ્રના પેલે પાર જવાની ઈચ્છાવાળાની નાવને, તેનો કર્ણધાર - નાવિક ગુરુપોતાના ઉત્તમ ઉપદેશોથી, પેલે પાર ઉતારે.

(સાધનદીપિકા : શ્લોક ૭ થી ૧૧)

પ્રાક્કથન

આપણાં પુષ્ટિભક્તિસંપ્રદાયમાં પ્રાચિન પ્રણાલી અંતર્ગત વૈષ્ણવોના ઘરમાં તથા ગોસ્વામી બાલકોના ઘરમાં પણ સાંજના કે રાત્રિના સમયે ભગવદ્‌વાર્તાનો ક્રમ હજુ પણ જળવાઇ રહ્યો છે જે સત્સંગ કે કથાપક્ષના એક અંગરૂપે છે. આ ક્રમમાં આજે મોટાભાગે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ, શ્રીહરિરાયજીના ૪૧શિક્ષાપત્રો મુખ્ય વંચાય છે અને ક્યાંક શ્રીમદ્‌ભાગવત પણ વંચાય છે. તેમજ જે ખરેખર ભગવદ્ વાર્તાના ક્રમમાં અસંગત હોય તેવા આધુનિક લેખકોના સાહિત્ય પણ વંચાય છે. જેમાં ખાસ કરીને ઉકા-આતાની વાતો છે કે જેના અર્થઘટનો સિદ્ધાંતના અજ્ઞાનના કારણે ખોટા અને છીછરા અર્થોમાં સમજવાથી કે સમજાવવાથી માર્ગથી દૂર ફેંકાઇ જઇને ભ્રષ્ટ થવાની પૂરેપૂરી સંભાવના હોય છે.

ખાસ કરીને આ ભગવદ્‌વાર્તાના ક્રમમાં એકજ વક્તા અને બાકીના બધાજ શ્રોતાઓ એટલે કે સાંભળનારાઓ (કાન પવિત્ર કરવાની ભાવનાવાળાઓ) હોય છે. આવી વક્તા શ્રોતાની પદ્ધતિમાં ચર્ચાવિચાર તથા પ્રશ્નજવાબ તથા શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાં ઉપદેશાયેલા કર્તવ્યોપદેશો, સિદ્ધાંતોપદેશો, સાવચેતીના ઉપદેશોના જ્ઞાનના અભાવને કારણે તે વાંચનના વચનોમાં જ રહી જાય છે. સુરદાસજીના શબ્દોમાં કહીએ તો ''જો સુન્યો સબ પોથીમાંહી સમાયો...'' આના પરિણામે આપણે તો પુષ્ટિમાર્ગમાં આવી ગયા હોઇએ તેવું લાગે પુષ્ટિમાર્ગ આપણામાં કયારેય પણ લેશમાત્ર આવી શક્તો નથી, અને આવી શક્યો પણ નથી. તેના કારણે આજે આપણે વિશુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગથી હજારો ગાઉ દૂર ફેંકાઇ ગયા છીએ અને એક વિકૃત સંપ્રદાયનું માળખું ઊભું થઇ ગયું છે જેમાં આપણું પુષ્ટિજીવ તરીકેનું જીવન એક વિકૃત પ્રણાલીથી જીવી રહ્યા છીએ. જેવું જીવન શ્રીમહાપ્રભુજીને કયારેય પણ સ્વીકાર્ય ન હતું કે ન હોઇ પણ શકે.

મોટાભાગે આપણે કહેવાતા પુષ્ટિમાર્ગીઓ, શ્રીમહાપ્રભુજી કે જેઓ આ સંપ્રદાયના મૂલઆચાર્ય અને સંપ્રદાયના પ્રવર્તક છે તેઓશ્રીના ગ્રંથો, ઉપદેશો, સિદ્ધાંતોથી અજાણ, અપરિચિત, ઉદાસીન બની ગયા છીએ. આપણા માર્ગથી વિમુખ થવાનું આ એક જ મુખ્ય કારણ છે. આ પરિસ્થિતિથી બચવાનો ઉપાય પણ હવે એકમાત્ર આ જ છે કે માત્ર ભગવદ્‌વાર્તાના જ ક્રમમાં નહીં પરંતુ

નિયમિતરૂપે શ્રીમહાપ્રભુજીના મૂલ ગ્રંથો જેમાં આપણી કર્તવ્યતાના ઉપદેશો અપાયેલા છે તેવા ષોડશગ્રંથોનો અભ્યાસ, વિચાર, મનન અને ચર્ચાઓ કરીને ભગવદ્‌સન્મુખ થઇ શકીશું. તેમજ અન્ય પણ નિબંધના શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય, ભાગવતાર્થ પ્રકરણ વિગેરેનું પણ અવગાહન કરીએ તો સાચી દીશા તરફ અવશ્ય જઇ શકાય.

શ્રીગુસાંઇજી શ્રીસર્વોત્તમસ્તોત્રના મંગલાચરણ પછી બીજા શ્લોકમાં આજ્ઞા કરે છે

કલિકાલતમશ્છન્નદૃષ્ટિત્વાદ્ વિદૂષામપિ ।
સમ્પ્રત્યવિષયસ્તસ્યમાહાત્મ્યં સમભૂદ્ભૂવિ ।।૨।।
દયયાનિજમાહાત્મ્યં કરિષ્યન્ પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદૂર્ભુતં ચકાર હિ ।।૩।।

એટલે કે શુદ્ધ સાકાર પરબ્રહ્મ પુષ્ટિપુરુષોત્તમનું માહાત્મ્ય કલિકાલના અંધકારથી આંધળા થઇ જવાના કારણે, પૃથ્વી ઉપર હાલના સમયમાં વિદ્વાન *(મહાપુરુષો)* પણ કોઇ જાણી શકતા નથી. પુષ્ટિદૈવી જીવોને આના કારણે ભૂતલ ઉપર ભટકતા જોઇને પુષ્ટિપ્રભુને દયા આવવાથી પોતાનું માહાત્મ્ય વાણી દ્વારા પ્રકટ કરવાની ઇચ્છા કરી ત્યારે પોતાના જ મુખારવિંદરૂપે શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા.

ઉપરના વચનોથી સ્પષ્ટ થાય છે કે ભક્તિની વ્યાખ્યા ‘‘માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢસર્વતોધિકસ્નેહોભક્તિ’’ આમાં પ્રથમ માહાત્મ્યજ્ઞાન ની અનિવાર્યતા કહી છે. શ્રીગોપીનાથજી પણ આ એકમાત્ર સંદર્ભમાં જ ગુરુની આવશ્યકતા છે એમ જણાવીને આ આવશ્યકતા પૂર્ણ કરી શકે તેવા લક્ષણવાળા ગુરૂનું શિષ્ય પ્રત્યેનું કર્તવ્ય શું છે તેનું નિરૂપણ ‘સાધનદીપિકા’ ગ્રંથમાં શ્લોક ૭ થી ૧૧ માં કરે છે. જે શ્લોકો પ્રથમ પેઇજ ઉપર ઉદ્ધૃત કરેલા છે. જે માહાત્મ્યજ્ઞાન પ્રભુએ આપશ્રીના મુખારવિંદસ્વરૂપ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રકટ કર્યું. તેથી એકમાત્ર શ્રીમહાપ્રભુજીની વાણી જ પુષ્ટિજીવનો ઉદ્ધાર કરનારી ફલપ્રદાન કરનારી છે, તે સ્પષ્ટરૂપથી સિદ્ધ થાય છે.

શ્રીસર્વોત્તમ ધોળમાં પણ આપણે ઉપરની પંક્તિ ગાઇએ છીએ :

મહાકલિકાલાદિક દોષ, પંડિતની દૃષ્ટિ તિમિર ભરીજી ।।૨।।
મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરા સુરઅરિજી ।।

વાલે દયા કરી મુખરૂપ, નિજલીલા પ્રગટ કરી જી ।।૩।।

આમાં બીજી લાઇનમાં કહે છે 'મહિમા', એટલે કે માહાત્મ્ય, પુષ્ટિપુરુષોત્તમનું માહાત્મ્ય જે નથી જાણતા એટલે કે જે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોથી અજાણ છે ''તે કહીએ ખરા સુરઅરીજી'' એટલે કે તેઓ જ સુરઅરી એટલે કે દૈવી જીવોના મોટા શત્રુ-દુશ્મન છે. એટલે કે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોથી અજાણ આપણા મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર જ આપણા એટલે કે પુષ્ટિજીવના શત્રુ છે. એ જ આપણો ઉદ્ધારનો રસ્તો રોકીને અથડાવી, ભટકાવી, ભરમાવી નાશ કરી રહ્યા છે. અને અનંત જન્મોના અંતરાયો કરી રહ્યા છે.

શ્રીદ્વારકેશજી પણ ષોડશગ્રંથ માહાત્મ્યમાં આજ્ઞા કરે છે :

અવતાર દશાયાં તું ઉદ્ધૃતિ રૂપદર્શનાત્ ।
ઇહ નામાત્મકૈર ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ।।૪।।
તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ।।
સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ।।૫।।

શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીની અવતારદશામાં એટલે કે જ્યારે આપશ્રી ભૂતલ ઉપર બિરાજતા હતા તે સમયે તો આપશ્રીના રૂપદર્શનથી એટલે કે સ્વરૂપબળ-પ્રમેયબળથી દૈવીજીવોનો ઉદ્ધાર થયો. પરંતુ અત્યારે શ્રીમહાપ્રભુજીની અનવતારદશા છે એટલે કે ભૂતલ ઉપર આપશ્રી સાક્ષાત્ સ્વરૂપે નથી બિરાજતા (લૌકિક દૃષ્ટિથી) ત્યારે આ સમયે આપશ્રીના ગ્રંથો દ્વારા જ દૈવી જીવોનો શ્રીમહાપ્રભુ સાથે સાક્ષાત્ સમ્બન્ધ થાય છે અને તેનાથી જ આપશ્રીના શરણાગત પુષ્ટિજીવોનો તત્કાલ ઉદ્ધાર છે. એટલા માટે પુષ્ટિજીવોનું આ એક જ કર્તવ્ય છે કે સંપૂર્ણ પ્રયત્નપૂર્વક શ્રીવ્રજેશ એવા શ્રીઠાકોરજીની સેવા અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું પઠન-મનન ચિંતન કરવું.

પૂર્વભૂમિકા બાદ પ્રસ્તુત પ્રકાશિત ગ્રંથના વિષય ઉપર આવીએ તો શ્રીહરિરાયજી કૃત ૪૧ શિક્ષાપત્રો પણ એક માત્ર શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને જ સરળ અને વ્યાવહારિક રૂપમાં શ્રીહરિરાય મહાપ્રભુજીએ પુષ્ટિજીવોને શ્રીગોપેશ્વરજીના મિષથી ઉપદેશ્યા છે. આ ઉપદેશો માત્ર ભગવદ્વાર્તામાં વાંચી જવાથી કે કાન પવિત્ર કરવાની ભાવનાથી કે કંઠસ્થ પણ કરવા માત્રથી સાર્થક થતા નથી. પરંતુ આ ઉપદેશોના વચનોના વિચાર-વિનિમય દ્વારા તેના અર્થ

તાત્પર્ય સમજીને તેને આપણા જીવનમાં ક્રમશઃ યથાસામર્થ્ય આપણા જીવન વ્યવહારમાં વણી લઇને જ પુષ્ટિમાર્ગીય તરીકેનું જીવન સાર્થક કરી શકશું.

છેલ્લા ઘણા લાંબા સમયથી આપણે એક જડ મનોવૃત્તિના શિકાર બનીને એક સૂત્રનો ઝંડો હાથમાં લઇને દોડતા રહ્યા છીએ એ સૂત્ર છે ''દોષ ન જોવા'' પરંતુ આ સૂત્રનો સંદર્ભ સમજ્યા વિના પકડવાથી પુષ્ટિમાર્ગના નામે ચરી ખાનારાઓ ભ્રષ્ટાચારીઓ-પાખંડીઓને ખૂબ જ બળ મળવાથી એમનો માર્ગ મોકળો બની ગયો છે અને સંપ્રદાયને ઉધઇની જેમ અંદરથી ખતમ કરી રહ્યા છે, પોતાના ક્ષૂદ્ર સ્વાર્થ અને ધનલોલૂપતા, વિષયભોગ માટે વગર પરિશ્રમે સફળ થઇ રહ્યા છે.

પરંતુ દોષદષ્ટિ તો આપણા મૂલશાસ્ત્રો-આચાર્યો-મહાનુભાવોએ પણ ધ્યાનમાં લઇને જ સાચા રસ્તાઓ આપણને બતાવ્યા છે. જો સાચા-ખોટાનો ભેદ ન રાખવામાં આવે તો તો અંધાધૂંધી જ ઊભી થાય. કોઇ મર્યાદા જ ન રહી જાય. તેથી આપણને પણ એ દોષો જોઇને એવા દુષિત પદાર્થ, વ્યવહાર મનોવૃત્તિ કે વ્યક્તિથી દૂર રહેવાનું સમજાવ્યું છે.

શ્રીહરિરાયજી પણ શિક્ષાપત્રમાં (૧૧।૨) માં આજ્ઞા કરે છે ''શ્રીમહાપ્રભુજીથી કાંઇપણ વિપરિત કહેનારા તથા એમની બરોબરી કરનારાઓની બાબતમાં આસુરપણાનો નિશ્ચય કરવો'' હવે આ નિશ્ચય કેમ થશે ? દોષ જોવા કે ન જોવા?

આપણે કહીએ હરિગુરૂ વૈષ્ણવ સરખા લેખો તેનું મૂળ તાત્પર્ય એ છે કે ગુરૂ અને વૈષ્ણવના હૃદયમાં શ્રીઠાકોરજી સાક્ષાત્ બિરાજે છે. પરંતુ ગુરૂ કે વૈષ્ણવના હૃદયમાં શ્રીઠાકોરજી કયારે બિરાજતા હોય તેની પારાશીશી શ્રીહરિરાયજી શિક્ષાપત્ર-૩૨।૬ થી ૨૦ શ્લોકોમાં તથા કયારે શ્રીઠાકોરજી હૃદયમાં ન બિરાજે તે ૩૨।૧ થી ૫ શ્લોકોમાં નિરૂપણ કર્યું છે. તો આ નિર્ણયમાં પણ ચકાસ્યા વગર કેવી રીતે ખબર પડશે કે પછી દોષ ન જોવા!!!

આવી રીતે શિક્ષાપત્ર ૩।૮ થી ૧૦ શ્લોકોમાં આપશ્રી આજ્ઞા કરે છે કે આવા હોય તેનો સંગ કરવો અને આવા હોય તેનો સંગ ન કરવો અને ઉત્તમ કુલમાં જેમનો જન્મ છે તેમનામાં પણ આ રીતે જોઇને નિર્ણય કરવો તો દોષ જોવા કે ન જોવા?

અને શિક્ષાપત્ર ૧૮।૧૪-૧૫ શ્લોકોમાં તો શ્રીહરિરાયજીએ આજની

આપણી ખોટી ભાવલાવેડાની ખોટી પદ્ધતિને ભસ્મીભૂત કરી દીધી છે. આપશ્રી આજ્ઞા કરે છે કે ''શ્રીયશોદાજી ના ખોળામાં લાલિત શ્રીકૃષ્ણને પરમ તત્ત્વ જાણીને (બીજા કોઇને સાક્ષાત્ પુરુષોત્તમ જાણીને નહીં) તથા શ્રીમદાચાર્યજી, શ્રીગુસાંઇજી અને વ્રજભક્તો સિવાય એમના સમાન કોઈમાં પણ બુદ્ધિ રાખવાથી સર્વથા નાશ થાય છે એ ચોક્કસ છે. આટલી સત્ય સંક્ષેપ શિક્ષા હૃદયમાં ધારણ કરવી. (૧૮|૧૪-૧૫).

શિક્ષાપત્ર ૩૫ ના ૬ થી ૧૪ શ્લોકોમાં ત્રણ પ્રકારના દુષ્ટોના સ્વરૂપ બતાવીને તેના સંગથી દૂર રહેવું તેમ આજ્ઞા કરે છે. તો આ દુષ્ટોની દુષ્ટતા જોવી કે પછી દોષ ન જોવા!!!

આના માટે તો અલગ જ શ્રીહરિરાયજીએ એક અતિ સુંદર **''દુઃસંગવિજ્ઞાનપ્રકારનિરૂપણમ્''** નામનો ગ્રંથ લખ્યો છે જે અમારા પૂર્વપ્રકાશીત ગ્રંથ **''પુષ્ટિવાક્સુધા''** માં સંકલિત કરેલ છે જે જરૂર વાંચવો અને એ ગ્રંથ ઉપર જુનાગઢસ્થ ગોસ્વામી શ્રીદાનીરાયજીના આત્મજ ગોસ્વામી શ્રીપુરુષોત્તમબાવાશ્રીએ સુરતમાં શિબિર પણ કરેલી છે જેમાં આ બધા જ વિવરણનાં સૂક્ષ્મતાપૂર્વક વિસ્તાર કરીને આપશ્રીએ દ્રષ્ટાન્તો સાથે ખૂબજ સચોટ રીતે સમજાવ્યું છે. જેની વિડીયો ડીવીડી પણ અમારા કેન્દ્ર ઉપર પ્રાપ્ત છે.

ઉપરોક્ત વિષય ઉપરાંત અનેક વિષયોના સંદર્ભ ૪૧ શિક્ષાપત્રોમાં અલગ-અલગ જગ્યાએ શ્રીહરિરાયજીએ ઉપદેશ્યા છે. જેને અમોએ પ્રસ્તુત પ્રકાશિત ગ્રંથમાં વિષય મુજબ શ્લોકોને એકત્રિત કરી સંકલન કરવાનો શ્રીમહાપ્રભુ શ્રીહરિરાયજીની કૃપા-પ્રેરણાથી અમારી સિમિત બુદ્ધિ પ્રમાણે પ્રયાસ કર્યો છે જેને સમજવાથી એક એક વિષય (મુદ્દો) સ્પષ્ટ અને દઢ થાય અને વિષયની ગંભીરતા પણ ધ્યાનમાં આવે એવા એકમાત્ર આશયથી એવો પ્રયાસ કર્યો છે.

દરેક પુષ્ટિમાર્ગીય આ સંકલનના અભ્યાસથી લાભાન્વિત ચોક્કસ થશે એવો અમારો હાર્દિક મનોરથ છે. શ્રીમહાપ્રભુજી આપણા સહુ પુષ્ટિમાર્ગીઓ ઉપર કૃપા વરસાવીને આપશ્રીની વાણીમાં તથા પૂર્વાચાર્યો, મહાનુભાવોની વાણીમાં રૂચિ-વિશ્વાસ-નિષ્ઠાનું દાન કરે અને એનેજ અનુસરવાનું સામર્થ્ય પ્રદાન કરે એવું શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં નિવેદન કરીને વિરમિએ છીએ.

- પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર, રાજકોટ.

અનુક્રમણિકા

૧.	વરણભેદ અને આધુનિક જીવોનું વરણ.	૧
૨.	આ માર્ગમાં શ્રીઆચાર્યજીના આશ્રયથી જ બધું સિદ્ધ થશે.	૨
૩.	શ્રીમહાપ્રભુજીનો આશ્રય જ એક પરમ કર્તવ્ય.	૬
૪.	પુષ્ટિજીવની શ્રીઆચાર્યજીના આશ્રયથી જ કૃતાર્થતા.	૭
૫.	શ્રીઆચાર્યજીના આશ્રયથી જ બધી ફલસિદ્ધિ.	૮
૬.	શ્રીઆચાર્યજીની વાણી જ પુષ્ટિજીવનું હિત કરનારી છે.	૧૦
૭.	શ્રીઆચાર્યજીમાં તથા તેમની વાણીમાં નિષ્ઠાવાળા થઈને જ રહેવું.	૧૦
૮.	શ્રીઆચાર્યજીનો આશ્રય કેવી રીતે સિદ્ધ થાય.	૧૧
૯.	શ્રીઆચાર્યજીના દૃઢ આશ્રયવાળાનું કર્તવ્ય.	૧૨
૧૦.	પુષ્ટિમાર્ગમાં પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ શું છે.	૧૩
૧૧.	પુષ્ટિમાર્ગમાં ફલરૂપ શું છે.	૧૩
૧૨.	શ્રીકૃષ્ણનું શરણ જ ફલરૂપ છે.	૧૫
૧૩.	શરણ કેવી રીતે સિદ્ધ થાય.	૧૬
૧૪.	શ્રીકૃષ્ણના લીલાભેદે સ્વરૂપભેદ.	૧૭
૧૫.	કેવા શ્રીકૃષ્ણનું હૃદયમાં સ્થાપન કરવું.	૧૮
૧૬.	શ્રીકૃષ્ણના સ્વરૂપમાં કેવી બુદ્ધિ રાખવી.	૧૯
૧૭.	બુદ્ધિની સર્વ રીતે રક્ષા કરવી.	૧૯
૧૮.	કેવા પ્રભુના સ્વરૂપનું સતત સ્મરણ કરવું.	૨૧
૧૯.	હરિનું વિસ્મરણ કરાવનારા બાધક તત્ત્વો.	૨૨
૨૦.	કેવા હૃદયમાં પ્રભુ સ્થાપન કરે છે.	૨૩
૨૧.	કેવા હૃદયમાં પ્રભુ પધારતા-સ્થાપન કરતા નથી.	૨૪
૨૨.	ગૃહ વગેરેની વિસ્મૃતિ કેવી રીતે થાય.	૨૫
૨૩.	પુષ્ટિપુરુષોત્તમ જે પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે તેનું સ્વરૂપ.	૨૬
૨૪.	શુદ્ધ પુષ્ટિમાર્ગમાં તાપભાવ જ ફલરૂપ છે.	૩૦
૨૫.	આવો તાપભાવ કેવી રીતે પ્રાપ્ત થાય.	૩૧
૨૬.	કેવા પ્રકારના ભગવદીયનો સંગ કરવો.	૩૨
૨૭.	ભગવદીયના લક્ષણ કેવા હોય.	૩૨
૨૮.	સત્સંગ અને દુઃસંગનો વિવેક.	૩૩

૨૯. સત્સંગ અને અસત્સંગનું સ્વરૂપ. ૩૫
૩૦. પુષ્ટિમાર્ગમાં ત્યાગ-અત્યાગનું સ્વરૂપ. ૩૫
૩૧. ફલસિદ્ધિમાં સાધક તત્ત્વો. ૩૬
૩૨. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ પુષ્ટિમાર્ગમાં ઉત્તમ સાધન. ૩૭
૩૩. કાલનું સ્વરૂપ. ૩૭
૩૪. કાલનું સામર્થ્ય કોના ઉપર ન ચાલે. ૩૯
૩૫. ધર્મના છ અંગ કેવી રીતે શુદ્ધ થાય. ૩૯
૩૬. અન્યાશ્રય મહાન બાધક છે. ૪૦
૩૭. ચિંતાની (ચિંતાના વિષયોની નહીં) નિવૃત્તિની સિદ્ધિ કેવી રીતે થાય. ૪૧
૩૮. વૈષ્ણવોએ લૌકિક કાર્યનો વિવેક. ૪૨
૩૯. સેવા કયા પ્રયોજનથી અને કેવી રીતે કરવી. ૪૩
૪૦. અલૌકિક પરિકરની સમાન કોઈને ગણવા નહિ. ૪૪
૪૧. માનસી સેવાની સિદ્ધિમાં બાધક તત્ત્વ. ૪૪
૪૨. મુખારવિંદની ભક્તિ અને ચરણારવિંદની ભક્તિ. ૪૫
૪૩. આવી ભક્તિની અવસ્થા તથા સાધન વગેરેનું નિરૂપણ. ૪૬
૪૪. ભક્તિમાં બે મહાન બાધક. ૫૦
૪૫. ત્રણે માર્ગમાં ત્રણ પ્રકારના દુષ્ટો અને તેના સ્વરૂપ. ૫૧
૪૬. ભગવદ્ભાવ રૂપ નિધિની રક્ષા કેવી રીતે કરવી. ૫૩
૪૭. પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીનું સ્વરૂપ ભાવાત્મક હોવાથી તેની રક્ષા કેવી રીતે કરવી. ૫૪
૪૮. ભાવાત્મક સેવ્ય સ્વરૂપનો અનુભવ કેવી રીતે થાય. ૫૫
૪૯. ભગવદ્ભાવને ગુપ્ત રાખવો જોઈએ. ૫૫
૫૦. પ્રભુ પણ પોતાના ભક્ત પ્રત્યેના ભાવને ગુપ્ત રાખે છે. ૫૬
૫૧. ભાવમાં બાધક શું છે. ૫૬
૫૨. નિઃસાધનતાનો ભાવ કોને કહેવાય. ૫૭
૫૩. નિઃસાધનતાની ભાવના કેવી રીતે કરવી. ૫૮
૫૪. નિઃસાધનતાનો ભાવ કેવી રીતે પ્રાપ્ત થાય. ૫૯
૫૫. ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવા છતાં પ્રવૃત્ત થતાં નથી તેનું કારણ. ૬૦
૫૬. વૈષ્ણવ-અવૈષ્ણવની ઓળખ. ૬૦
શિક્ષાશ્લોકી ૬૧

***

(૧) વરણભેદ અને આધુનિક જીવોનું વરણ

નિઃસાધનફલે માર્ગે બલં નૈવોપયુજ્યતે ।
સાધનાનામતો નાયમાત્મેત્યેષોદિતા શ્રુતિઃ ॥૧॥

શબ્દાર્થ :– નિઃસાધનના ફલરૂપ આ માર્ગમાં સાધનનું બલ ઉપયોગી નથી, તેથી શ્રુતિમાં કહ્યું છે કે આ આત્મા (પરમાત્મા) પ્રવચન વગેરેથી પ્રાપ્ત નથી થતાં, જેનું પ્રભુ વરણ કરે છે (પસંદગી કરે છે) તેને જ પ્રાપ્ત થાય છે. ૧.

કિંતુ સર્વસ્ય મૂલં હિ હરેર્વરણમુચ્યતે ।
યથૈવ વૃણુતે કૃષ્ણસ્તથા તિષ્ઠતિ વૈ જનઃ ॥૨॥

શબ્દાર્થ :– પરંતુ હરિનું વરણ છે તે સર્વનું મૂલ કહ્યું છે. શ્રીકૃષ્ણ જેવું વરણ કરે છે તે પ્રમાણે જીવ રહે છે. ૨.

વરણં તુ દ્વિધા સાક્ષાત્પારંપર્યવિભેદતઃ ।
લીલાસ્થિતેષુ વૈ સાક્ષાદન્યેષ્વસ્તિ પરંપરા ॥૩॥

શબ્દાર્થ :– સાક્ષાત્ અને પરંપરા આવા ભેદથી બે પ્રકારના વરણ છે. લીલાસ્થિત ભક્તોમાં સાક્ષાત્ વરણ છે અને અન્યમાં પરંપરા છે. ૩.

આચાર્યદ્વારકં તત્ર વરણં ન હરેઃ સ્વતઃ ।
લીલાસ્થેષ્વપિ ભક્તેષુ વૃતેદ્વૈવિધ્યમીક્ષ્યતે ॥૪॥
સાક્ષાચ્છ્રુતિષુ હરિણા વરણં વહ્નિસૂનુષુ ।
પરંપરાપ્રકારેણ મર્યાદાપુરુષોત્તમાત્ ॥૫॥

શબ્દાર્થ : શ્રીઆચાર્યજી દ્વારા હરિનું વરણ છે તે સાક્ષાત્ નથી પરંપરાથી છે, લીલાસ્થિત ભક્તોમાં પણ વરણના બંને પ્રકારો જોવામાં આવે છે. ૪.

શ્રુતિરુપાઓમાં હરિએ સાક્ષાત્ વરણ કર્યું છે અને અગ્નિકુમાર (ઋષિરુપાઓ)માં પરંપરા દ્વારા મર્યાદા પુરુષોત્તમ (શ્રીરામચન્દ્રજી) દ્વારા વરણ છે. ૫.

અન્યથાઽપ્યત્ર ભેદોઽસ્તિ દાસતાત્મીયતાદિભિઃ ।
આત્મીયત્વેનાવતારે દાસત્વેનાન્યદા વૃતિઃ ॥૬॥

શબ્દાર્થ :– બીજી રીત પ્રમાણે વરણમાં પણ દાસતા અને

આત્મીયતાથી ભેદ છે. અવતારદશામાં આત્મીયતાથી વરણ છે અને અનવતાર દશામાં દાસતાથી વરણ છે. ૬.

દાસત્વેઽપ્યસ્તિ ભેદો હિ મર્યાદાપુષ્ટિભેદતઃ ।
અતો ન જીવસ્વાતંત્ર્યં દાસત્વાદ્ધિ નિસર્ગતઃ ।।૭।।

શબ્દાર્થ :– દાસપણામાં પણ મર્યાદા અને પુષ્ટિ આવા ભેદથી બે ભેદ છે, તેથી સ્વભાવથી જ જીવનું દાસત્વ છે, તેથી સ્વતંત્રતા નથી. ૭.

યથા કૃતિસ્તથા સર્વં કૃષ્ણસ્તસ્ય કરોતિ હિ ।
મર્યાદાયાં વૃતૌ તસ્ય ભવેત્ સાધનનિષ્ઠતા ।।૮।।
પુષ્ટાવનુગ્રહે દષ્ટિસ્તસ્યૈવ સકલં પુનઃ ।
વયં ત્વનુગ્રહાચાર્યૈઃ પુષ્ટૌ મર્યાદયા સહ ।।૯।।
અંગીકૃતિસમર્યાદૈઃ સર્વેઽપ્યંગીકૃતાઃ સ્વતઃ ।
અતસ્તદુક્તમર્યાદાસ્થિતિર્હિ હિતકારિણી ।।૧૦।।

(૩૧।૧-૧૦)

શબ્દાર્થ :– જે જીવનું જેવું વરણ છે તેવું બધું શ્રીકૃષ્ણ કરે છે. જેનું મર્યાદામાં વરણ છે તેને સાધનોમાં નિષ્ઠા થાય છે. ૮

પુષ્ટિમાં જેનું વરણ છે તેને અનુગ્રહમાં દષ્ટિ હોય છે તે દષ્ટિ વડે જ સર્વ થાય છે. આપણો તો અંગીકારમાં મર્યાદાસહિત પુષ્ટિ શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીએ કરી છે, પુષ્ટિમાં મર્યાદાસહિત આપના દ્વારા બધાજ અંગીકૃત (કર્યા) છે, તેથી આપના વચનોની મર્યાદામાં (આધુનિક જીવોની) સ્થિતી છે, તે (આપણું) હિત કરનારી છે. ૯-૧૦

અતએવાસ્મદાચાર્યૈરુક્તં વરણલક્ષણમ્ ।
'લોકેસ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ' ।।૧૫।।

(૬।૧૫)

શબ્દાર્થ :– તેથી જ આપણા શ્રીમદાચાર્યજીએ લોકમાં તથા વેદમાં સ્વાસ્થ્ય હરિ તો નહીં કરે આમ વરણનું લક્ષણ કહ્યું છે. ૧૫.

(૨) આ માર્ગમાં શ્રીઆચાર્યજીના આશ્રયથીજ બધુ સિદ્ધ થશે

સર્વદા સર્વભાવૈકહેતુભૂતેષુ સર્વથા ।

શ્રીમદાચાર્યપાદેષુ સ્થાપ્યતાં તન્મયં મનઃ ।।૧।।

શબ્દાર્થ :– નિરંતર સર્વભાવના મુખ્ય હેતુભૂત (કારણરૂપ) શ્રીઆચાર્યજીના ચરણારવિંદમાં મનને તન્મય કરીને ચોક્કસ સ્થાપન કરવું. ૧.

તત એવ કૃતાર્થત્વં નિશ્ચયઃ ક્રિયતાં હૃદિ ।
આસુરત્વં વિનિશ્ચેયમન્યત્તત્સામ્યવાદિષુ ।।૨।।

(૧૧।૧-૨)

શબ્દાર્થ :– <u>શ્રીઆચાર્યજીના ચરણકમલમાં મનને સ્થિર કરવું તેનાથી જ કૃતાર્થતા છે એવો નિશ્ચય હૃદયમાં કરવો અને એમનાથી બીજું કાંઇ (વિપરિત) કહેનારા તથા એમની બરોબરી કરનારાઓની બાબતમાં આસુરીપણાનો નિશ્ચય કરવો.</u>૨.

સ્વાચાર્યચરણદ્વન્દ્વદઢાશ્રયણમાદતૈઃ ।
વિધેયં તેન સકલમસ્મિન્ માર્ગે ભવિષ્યતિ ।।૭।।

(૧૪।૭)

શબ્દાર્થ :– આપણા શ્રીઆચાર્યજીના બંને ચરણનો દઢ આશ્રય આદરયુક્ત થઈને કરવો, તેના વડે જ આ પુષ્ટિમાર્ગમાં બધુ સિદ્ધ થશે. ૭.

નૈતસ્મિન્ સમયે કોડપિ સહાયો મમ વર્તતે ।
વિના શ્રીવલ્લભાચાર્યચરણાંબુરુહાશ્રયાત્ ।।૭।।

(૧૬।૭)

શબ્દાર્થ :– આ સમયે શ્રીવલ્લભાચાર્યજીના ચરણારવિંદના આશ્રય સિવાય મને કોઈપણ સહાયક નથી. ૭.

તથાડપિ શ્રીમદાચાર્યચરણશ્રયણાદપિ ।
અશક્યમપિ યચ્છક્યં તદ્ભવેત્સર્વથૈવ હિ ।।૬।।

(૧૭।૬)

શબ્દાર્થ :– છતાં પણ શ્રીમદાચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી જે અશક્ય છે તે પણ દરેક પ્રકારથી જ શક્ય થાય છે. ૬.

નિજાચાર્યપદાંભોજયુગલાશ્રયણં સદા ।
વિધેયં તેન નિખિલં ફલં ભાવિ વિના શ્રમમ્ ।।૧।।

(૨૭।૧)

શબ્દાર્થ :– આપણા આચાર્યજીના બંને ચરણારવિંદનો આશ્રય હંમેશા કરવો, તેના વડે શ્રમ વિના બધા જ ફલ સિદ્ધ થશે. ૧.

તથાપિ શ્રીમદાચાર્યચરણાશ્રયણન્મમ ।
નિવર્ત્તત્તે નિરાશં સન્ન મનઃ ફલલબ્ધિતઃ ।।૧૮।।

(૨૭।૧૮)

શબ્દાર્થ :– તો પણ ફલની પ્રાપ્તિમાં નિરાશ હોવા છતાં પણ મારું મન શ્રીમદાચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી નિવૃત્ત નથી થતું. ૧૮.

ચિંતાપારાવારે પતિતસ્યાત્રૈવ મગ્નસ્ય ।
એતજ્જલવડવાગ્નિઃ શરણં શ્રીવલ્લભાચાર્યાઃ ।।૨૩।।

(૨૮।૨૩)

શબ્દાર્થ :– ચિંતારુપ સમુદ્રમાં પડેલો અને એમાંજ ડૂબેલો એવો જે હું તેને તે જલના શોષણમાં વડવાનલરૂપ શ્રીવલ્લભાચાર્યજી શરણ છે. ૨૩.

માર્ગપ્રવર્ત્તકાચાર્યચરણેષુ નિરંતરમ્ ।
વિશ્વાસઃ સુદઢઃ કાર્યસ્તતઃ સર્વં ફલિષ્યતિ ।
વિશેષો ગોવર્દ્ધનદાસપત્રાજજ્ઞેયઃ કિમધિકમ્ ।।૧૯।।

(૩૮।૧૯)

શબ્દાર્થ :– આ પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીઆચાર્યજીના ચરણકમલમાં અતિદઢ વિશ્વાસ રાખવો, તેનાથી બધુ ફલરૂપ થશે. વિશેષ ગોવર્ધનદાસના પત્રથી જાણજો, વધુ શું લખું? ૧૯.

અતસ્તદાશ્રયો જીવૈર્દઢ એવ વિધિયતામ્ ।
યથાવતારલીલાયાં તાસાં શ્રીયમુના મતા ।।૩।।
યથા વા હરિદાસો હિ પુલિંદીનાં ગિરિર્મતઃ ।
યથા વાગ્નિકુમારાણાં વ્રતે કાત્યાયની મતા ।।૪।।
પ્રાદુર્ભૂતઃ સ્વયં કૃષ્ણો યથા સ્વપ્રાપણે મતઃ ।
યથા વા દૈન્યભાવાત્મા પ્રાદુર્ભાવે સ્વયં મતઃ ।।૫।।
તથા પરોક્ષે જીવાનાં પુષ્ટિસંબંધ સિદ્ધ્યે ।
શ્રીમદાચાર્યસંબંધો નાન્યદસ્તિ હિ સાધને ।।૬।।

(૨૪।૩-૬)

શબ્દાર્થ :– તેથી જીવે શ્રીમદાચાર્યજીનો દઢ આશ્રય કરવો. કેમકે જે

જેવી રીતે અવતારલીલામાં કુમારીકાઓનો (આશ્રય) શ્રીયમુનાજી છે. ૩. અથવા જેમ પુલિંદીજીને ભગવદ્ભક્ત ગિરિરાજજી (આશ્રય) છે, અથવા જેમ અગ્નિકુમારિકાઓને વ્રતમાં (આશ્રય) કાત્યાયની છે, આ બધા ભગવત્સંબંધ કરાવનારા છે. ૪. જેમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિમાં આપ સ્વયં જ શ્રીકૃષ્ણ પ્રાદુર્ભૂત થયા છે અને જેમ રાસપંચાધ્યાયીમાં પ્રાદુર્ભાવમાં દૈન્યભાવાત્મક (આશ્રય) આપ જ છે. ૫. તેમ જીવોને પરોક્ષમાં પુષ્ટિસંબંધની સિદ્ધિને માટે શ્રીમદાચાર્યજી દ્વારા સંબંધ જ સાધન છે બીજું કાંઈ સાધન નથી. ૬.

અથવાશ્રયમાત્રેણ નાશયિષ્યતિ મત્પ્રભુઃ ।
નિજાચાર્યાશ્રિતાનાં તુ દોષા વહ્નિસ્વરુપતઃ ।।૬।।
સંબંધમાત્રતો ભસ્મીભવંતિ ક્ષણમાત્રતઃ ।
અતઃ સ્વાચાર્યમાત્રૈકશરણૈસ્તત્પરાશ્રિતૈઃ ।।૭।।
તદ્ગ્રંથાર્થાવબોધાર્થવિહિતાતિપ્રયત્નકૈઃ ।
દુઃસંગવર્જિતૈઃ સંગસંપ્રાપ્ત્યાશાયુતૈરપિ ।।૮।।
સ્થેયં સેવાપરૈરન્યાશ્રયત્યાગવિચક્ષણૈઃ ।
કામલોભાદિદોષૈકપરિત્યાગેચ્છુભિઃ સદા ।।૯।।

(૩૩।૬-૯)

શબ્દાર્થ :– ઉપર કહ્યા પ્રમાણે ઇન્દ્રિયોની દુષ્ટતા સાધનો વડે નિવૃત્ત કરવી પરંતુ તેમ ન થઇ શકે તો આપણા સ્વામિનો આશ્રય દઢ કરવો, તે આશ્રય માત્રથી આપણા સ્વામી બધા દોષનો નાશ કરશે, કેમકે આપણા શ્રીઆચાર્યજીના દઢ આશ્રયવાળાઓના દોષ તો અગ્નિસ્વરૂપના સંબંધમાત્રથી ક્ષણમાત્રમાં ભસ્મ થઇ જાય છે. તેથી આપણા શ્રીઆચાર્યજીના જ આશ્રયવાળા, એમના પરાયણ ભગવદીયના આશ્રિત, એમના ગ્રંથના અર્થ જાણવાને માટે પ્રયત્ન કરવાવાળા, દુઃસંગથી રહિત, સત્સંગની પ્રાપ્તિની આશાવાળા, સેવામાં ચતુર, અન્યાશ્રયના ત્યાગમાં ચતુર, કામલોભ વગેરે મુખ્યદોષના ત્યાગની ઇચ્છાવાળા, આવા બનીને હંમેશા રહેવું. ૬-૯.

આચાર્યશરણં તસ્ય ચિંતાલેશોઽપિ નૈવ હિ ।
તસ્માચ્છ્રીવલ્લભાચાર્યચરણાબ્જદ્વયાશ્રિતૈઃ ।।૧૭।।
ન કાપિ ચિંતા કર્તવ્યા કૃષ્ણસેવા વિના પુનઃ ।
નિવેદનાનુસંધાન ચિંતામાત્રં વિધીયતામ્ ।।૧૮।।(૩૬।૧૭-૧૮)

શબ્દાર્થ :– જેમને શ્રીઆચાર્યજીનું શરણ દઢ સિદ્ધ થયું છે, તેમને

લેશમાત્ર પણ ચિંતા ન હોય, તેથી શ્રીઆચાર્યજીના બંને ચરણારવિંદનો જે આશ્રિત છે તેમને શ્રીકૃષ્ણની સેવા સિવાય કોઈપણ ચિંતા ન કરવી, માત્ર નિવેદનના અનુસંધાનની જ ચિંતા કરવી. ૧૭-૧૮.

(૩) શ્રીમહાપ્રભુજીનો આશ્રય જ એક પરમ કર્તવ્ય

યસ્ય સ્મરણમાત્રેણ સકલાર્તિવિનાશનમ્ ।
તત્ક્ષણાદેવ ભવતિ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૮॥

(૧૫।૮)

શબ્દાર્થ :- જેમના સ્મરણમાત્રથી જ બધાની સર્વ આર્તિનો નાશ તે જ ક્ષણે થાય છે તેમની (શ્રીઆચાર્યજીની) સ્મૃતિ સદા કર્તવ્ય છે.૮.

તદાશ્રયઃ સદાકાર્યો મનોવાક્કાયવૃત્તિભિઃ ।
સ્વકીયતા તદીયેષુ તદ્ભિન્ને ભિન્નતા મતા ॥૧૮॥

(૧।૧૮)

શબ્દાર્થ :- મન વાણી અને કાયાની વૃત્તિથી એમનો (શ્રીમહાપ્રભુજીનો) આશ્રય સદા કર્તવ્ય છે, અને જે તદીય (ભગવદીય) છે તેમાં પોતાનાપણાનું મમત્વ તથા જે શ્રીમહાપ્રભુજીના શરણે નથી આવ્યા તેમાં ભેદબુદ્ધિ રાખવી.૧૮.

તદર્થં શ્રીમદાચાર્યચરણાંબુરુહાશ્રયઃ ॥૨૧॥

(૪।૨૧॥)

શબ્દાર્થ :- તેથી શ્રીમદ્ આચાર્યજીના ચરણારવિંદનો આશ્રય સદા કર્તવ્ય છે. ૨૧॥.

પ્રમેયબલતો નાન્યત્સાધનં તત્ર ભાવ્યતામ્ ।
અતઃ સર્વૈઃ પ્રકર્તવ્યો નિજાચાર્યપદાશ્રયઃ ॥૨૪॥

(૯।૨૪)

શબ્દાર્થ :- આ ભાવમાં પ્રમેયબલ સિવાય બીજું સાધન નથી એમ જાણવું તેથી બધાએ શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો આશ્રય વિશેષરૂપથી કર્તવ્ય છે. ૨૪.

સર્વદા સર્વભાવૈકહેતુભૂતેષુ સર્વથા ।
શ્રીમદાચાર્યપાદેષુ સ્થાપ્યતાં તન્મયં મનઃ ॥૧૪॥

(૧૪|૧)

શબ્દાર્થ :– નિરંતર સર્વભાવના મુખ્ય હેતુભૂત (કારણરૂપ) શ્રીઆચાર્યજીના ચરણારવિંદમાં મનને તન્મય કરીને નિશ્ચય સ્થાપન કરવું. ૨.

તસ્માત્ ફલં નિજાચાર્યપદાંભોજદ્વયં સદા ।
હૃદિ ધાર્યં નૈવ કાર્યં સંશયાયિતમાનસમ્ ॥૧૧॥
અત્ર સંશયમાપન્નાઃ સર્વથા હ્યાસુરા મતાઃ ।
દૈવા અપિ પુરા તેડપિ હરિણા પાતિતાઃ કરાત્ ॥૧૨॥

(૨૫|૧૧-૧૨)

શબ્દાર્થ :– તેથી ફલરૂપ આપણા શ્રીઆચાર્યજીના બેઉ ચરણારવિંદ સદા હૃદયમાં ધારણ કરવા (તેમાં) સંશયયુકત મન ન કરવું. ૧૧.

આમાં જે સંશયવાળા છે તે ચોક્કસ આસુર જીવ જાણવા, પ્રથમ દૈવીસૃષ્ટિમાં ઉત્પન્ન થયા હોય તો પણ હરિએ પોતાના શ્રીહસ્તથી (સંસારમાં) નાખ્યા છે. ૧૨.

કથમન્યોન્યસંબંધ સ્યાતમસ્તેજસોરિવ ।
તથાપિ દોષરાશીનાં દાહનેન નિવેદનાત્ ॥૫॥
સ્વાચાર્યદ્વારકાત્તુ સ્યાદ્યોગ્યતા હરિયોજને ।
અતઃ સ્વાચાર્યચરણૌ સ્થાપ્યૌહૃદિ નિરંતરમ્ ॥૬॥

(૨૬|૫-૬)

શબ્દાર્થ :– અંધકાર અને તેજની જેમ અન્યોઅન્ય (પરસ્પર) સંબંધ કેવી રીતે થાય (જીવ અને ભગવાન્‌નો) ? તો પણ આપણા શ્રીઆચાર્યજી દ્વારા નિવેદન થયું છે, તેથી દોષના સમૂહનો દાહ થયો છે, તેથી હરિ ભગવાન્‌નો સંબંધ થવાની યોગ્યતા થાય છે તેથી આપણા શ્રીઆચાર્યજીના બંને ચરણારવિંદ હૃદયમાં સ્થાપન કરવા. ૫-૬.

(૪) પુષ્ટિજીવની શ્રીઆચાર્યજીના આશ્રયથી જ કૃતાર્થતા

તત એવ કૃતાર્થત્વં નિશ્ચયઃ ક્રિયતાં હૃદિ ।

આસુરત્વં વિનિશ્ચેયમન્યત્તત્સામ્યવાદિષુ ।।૨।।

(૧૧।૨)

શબ્દાર્થ :– શ્રીઆચાર્યજીના ચરણકમલમાં મન સ્થાપન કરવું તેનાથી જ કૃતાર્થતા છે એવો નિશ્ચય હૃદયમાં કરવો અને એમનાથી અન્ય (વિપરિત) તથા બરોબરી કરનારા વિષે આસુરપણાનો નિશ્ચય કરવો. ૨.

નૈતસ્મિન્ સમયે કોઽપિ સહાયો મમ વર્તતે ।
વિના શ્રીવલ્લભાચાર્યચરણાંબુરુહાશ્રયાત્ ।।૧૬।।

(૧૬।૭)

શબ્દાર્થ :– આ સમયમાં શ્રીવલ્લભાચાર્યજીના ચરણારવિંદના આશ્રય વિના મને કોઇ સહાય નથી. ૭.

(૫) શ્રીઆચાર્યજીના આશ્રયથી જ બધી ફલ સિદ્ધિ.

તદૈન્યં સ્યાત્ સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્ ।
તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્ ।।૪।।

(૫।૪)

શબ્દાર્થ :– શ્રીસ્વામિનીજીના તાપરૂપી ભાવનું અનુસંધાન કરવાથી દૈન્ય થાય અને તાપભાવનું ભાવન, વિરહાત્મક શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી થાય. ૪.

સ્વાચાર્યચરણદ્વન્દ્વદઢાશ્રયણમાદતૈઃ ।
વિધેયં તેન સકલમસ્મિન્ માર્ગે ભવિષ્યતિ ।।૭।।

(૧૪।૭)

શબ્દાર્થ :– આપણા શ્રીઆચાર્યજીના બંને ચરણોનો દઢ આશ્રય આદરયુકત થઈને કરવો, તેના દ્વારા જ આ પુષ્ટિમાર્ગમાં સર્વ સિદ્ધ થશે. ૭.

તથાઽપિ શ્રીમદાચાર્યચરણાશ્રયણાદપિ ।
અશક્યમપિ યચ્છકયં તદ્ભવેત્સર્વથૈવ હિ ।।૬।।

(૧૭।૬)

શબ્દાર્થ :– (જીવ પોતાના બળથી કાંઇ જ કરી શકવા સમર્થ નથી) તો પણ શ્રીમદાચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી જે અશકય છે તે પણ દરેક

પ્રકારથી જ શકય થાય. ૬.

તન્નિવર્ત્તાયિતું શક્તમતો ન્યૂનં નિરુપિતમ્ ।
તતઃ સ્વાચાર્યસાન્નિધ્યં ક્ષણાદ્ભાવપ્રદાયકમ્ ।।૧૧।।

(૨૦।૧૧)

શબ્દાર્થ :– પ્રભુપ્રાકટ્યમાં જે પ્રતિબંધક છે તેને જ્ઞાન પણ નિવૃત્ત કરવામાં સમર્થ નથી તેથી ન્યૂન કહ્યું છે એટલા માટે શ્રીઆચાર્યજીનું સાન્નિધ્ય જ ક્ષણમાં ભાવનું દાન કરે છે. ૧૧.

તથા પરોક્ષે જીવાનાં પુષ્ટિસંબંધ સિદ્ધયે ।
શ્રીમદાચાર્યસંબંધો નાન્યદસ્તિ હિ સાધને ।।૬।।

(૨૪।૬)

શબ્દાર્થ :– (જેમ અવતારલીલામાં કુમારિકાઓને શ્રીયમુનાજી, પુલિંદીને ગિરિરાજજી, અગ્નિકુમારિકાઓને કાત્યાયની, આ બધા ભગવત્સંબંધ કરાવનારા છે અને જેમ રાસપંચાધ્યાયીમાં કૃષ્ણ જ) તેમ જીવોને પરોક્ષમાં (અનવતારકાલમાં) પુષ્ટિ સંબંધની સિદ્ધિ માટે શ્રીમદાચાર્યજી દ્વારા સંબંધ જ સાધન છે બીજું કોઈ સાધન જ નથી. ૬.

પુષ્ટિભક્તિર્હરેરાસ્યં તત્ત્વસ્મત્પ્રભવઃ સ્વયમ્ ।
ત એવ સંશ્રિતાઃ સંતઃ ફલરૂપા ભવંતિ હિ ।।૯।।

(૨૫।૯)

શબ્દાર્થ :– હરિ ભગવાન્નું મુખારવિંદ છે તે પુષ્ટિભક્તિ છે, તે મુખારવિંદ તો આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ છે, એમનો શ્રદ્ધાપૂર્વક આશ્રય કરીએ તો એજ નિશ્ચય ફલરૂપ થાય. ૯.

નિજાચાર્યપદાંભોજયુગલાશ્રયણં સદા ।
વિધેયં તેન નિખિલં ફલં ભાવિ વિના શ્રમમ્ ।।૧।।

(૨૭।૧)

શબ્દાર્થ :– આપણા શ્રીઆચાર્યજીના બંને ચરણારવિંદનો આશ્રય હંમેશા કરવો, તેનાથી શ્રમ વિના સર્વ ફલ થશે. ૧.

તદાર્તિપ્રાપ્તિરેતેષાં તદ્રૂપાચાર્યસેવનાત્ ।
તત્કૃપાતસ્તદુદિતંવચોવૃંદવિચારણાત્ ।।૧૭।।

નિવેદનાનુસંધાનાત્ સદા સત્સંગસંભવાત્ ।
અન્યથા ન ભવેદેવં સ્વકૃતાનંતસાધનૈઃ ।।૧૮।।

(૩૧।૧૭-૧૮)

શબ્દાર્થ :– પ્રથમ કહી તેવી આર્તિ (તાપ-વિપ્રયોગ) ની પ્રાપ્તિ વિપ્રયોગ અગ્નિરૂપ શ્રીઆચાર્યજીના સેવનથી, એમની કૃપાથી, એમના વચનામૃત (ગ્રંથો)ના સમૂહ (સંગતિ)ના વિચારથી. ૧૭.

નિવેદનના અનુસંધાનથી અને સદા સત્સંગ હોય ત્યારે થાય અન્યથા આપણા કરેલા અનંત સાધનો વડે ન થાય. ૧૮.

અથવાશ્રયમાત્રેણ નાશયિષ્યતિ મત્પ્રભુઃ ।
નિજાચાર્યાશ્રિતાનાં તુ દોષા વહ્નિસ્વરૂપતઃ ।।૬।।
સંબંધમાત્રતો ભસ્મીભવંતિ ક્ષણમાત્રતઃ ।

(૩૩।૬-૬।।)

શબ્દાર્થ :– આગળ કહ્યું કે ઈન્દ્રિયોની દુષ્ટતા સાધન કરી નિવૃત કરવી પરંતુ તેમ ન થઈ શકે તો આપણા સ્વામીનો આશ્રય દૃઢ કરવો, તે આશ્રયમાત્રથી આપણા સ્વામી સર્વ દોષનો નાશ કરશે, કેમકે આપણા શ્રીઆચાર્યજીના દૃઢ આશ્રયવાળાના દોષ તો અગ્નિસ્વરૂપથી સંબંધમાત્રથી ક્ષણમાત્રમાં ભસ્મ થઈ જાય છે. ૬।।.

માર્ગપ્રવર્ત્તકાચાર્યચરણેષુ નિરંતરમ્ ।
વિશ્વાસઃ સુદૃઢઃ કાર્યસ્તતઃ સર્વં ફલિષ્યતિ ।
વિશેષો ગોવર્દ્ધનદાસપત્રાજજ્ઞેયઃ કિમધિકમ્ ।।૧૯।।

(૩૮।૧૯)

શબ્દાર્થ :– આ પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રીઆચાર્યજીના ચરણકમલમાં અતિદૃઢ વિશ્વાસ રાખવો, તેનાથી બધું ફલરૂપ થશે. વિશેષ ગોવર્ધનદાસના પત્રથી જાણજો, વધારે શું લખીએ. ૧૯.

(ડ) શ્રીઆચાર્યજીની વાણી જ પુષ્ટિજીવનું હીત કરનારી છે.

અંગીકૃતિસમર્યાદૈઃ સર્વેઽપ્યંગીકૃતાઃ સ્વતઃ ।
અતસ્તદુકતમર્યાદાસ્થિતિર્હિ હિતકારિણી ।।૧૦।।

(૩૧।૧૦)

શબ્દાર્થ :– આપણા તો અંગીકારમાં મર્યાદાસહિત પુષ્ટિ શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીએ (કરી) છે, પુષ્ટિમાં મર્યાદાસહિત આપ દ્વારા બધા જ અંગીકૃત કર્યા છે, તેથી એમના વચનામૃત (ગ્રંથો)ની મર્યાદામાં સ્થિતિ છે, તે (આપણું) હિત કરનારી છે. ૧૦.

(૭) શ્રીઆચાર્યજીમાં તથા તેમની વાણીમાં નિષ્ઠાવાળા થઇને જ રહેવું

અતઃ સ્વાચાર્યમાત્રૈકશરણૈસ્તત્પરાશ્રિતૈઃ ।।૭।।
તદ્ગ્રંથાર્થાવબોધાર્થં વિહિતાતિપ્રયત્નકૈઃ ।
દુઃસંગવર્જિતૈઃ સંગસંપ્રાપ્ત્યાશાયુતૈરપિ ।।૮।।
સ્થેયં સેવાપરૈરન્યાશ્રયત્યાગવિચક્ષણૈઃ ।
કામલોભાદિદોષૈકપરિત્યાગેચ્છુભિઃ સદા ।।૯।।

(૩૩।૭-૯)

શબ્દાર્થ :– તેથી આપણા શ્રીઆચાર્યજીના જ આશ્રયવાળા, એમના પરાયણ ભગવદીયના આશ્રિત. ૭.

એમના ગ્રંથના અર્થ જાણવા માટે પ્રયત્ન કરવાવાળા, દુઃસંગથી રહિત, સત્સંગની પ્રાપ્તિની આશાવાળા.૮.

સેવામાં ચતુર, અન્યાશ્રયના ત્યાગમાં ચતુર, કામલોભાદિ મુખ્યદોષના ત્યાગની ઇચ્છાવાળા, એવા થઇને સદાય રહેવું. ૯.

(૮) શ્રીઆચાર્યજીનો આશ્રય કેવી રીતે સિદ્ધ થાય

પ્રમેયબલતો નાન્યત્સાધનં તત્ર ભાવ્યતામ્ ।
અતઃ સર્વૈઃ પ્રકર્તવ્યો નિજાચાર્યપદાશ્રયઃ ।।૨૪।।

શબ્દાર્થ :– આ ભાવમાં પ્રમેયબલ સિવાય બીજુ સાધન નથી એમ જાણવું તેથી બધાએ આપણા શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો આશ્રય અતિ આવશ્યક કર્તવ્ય છે. ૨૪.

તદભાવે ન વૈ ભાવિ ફલમેતન્ન સંશયઃ ।
અતએવાસ્મદીશૈસ્તુ ગ્રંથે શ્રીવલ્લભાષ્ટકે ।।૨૫।।
સ્વામિન્! શ્રીવલ્લભેત્યેતત્પદ્યેઽખિલમુદીરિતમ્ ।
તદાશ્રયોઃ ન વચનૈઃ કિંતુ તન્માર્ગનિષ્ઠયા ।।૨૬।।

શબ્દાર્થ :– માર્ગની રીતિ પ્રમાણેની સેવા (''ગૃહેસ્થિત્વા...'', ''તનુવિત્તજા...'', ''અસમર્પિતવસ્તુનાં...'' વિ.ના સિદ્ધાંતપૂર્વક) અને શ્રીઆચાર્યજીના ચરણકમલનો આશ્રય આ બે જો ન હોય તો ભાવરૂપ ફલ પ્રાપ્ત ન થાય આમાં કોઈ શંકા નથી, તેથી જ આપણા પ્રભુ શ્રીગુસાંઈજીએ તો વલ્લભાષ્ટકમાં ''સ્વામિન્ શ્રીવલ્લભાગ્રે'' આ શ્લોકમાં બધું જ નિરુપણ કરેલું છે, તેથી તેમનો આશ્રય માત્ર વાણીથી જ ન થાય, પરંતુ એમણે પ્રકટ કરેલા એવા પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા થાય ત્યારે આશ્રય સિદ્ધ થાય. ૨૫-૨૬.

માર્ગનિષ્ઠા ન સ્વબોધઃ કિંતુ તાદૃગ્ગુરુદિતૈઃ ।
ગુરુદિતાનિ વાક્યાનિ ન સ્વતો હ્યનુવાદતઃ ।।૨૭।।

શબ્દાર્થ :– માર્ગમાં નિષ્ઠા પોતાના જ્ઞાનવડે ન થાય પરંતુ એવા ગુરુના વચનામૃતથી થાય, અને એ વચનામૃત પોતાની (ગુરુની) બુદ્ધિથી કલ્પેલા ન હોય પરંતુ પુષ્ટિમાર્ગના સિધ્ધાન્તના અનુવાદરૂપ હોય. ૨૭.

અનુવાદો ન સ્વબુદ્ધ્યા કિંતુ મૂલક્રમાગતઃ ।
અથાપિતત્ર ચાપક્ષ્યો દ્રઢઃ સ્વાચાર્યસંશ્રયઃ ।।૨૮।।

શબ્દાર્થ :– અનુવાદ પોતાની બુદ્ધિથી ન કરવો પરંતુ મૂલક્રમથી પ્રાપ્ત અર્થ કરવો, આટલું કરવાં છતાં પણ તેમાં આપણા શ્રીઆચાર્યજીનો દઢ આશ્રય જોઈએ. ૨૮.

એતાદ્રશેન ગુરુણાઽવગત્ય નિખિલં જનઃ ।
આશ્રિત્ય ચ નિજાચાર્યાન્ સદાનંદં સદા ભજેત્ ।।૨૯।।

(૯।૨૪-૨૯)

શબ્દાર્થ :– ભક્તજનોએ આવા ગુરુ દ્વારા બધુ જાણીને આપણા શ્રીઆચાર્યજીનો આશ્રય કરીને સદાનંદરૂપ શ્રીકૃષ્ણનું હંમેશા ભજન કરવું. ૨૯.

તદાશ્રયસ્ય સિદ્ધિસ્તુ તદ્વાકયપરિનિષ્ઠયા ।
તન્નિષ્ઠા સતતં તાદ્રૃકતદીયજનસેવયા ।।૫।।

(૫।૫)

શબ્દાર્થ :- તાપાત્મક શ્રીઆચાર્યજીના ચરણાવિંદના આશ્રયની સિદ્ધિ તો, તેમના વાક્ય શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથોમાં શ્રદ્ધાથી થાય અને તેમના વચનામૃતમાં નિષ્ઠા તો, નિરંતર તાદશીયજનની સેવા (સેવન)થી થાય.૫.

(૯) શ્રીઆચાર્યજીના દૃઢ આશ્રયવાળાનું કર્તવ્ય.

આચાર્યશરણં તસ્ય ચિંતાકલેશોऽપિ નૈવ હિ ।
તસ્માચ્છ્રીવલ્લભાચાર્યચરણાબ્જદ્વયાશ્રિતૈ ।।૧૭।।
ન કાપિ ચિંતા કર્તવ્યા કૃષ્ણસેવાં વિના પુનઃ ।
નિવેદનાનુસંધાનચિંતામાત્રં વિધીયતામ્ ।।૧૮।।

(૩૬।૧૭-૧૮)

શબ્દાર્થ :- જેમને શ્રીઆચાર્યજીનું શરણ દૃઢ સિદ્ધ થયું છે, તેમને ચિંતાનો સ્પર્શ પણ નથી, તેથી શ્રીઆચાર્યજીના બંને ચરણારવિંદના જે આશ્રિત છે. તેમને શ્રીકૃષ્ણની સેવા વિના કોઈપણ ચિંતા ન કરવી, કેવલ નિવેદનના અનુસંધાનની માત્ર ચિંતા કરવી. ૧૭-૧૮.

(૧૦) પુષ્ટિમાર્ગમાં પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ શું છે

ભાવોऽત્ર સાધનં માર્ગે પ્રમેયં ભગવાન્ હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ(સેવાદિઃ)સ એવ ચ ફલં પુનઃ ।।૧।।

(૭।૬,૨૨।૧)

શબ્દાર્થ : આ પુષ્ટિમાર્ગમાં ભાવ છે તે સાધનરૂપ છે, પ્રમેય એ જ ભગવાન્ છે. પહેલાં કૃષ્ણની સેવા પ્રમાણરૂપ છે અને પછી એ જ ફલરૂપ છે અથવા શ્રીકૃષ્ણની સેવા વગેરે જે કાર્ય છે તે પ્રમાણ છે અને પછી એ જ ફલરૂપ છે.

(૧૧) પુષ્ટિમાર્ગમાં ફલરૂપ શું છે

એવંવિધં ફલં નિત્યં ચિંતયન્ ચેતસા સદા ।

કુર્યાદત્યાદરં કૃષ્ણસેવાયામેવ સર્વથા ।।૧૨।।

શબ્દાર્થ :- પૂર્વ કહ્યું તે પ્રમાણે ભગવત્સેવામાં નિત્ય (અવિનાશી) ફલનું ચિત્તથી નિરંતર વિચાર કરીને પ્રભુસેવામાં જ આગ્રહપૂર્વક અતિ આદર કરવો.૧૨.

ટીકા : ... અતિ આદરપૂર્વક ભગવત્સેવા કરવી. લૌકિકમાં દેખાડવા માટે પ્રતિષ્ઠા માટે સેવા ન કરવી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનો આ જ મુખ્ય ધર્મ છે. દાસભાવથી ફલ સર્વોપરી જાણી સેવા કરવી. અતિ આદરપૂર્વક સદા (નિત્ય-હંમેશા) સેવા કરવી. (એમ ન વિચારવું કે આજે સેવા ન કરી તો કાલે કરીશ) પરંતુ નિત્ય નિયમપૂર્વક પોતાના દેહને અનિત્ય જાણી દેહ ઈન્દ્રિયના સુખ બધા છોડીને ભગવત્સેવા કરવી, આ સર્વોપરિ સિદ્ધાન્ત છે.૧૨.

સાક્ષાત્પરોક્ષરુપત્વાત્સેવા પૂર્વવિલક્ષણા ।
યથા 'ગાયંત્ય' ઈત્યત્ર ભાવઃ શબલિતો મતઃ ।।૧૩।।

શબ્દાર્થ : સાક્ષાત્ પરોક્ષરૂપ છે તેથી સેવા પૂર્વથી વિલક્ષણ છે અથવા સંયોગ-વિપ્રયોગાત્મક જે સેવા છે તે અપૂર્વ વિલક્ષણ છે, જેમ વ્રજભક્તોને પ્રથમ સ્વરૂપાનંદનો અનુભવ થયો, પછી શ્રીઠાકોરજી અંતર્હિત થયા ''ગાયત્યં ઉચ્ચૈરમુવ...'' આ પંચાધ્યાયીના શ્લોકમાં નિરૂપણ કર્યું કે બધાએ મળીને શ્રીઠાકોરજીનું જ ગુણગાન કરતાં કરતાં બાવરાની જેમ એક વનથી બીજા વનમાં શોધવા લાગ્યા, પછી તદાત્મક બની એમની લીલાઓ કરવા લાગ્યા, તેમાં સંયોગ-વિપ્રયોગાત્મક ભાવ નિરૂપણ કર્યો છે એવો જ ભાવ રાખવો. ૧૩.

યદુત્તરં યથા ભાવઃ કેવલો વિરહાત્મકઃ ।
ફલં તથૈવ ચાત્રાપિ ફલતા કેવલસ્ય હિ ।।૧૪।।

શબ્દાર્થ : પૂર્વશ્લોકમાં જે ભાવ નિરૂપણ કર્યો તે ભાવ પ્રાપ્ત થયા પછી કેવલ વિરહાત્મક ભાવ થાય એવું જ પુષ્ટિમાર્ગમાં ફલ થાય, કેમકે કેવલ વિરહાત્મક ભાવ ફલરૂપ છે. ૧૪.

ટીકા : ઉપર કહ્યું તે પ્રકારથી ભગવત્સેવા ગુણગાન કરે તે સંયોગ-વિપ્રયોગ બંને ભાવ સહિત થઈને કરવા, તો તેના દ્વારા ઉત્તરદલ જે કેવલ વિરહાત્મક ભાવ તેનું પ્રભુ દાન કરે, તે ફલ પુષ્ટિમાર્ગમાં સર્વોપરિ છે, આના સિવાય બીજું કોઈ ફલ નથી.

ફલાશાયં ફલં કૃષ્ણવદનં હૃદિ ચિંત્યતામ્ ।
ફલં કૃષ્ણઃ સદાનંદો ભકતભાવાત્મકતઃ ।।૧૫।।

(૧।૧૨-૧૫)

શબ્દાર્થ : કદાચિત ફલની આશા થાય તો શ્રીઠાકોરજીનું મુખારવિંદ ફલસ્વરૂપ છે એવો વિચાર હૃદયમાં કરવો. (વિરહાત્મક ભાવ સિધ્ધ ન થાય ત્યાં સુધી) કેમકે સદા આનંદરૂપ શ્રીકૃષ્ણ ભકતોના ભાવાત્મક છે તેથી ફલરૂપ છે. ૧૫.

ટીકા : .... અને સેવા-ગુણગાન કરે તેમાં કોઇ લૌકિક-વૈદિક ફલની આશા તથા પોતાના ઉધ્ધારની આશા રાખે તેને પુષ્ટિમાર્ગીય ફલ ન થાય.... તેથી ભગવત્સેવામાં સાક્ષાત્ મુખારવિંદના દર્શન વારંવાર કરવા, આ જ સર્વોપરિ ફલ હૃદયમાં જાણવું.

વિરહેણ હરિસ્ફૂર્ત્યા સર્વત્ર કલેશભાવનાત્ ।।૪।।
લીલાતિરિક્તસૃષ્ટૌ હિ નિરાનંદત્વનિશ્ચયાત્ ।
યથા કથંચિદ્વિસ્મૃત્ય પ્રપંચં હૃદયે ન્યસેત્ ।।૫।।

(૧૮।૪-૫)

શબ્દાર્થ : જે જ્ઞાનવાળા (માહાત્મ્યજ્ઞાનવાળા) છે તેમને લીલા વ્યતિરિક્ત પદાર્થમાં આનંદરહિત નિશ્ચય થવાથી સર્વત્ર કલેશની ભાવના થાય, તેનાથી હરિની સ્ફૂર્તિ થાય તેથી જ કોઇપણ રીતે પ્રપંચના વિસ્મરણ વડે શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરવા. ૪.૫.

આર્તિઃ ફલં સાધનં ચ વ્રજાધિપતિસંગમે ।
અતઃ સદા તદાર્ત્યૈવ સ્થીયતાં તત્કૃપાયુતૈઃ ।।૩।।

(૮।૩)

શબ્દાર્થ : વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણના સમાગમ (પ્રાપ્તિ)માં આર્તિ છે તે જ સાધન અને તે જ ફલ છે, તેથી પ્રભુના કૃપાયુકત થઇ વૈષ્ણવોએ રહેવું.૩.

સેવૈવ સાધનં સેવા ફલમૈહિકમત્ર સા ।
સેવા લૌકિકદેહેન સંભવેત્ પારસલૌકિકમ્ ।।૭।। (૪૧।૭)

શબ્દાર્થ : સેવા જ સાધન છે અને અહીં સેવા થાય તે ઐહિક ફલ છે

એ જ સેવા અલૌકિક દેહ વડે થાય તે પારલૌકિક ફલ છે.૭.

અસ્તુ વસ્તુશતં લોકે વેદે ચ પરિકીર્તિત્તમ્ ।
ફલત્વેન નિજાચાર્યચરણાબ્જદ્વયં મમ ।।૫।।

(૨૫।૫)

શબ્દાર્થ : લોકમાં તથા વેદમાં કહેલી એવી શતવસ્તુ હોય, પરંતુ મને ફલત્ત્વરૂપમાં આપણા શ્રીઆચાર્યજીના બંને ચરણકમલ છે. ૫.

(૧૨) શ્રીકૃષ્ણનું શરણ જ ફલરૂપ છે.

અસાધનઃ સાધનવાનસાધુઃ સાધુરેવ વા ।
શરણાદેવ નિખિલં ફલં પ્રાપ્નોત્યસંશયમ્ ।।૧૭।।
ભક્તિમાર્ગે સાધનં ચ ફલં શરણમેવ હિ ।
સર્વધર્મપરિત્યાગઃ સ્વતંત્ર ચેત્ફલં હિ તત્ ।।૧૮।।

(૪।૧૭-૧૮)

શબ્દાર્થ : સાધનરહિત અથવા સાધન કરવાવાળા અસાધુ અથવા સાધુ પણ શરણે જવાથી સંશય રહિત સમગ્ર ફલને પ્રાપ્ત કરે છે.૧૭.

ભક્તિમાર્ગમાં સાધન અને ફલ શરણ જ છે તેથી સર્વધર્મ પરિત્યાગ (અનન્ય ભક્તિ) થાય તો આ સ્વતન્ત્ર ફલરૂપ શરણ સિદ્ધ થાય છે.૧૮.

નિરપેક્ષાઃ કૃષ્ણજના નિજાચાર્યપદાશ્રિતાઃ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞા દુર્લભા એવ ભૂતલે ।।૨૩।।

અતઃ શરણમાત્રં હિ કર્તવ્યમખિલં તતઃ ।
યદુક્તં તાતચરણૈરિતિ વાક્યાદ્ભવિષ્યતિ ।।૨૪।।

(૩૧।૨૩-૨૪)

શબ્દાર્થ : નિરપેક્ષ, આપણા શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયવાળા અને શ્રીભાગવતના તત્ત્વને જાણવાવાળા એવા જન ભૂતલ ઉપર દુર્લભ જ છે.

તેથી શરણમાત્ર જ કર્તવ્ય છે, તેથી (શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિમાં કહે છે કે

તાતચરણ શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે શ્રીકૃષ્ણ મારા આશ્રયસ્થાન છે (શ્રીકૃષ્ણઃ શરણં મમ) તેનાથી અમે નિશ્ચિંત છીએ) આ વાકયથી સર્વ થશે.૨૪.

(૧૩) શરણ કેવી રીતે સિદ્ધ થાય

પરોક્ષે શરણં તાદ્દઙ્મહાપુરુષયોગતઃ ।
કૃપા ચેત્તાદશાનાં હિ તદા તદ્દ્વારકં ભવેત્ ।।૧૯।।

શબ્દાર્થ :- ભગવાન્‌ની અનવતાર દશામાં તેવા મહાપુરુષ (શ્રીમહાપ્રભુજી) ના યોગથી શરણ થાય છે અને જ્યારે તાદશીયની કૃપા થાય ત્યારે તાદશીય દ્વારા થાય.૧૯.

તેષામપિ તુ પારોક્ષ્યે તદુક્તૈર્વચનૈઃ સ્વતઃ ।
તત્પ્રકાશિતમાર્ગૈકસ્થિતૌ ભવતિ સર્વથા ।।૨૦।।

(૪।૧૯-૨૦)

શબ્દાર્થ :- આવા મહાપુરુષ (શ્રીમહાપ્રભુજી)ની પણ પરોક્ષમાં એમણે કહેલા વચનો વડે સ્વતઃ એમણે પ્રકટ કરેલા માર્ગમાં જ મુખ્ય સ્થિતિ થાય ત્યારે દરેક પ્રકારથી શરણ સિદ્ધ થાય. ૨૦.

તદર્થં શ્રીમદાચાર્યચરણાંબુરુહાશ્રયઃ ।
સદા વિધેયસ્તેનૈવ સકલં સિદ્ધિમેષ્યતિ ।।૨૨।।

(૪।૨૨)

શબ્દાર્થ :- તેના માટે શ્રીમદાચાર્યજીના ચરણારવિંદનો આશ્રય હંમેશા કર્તવ્ય છે, તેનાથી જ સર્વ સિદ્ધિ ને પ્રાપ્ત થવાશે. ૨૨.

(૧૪) શ્રીકૃષ્ણના લીલા ભેદે સ્વરૂપમાં ભેદ

પરમાનંદદાનં તુ સ્વરુપેણોતિ નિશ્ચયઃ ।
વ્રજસ્થ એવ સતતં પુરસ્થો વા કૃપાપરઃ ।।૧૦।।
તત્રાપિ રૂપભેદેન ક્રીડતિ સ્મ તથા રસઃ ।
ધર્મિમાત્રં સ્વમર્યાદારહિતં કેવલં વ્રજે ।।૧૧।।

સર્વધર્મ વિશિષ્ટં તુ સમર્યાદં પુરે મતમ્ ।
ઉચ્છૃંખલા તુ યા લીલા કેવલેન વ્રજે કૃતા ।।૧૨।।

પરમાનંદરૂપ સા બાલલીલાદિભેદતઃ ।
સર્વત્ર રસલીલાત્વં ગૂઢભાવેન વર્ણિતમ્ ।।૧૩।।
કામરુપતયા કૃષ્ણે વયો ન હિ નિયામકમ્ ।
એતાદૃશે મૂલરુપે મૂલલીલાસમન્વિતે ।।૧૪।।
ચિત્તં નિરંતરં સ્થાપ્યં સૈવ સેવા સ્વમાર્ગગા ।
તત્સિદ્ધ્યર્થં શરીરેણ વિત્તેનાઽપિ વિધીયતામ્ ।।૧૫।।
(૩૮।૧૦-૧૫)

શબ્દાર્થ :- વ્રજમાં બિરાજે છે તે નિરંતર પરમાનંદનું દાન કરે છે અને મથુરાજીમાં બિરાજે છે તે કૃપાયુકત થાય ત્યારે ફલસ્વરૂપ વડે પરમાનંદનું દાન કરે છે આ નિશ્ચય છે. ૧૦.

તેમાં પણ રસરૂપ પ્રભુ રૂપભેદ વડે ક્રિડા કરે છે, પોતાની મર્યાદારહિત કેવળ ધર્મીમાત્રરૂપ વ્રજનું છે. ૧૧.

સર્વધર્મયુકત મર્યાદાસહિત સ્વરૂપ તો મથુરા તથા દ્વારિકા માં માનેલું છે અને ઉચ્છૃંખલ (મર્યાદારહિત) લીલા છે તે કેવળ (રસાત્મક) સ્વરૂપ વડે વ્રજમાં કરી છે. ૧૨.

તેથી બાલલીલાવગેરેના ભેદથી પરમ આનંદરૂપ છે, સર્વત્ર ગૂઢભાવ વડે રસલીલાપણું વર્ણન કરેલું છે. ૧૩.

શ્રીકૃષ્ણમાં કામરૂપપણાથી અવસ્થા નિયામક નથી. એવા મૂલલીલાયુકત મૂલરૂપમાં જ ચિત્ત નિરંતર સ્થાપન કરવું, એજ આપણા માર્ગની સેવા છે તેની (માનસીની) સિદ્ધિને માટે શરીરથી અને ધનથી પણ (સેવા) કરવી. ૧૪-૧૫.

(૧૫) કેવા શ્રીકૃષ્ણનું હૃદયમાં સ્થાપન કરવું

કૃષ્ણં ગૂઢં સદાનંદં તથા લીલાયુક્તં સદા ।
રસં સ્વાસમનામાનં ભકતભાવાત્મકં પુનઃ ।।૬।।

શબ્દાર્થ : ગૂઢ, સદા આનંદરૂપ, તથા લીલાયુક્ત, સદા રસરૂપ, આપનું નામ જે સચ્ચિદાનંદાત્મક (કૃષ્ણ) છે તે પ્રમાણેના નામવાળા (બ્રહ્મરૂપ) અને પાછા ભક્તોના ભાવાત્મક એવા કૃષ્ણને હૃદયમાં સ્થાપન કરવા. ૬.

યશોદોત્સંગલલિતં મુગ્ધભાવસમાવૃત્તમ્ ।
પ્રપંચવૈરિણ બાધહેતુલૌકિકનાશનમ્ ।।૭।।

શબ્દાર્થ : શ્રીયશોદાજીના ખોળામાં શોભતાં, મુગ્ધભાવથી અતિસુંદર, પ્રપંચના વેરી અને સેવામાં બાધકએવા લૌકિક હેતુઓનો નાશ કરનારા (શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરવા). ૭.

ટીકા : .... જે જે ભક્તોએ પ્રભુનો આશ્રય કર્યો તે બધાના પ્રપંચનો નાશ થયો, કેમકે પ્રપંચમાં આસક્તિ બાધક છે, તેથી લૌકિક કામ, ક્રોધ, મદ, મત્સર, અહંતા, મમતા માયાકૃત લૌકિક આ બધાનો (શ્રીકૃષ્ણ) નાશ કરનારા છે અને પોતાનામાં આસક્તિવાળા ભક્તોનું લૌકિક સઘળું દૂર કરે છે.

સ્વપ્રવેશાય કામાદિસર્વદોષનિવારકમ્ ।
સ્વાર્થત્યકતાખિલસ્વીયપરમાર્તિમહોત્સવમ્ ।।૮।।

શબ્દાર્થ : પોતાના પ્રવેશ કરવા માટે કામ વગેરે સર્વ દોષોને નિવૃત્ત કરનારા (ભક્તોના) અને પોતાના માટે (લીલામાટે) વ્યક્ત કર્યા છે અખિલ (લૌકિક-વૈદિક) જેમણે આવા સ્વીય-ભગવદીયોની વિપ્રયોગની આર્તિ દ્વારા જેમનો મોટો ઉત્સવ છે, (આવા શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરવા).૮.

શ્રીમદાચાર્યહૃદયશેષપર્યંકશાયિનમ્ ।
અનંતભાવરુપાત્મગોપીરમણતત્પરમ્ ।।૯।।

શબ્દાર્થ : શ્રીમદાચાર્યજીના હૃદયરૂપ શેષશય્યામાં પોઢવાવાળા અને અનંત ભાવરૂપ છે સ્વરૂપ જેમનું એવા વ્રજભક્તોની સાથે રમણ કરવામાં તત્પર (શ્રીકૃષ્ણને હૃદયમાં સ્થાપન કરવા). ૯.

મધુપાલિજવોદ્યુક્તરોમાવલિસુવિરાજિતમ્ ।
પ્રસન્નવદનાંભોજં કરુણારસવદ્દૃશમ્ ।।૧૦।।
બર્હિપિચ્છશિરોભૂષં શૃંગારરસરુપિણમ્ ।
એવંવિધાનંતગુણં વિધાય હૃદયે સદા ।।૧૧।।

(૧૮।૬-૧૧)

શબ્દાર્થ : ભ્રમરપંક્તિના વેગયુક્ત રોમપંક્તિ વડે વિશેષ શોભિત અને પ્રસન્ન છે મુખારવિંદ જેમનું એવા અને કરૂણારસવાળી છે દૃષ્ટિ જેમની. મયૂરપિચ્છનો મુકુટ છે જેમનો, આવા શૃંગારરસરૂપ એવા અનંતગુણવાળા શ્રીકૃષ્ણને સદા હૃદયમાં સ્થાપન કરવા. ૧૦.૧૧.

(૧૬) શ્રીકૃષ્ણના સ્વરૂપમાં કેવી બુદ્ધિ રાખવી

કૃષ્ણે રસાત્મકે નિત્યં ગોપિકામંડલસ્થિતે ।
યમુનાપુલિનાંતસ્થવૃંદાવનવિરાજિતે ।।૧।।
નિત્યગાનરસાવિષ્ટે વિશિષ્ટેઽક્ષરતઃ ક્ષરાત્ ।
ભાવૈકગમ્યે સર્વત્ર પ્રસિદ્ધં પુરુષોત્તમે ।।૨।।
યસ્યાવતારઃ પુરુષ આદ્યો બ્રહ્માંડવિગ્રહઃ ।
તસ્યાંશા એવ યે ભૂમૌ મત્સ્યાદ્યા ઈતિ બુધ્યતામ્ ।।૩।।

(૩૮।૧-૩)

શબ્દાર્થ :- શ્રીકૃષ્ણ કેવા છે! રસાત્મક, નિત્ય ગોપિકાઓના મંડલમાં બિરાજિત, શ્રીયમુનાજીના પુલિનની સમીપમાં શ્રીવૃંદાવનમાં બિરાજતા, નિત્ય ગાનરસમાં આવિષ્ટ, ક્ષર અને અક્ષરથી શ્રેષ્ઠ, (ભક્તોને) ભાવગમ્ય, સર્વત્ર પ્રસિદ્ધ, પુરુષોત્તમ સ્વરૂપ છે. જેમનો આદ્ય અવતાર બ્રહ્માંડસ્વરૂપ પુરુષ છે (જેને વિરાટપુરુષ કહે છે) ભૂમિ ઉપર મત્સ્યવગેરે અવતાર છે તે તેવા પુરૂષના જ અંશ છે એમ ઉપર બંને શ્લોકમાં નિરૂપણ કર્યું એવા શ્રીકૃષ્ણમાં બુદ્ધિ રાખવી. ૧-૨-૩.

(૧૭) બુદ્ધિની સર્વરીતે રક્ષા કરવી

બુદ્ધિનાશકકાલોઽયં સર્વેષાં સમુપાગતઃ ।
અતો હિ સર્વથાઃ ગોપ્યં બુદ્ધિરત્નં સુબુદ્ધિભિઃ ।।૧।।

શબ્દાર્થ :- સર્વની બુદ્ધિનો નાશ કરનાર આ કાલ આવ્યો છે તેથી બુદ્ધિવાળાઓએ પોતાના બુદ્ધિરૂપ રત્નને દરેક પ્રકારથી છુપાવી રાખવું. (શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના વિચાર દ્વારા તેનું રક્ષણ કરવું).

સત્સંગકૃષ્ણસ્મરણશરણાગતિસાધનૈઃ ।
તદભાવે કૃતિઃ સર્વા યતો વૈયર્થ્યમેતિ હિ ।।૨।।

શબ્દાર્થ :- સત્સંગ, શ્રીકૃષ્ણનું સ્મરણ અને શરણાગતિરૂપ સાધન વડે બુદ્ધિની રક્ષા કરવી, જો એમ કરવામાં ન આવે તો બધી જ ક્રિયા વ્યર્થ જશે.

અતઃ એવોક્તમાચાર્યૈઃ સ્વકીયકરૂણાત્મભિઃ ।
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।।૩।।

શબ્દાર્થ : તેથી જ સ્વકીયજનો ઉપર દયાળુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણના ચરણકમલ પ્રસન્ન થાવ. ૩

ઉપકારોઽપિ ગાયત્ર્યા ધ્યાનહેતુરયં મતઃ ।
ગીતાયાં હરિણાઽપ્યુક્તમર્જુનં પ્રતિ મોદતઃ ।।૪।।
'દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાંતિ તે' ।
બુદ્ધિસ્થૈર્યં હૃદિસ્થૈર્યં હરેરિતિ ન સંશયઃ ।।૫।।

શબ્દાર્થ : બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણના પાદપદ્મની પ્રસન્નતાની પ્રાર્થનારૂપ આ ઉપકાર પણ ગાયત્રીના ધ્યાનના કારણરૂપ છે, ગીતાજીમાં શ્રીકૃષ્ણએ અર્જુન પ્રત્યે આનંદથી કહ્યું છે કે 'આ બુદ્ધિયોગ હું આપું છું જેના વડે મને પ્રાપ્ત થવાય છે'(ભ.ગી.૧૦।૧૦) બુદ્ધિની સ્થિરતા હોય ત્યારે હૃદયમાં હરિની સ્થિરતા થાય એમાં સંશય નથી. ૪-૫.

તન્નાશ એવ ગીતાયાં સર્વનાશો નિરૂપિતઃ ।
અતો બુદ્ધિઃ સુસંરક્ષ્યા ભાવભાવનકારણમ્ ।।૬।।

શબ્દાર્થ :- બુદ્ધિનો નાશ થાય તો સર્વનાશ થાય તેમ ગીતાજીમાં (ભ.ગી.૨।૬૩) નિરૂપણ કર્યું છે, તેથી સર્વભાવની ઉત્પત્તિના કારણરૂપ બુદ્ધિની સારી રીતે રક્ષા કરવી.૬.

પ્રસાદભક્ષણૈર્નિત્યં સેવનાકરણૈરપિ ।
તત્સંગેન સદા કૃષ્ણકથાશ્રવણકીર્તનૈઃ ।।૭।।

(૨૯।૧-૭)

શબ્દાર્થ :- મહાપ્રસાદના ભક્ષણ વડે, નિત્ય ભગવત્સેવા દ્વારા, સત્સંગ અને હંમેશા શ્રીકૃષ્ણની કથાના શ્રવણ કીર્તન વડે, બુદ્ધિની રક્ષા કરવી. ૭.

(૧૮) કેવા પ્રભુના સ્વરૂપનું સતત સ્મરણ કરવું.

યદંગીકૃતજીવાનાં ન દુઃખં લેશતોઽપિ હિ ।
સદાનંદઃ સદાનંદતત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૧॥
યો નિજાનતિસંતપ્તાન્સ્વકૃતે વીક્ષ્ય વિસ્મિતઃ ।
પ્રાદુર્ભવત્યચિરતસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૨॥
યઃ સ્વતઃ સેવકાનાં હિ પરાશ્રયનિવારકઃ ।
કૃપાસરિત્પતિઃ કૃષ્ણસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૩॥

હૃદયસ્થઃ સમસ્તાનાં ધુનોતિ વિષયાદરમ્ ।
દયાદામોદરઃ શ્રીમાંસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૪॥
યઃ પ્રાણપ્રેષ્ઠગોપીનાં સંગં ગોપયતિ સ્વતઃ ।
નિલાયનાદિલીલાભિસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૫॥
ય ઉદ્ધવેન ભક્તેન સ્વસ્વરૂપમબોધયત્ ।
ગોપિકાનાં હૃદંતસ્થસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૬॥
યઃ સ્વમાહાત્મ્યબોધાય પ્રાદુર્ભાવિતવાન્સ્વયમ્ ।
પ્રભુઃ શ્રીવલ્લભાચાર્યાસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૭॥
યસ્ય સ્મરણમાત્રેણ સકલાર્તિવિનાશનમ્ ।
તત્ક્ષણાદેવ ભવતિ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૮॥

(૧૫।૧-૮)

શબ્દાર્થ :- જેમને પ્રભુએ અંગીકૃત કર્યા છે એવા જીવોને રંચક પણ દુઃખ નથી, સદાનંદ એવા પ્રભુ તે સદા આનંદરૂપ છે તેમનું સ્મરણ સદા કરવું. ૧.

જે પ્રભુ પોતાના માટે અતિ (વિપ્રયોગાગ્નિથી) તપ્ત પોતાના ભક્તોને જોઈને વિસ્મિત થઈ શીઘ્ર (આચાર્ય રૂપે) પ્રકટ થાય છે તેમની સ્મૃતિ સદા કરવી ૨.

જે પોતે જ પોતાના સેવકોનો અન્યાશ્રય નિવારણ કરવાવાળા શ્રીકૃષ્ણ દયાના સાગર છે, સદા તેમની સ્મૃતિ કરવી. ૩.

સઘળા ભક્તોના હૃદયમાં રહેલા એવા, દયા કરીને દામોદર થયા એવા, શ્રીમાન્ વિષયોમાં (ભક્તોનો) આદર મિટાવે એવા છે, તેમની સ્મૃતિ સદા કરવી.૪.

જે પ્રભુ પ્રાણપ્રિય ગોપીજન ગોપાંતર સ્થિત થઈ, તેમના સંગમને

નિલાયનાદિ (છૂપાઈ છૂપાઈને ખેલવારૂપ) ક્રીડાવડે પોતાના દ્વારા ગોપ્ય કરે છે તેમની સ્મૃતિ સદા કરવી.૫.

જે પ્રભુ પોતાના ભકત ઉદ્ધવને સ્વરૂપનો બોધ કરીને અને ગોપિકાના હૃદયની ભીતર રહે છે અથવા ગોપિકાના હૃદયમાં રહેલા એવા સ્વરૂપનો ઉદ્ધવજી દ્વારા ગોપીજનને જેમણે બોધ કર્યો, તેમની સ્મૃતિ સદા કરવી. ૬.

જે પ્રભુ (પોતાના ભક્તોને) પોતાનું માહાત્મ્ય જતાવવા માટે આપ શ્રીવલ્લભાચાર્યજીને પ્રકટ કર્યા તેમની સ્મૃતિ સદા કરવી. ૭.

જેમના સ્મરણમાત્રથી જ બધાની સર્વ આર્તિનો નાશ તત્ક્ષણે જ થાય છે તેમની સ્મૃતિ સદા કર્તવ્ય છે. ૮.

(૧૯) હરિનું વિસ્મરણ કરાવનારા બાધક તત્ત્વો.

ધનં ગૃહં ગૃહાસક્તિઃ પ્રતિષ્ઠા લોકવેદયોઃ ।
કર્માદિનિષ્ઠા મનસઃ સ્વર્ગાદિફલકાંક્ષણમ્ ।।૨।।
લૌકિકે પરમા પ્રીતિવિરુદ્ધવિષયેષણા ।
અવિરુદ્ધે તથાસક્તિર્વિષયૈર્ભોગભોજનમ્ ।।૩।।
દેહાભિમાનઃ કુલજોવિદ્યાદિવિહિતોડપિચ ।
ભગવત્સેવનાભાવસહિતં દેહપોષણમ્ ।।૪।।
અસત્સંગૈઃ સદા દુષ્ટઃ કૃષ્ણાનુચ્છિષ્ટભક્ષણમ્ ।
નિવેદનાનુસંધાનત્યાગઃ શરણવિસ્મૃતિઃ ।।૫।।
દેવાંતરાશ્રયસ્તેભ્યઃ પ્રાર્થનાડપિ ફલાર્થિતઃ ।
ભગવચ્ચિત્તરહિતા વ્યાવૃત્તિરપિ લૌકિકી ।।૬।।
ગુરુદ્રોહસ્તદીયેભ્યઃ સ્વસ્યાધિક્યવિભાવનમ્ ।
અત્યંતદેહસામર્થ્યમિંદ્રિયાણાં ચ પોષણમ્ ।।૭।।
ગૃહેષ્વભિરતિર્ભાર્યાપુત્રાદિષુ મનોગતિઃ ।
કૃષ્ણાનુભાવરહિતદેશે સતત સંસ્થિતિઃ ।।૮।।
હર્ષશોકો લોકલાભતદભાવકૃતૌ તથા ।
સ્વાતંત્ર્યભાવનં સ્વસ્ય જીવસ્વાભાવિકો હઠઃ ।।૯।।
અધિકાર પાપરતિઃ પક્ષપાતો દુરાત્મનામ્ ।
હૃદયક્રૂરતા દીનજનોપેક્ષાડક્ષમા પુનઃ ।।૧૦।।

એતે ચાન્યે બોદ્ધવ્યા દોષા વિસ્મારકા હરેઃ ।
સાવધાનીભૂય દાસૈઃ કૃષ્ણસ્ય સ્થેયમાદરાત્ ॥૧૧॥

(૨૭૨-૧૧)

શબ્દાર્થ : ધન, ગૃહ, ગૃહમાં આસક્તિ, લોક-વેદમાં પ્રતિષ્ઠા, કર્મ વગેરેમાં મનની નિષ્ઠા, અને સ્વર્ગ વગેરેના ફલની ઈચ્છા. ૨.

લૌકિકમાં અતિશય પ્રીતિ, (ભક્તિથી) વિરુદ્ધ વિષયોની ઈચ્છા, (લૌકિકથી) અવિરૂદ્ધમાં આસક્તિ, વિષયહેતુ સુંદર ભોજન. ૩.

દેહનું અભિમાન, કુળનું અભિમાન, વિદ્યા વગેરેથી થતું અભિમાન, ભગવાન્‌ની સેવાના અભાવ સહિત દેહનું પોષણ. ૪.

અસત્પુરૂષોના સંગ વડે સદા દુષ્ટ રહેવું, શ્રીકૃષ્ણને ભોગ ધર્યા વિના અન્નનું ભક્ષણ, નિવેદનમંત્રના અનુસંધાનનો ત્યાગ, શરણની વિસ્મૃતિ. ૫.

બીજા દેવોનો આશ્રય, ફલની ઈચ્છાથી એમની પાસે પ્રાર્થના કરવી, ભગવાન્‌માં ચિત્ત રહિત (એવી) લૌકિક વ્યાવૃત્તિ. ૬.

ગુરૂ (શ્રીમહાપ્રભુજી)નો દ્રોહ, પુષ્ટિમાર્ગીય ભગવદીયોથી પોતાની અધિકતાની ભાવના, વધુ પડતુ દેહનું સામર્થ્ય, ઈન્દ્રિયોનું પોષણ. ૭.

ઘર વગેરેમાં પ્રીતિ, સ્ત્રીપુત્રવગેરેમાં મન લાગ્યું રહે અને શ્રીકૃષ્ણની કથા-સેવા-કીર્તન વગેરેથી રહિત દેશમાં નિરંતર સ્થિતિ. ૮.

લોકમાં લાભ અને હાનીની કૃતિમાં હર્ષ શોક થવો તથા પોતાના સ્વતંત્ર હોવાની ભાવના અને જીવનો સ્વાભાવિક હઠ. ૯.

અધિકાર, પાપમાં પ્રીતિ, દુષ્ટ પુરુષોનો પક્ષપાત, હૃદયમાં ક્રૂરતા, દીનજનની ઉપેક્ષા, અક્ષમા. ૧૦.

આ ઉપર કહેલા (ચાલીસ દોષો) સિવાય બીજા દોષો છે તે બધા હરિનું વિસ્મરણ કરાવનારા છે તેથી શ્રીકૃષ્ણના દાસોને આદરપૂર્વક સાવધાન થઈને રહેવું. ૧૧.

(૨૦) કેવા હૃદયમાં પ્રભુ સ્થાપન કરે છે.

દીને શુદ્ધે નિષ્પ્રપંચે લીલાચિંતનતત્પરે ।
સ્વાચાર્યશરણે નિત્યં સર્વકામવિવર્જિતે ॥૬॥

વૃજસ્રીચરણાંભોજરેણુપ્રાપ્ત્યભિલાષુકે ।
ગુણગાનપરે કૃષ્ણનામાર્થપરિભાવુકે ।।૭।।
અનન્યેડનન્યસેવૈકનિષ્ઠાતત્પરતાં ગતે ।
ભગવદ્ધર્મનિરતે વિરકતે ગુણસંગિનિ ।।૮।।
કૃષ્ણાર્તિભાવસંયુકતે સરસેડન્યરસાતિગે ।
અચંચલે કૃષ્ણલીલાચંચલે દર્શનાકુલે ।।૯।।
મનોરથશતાક્રાંતે સર્વૌદાર્સાન્યસંયુતે ।
એતાદૃશે તુ હૃદયે હરિરાવિશતે ક્ષણાત્ ।।૧૦।।

(૩૨।૬-૧૦)

શબ્દાર્થ : દીન, શુદ્ધ, પ્રપંચરહિત, શ્રીકૃષ્ણની લીલાના ચિંતનમાં તત્પર, શ્રીઆચાર્યજીના દૃઢ આશ્રયયુકત અને નિત્ય સર્વકામથી વર્જિત. વૃજભકતોના ચરણારવિંદની રજની પ્રાપ્તિની ઈચ્છાવાળા, ગુણગાનમાં તત્પર, (શ્રીકૃષ્ણ) આ નામનો અર્થ (ફલાત્મક) છે તેવા યથાર્થ ભાવયુકત. અનન્યભાવયુકત, અનન્ય ભકતની સેવાની મુખ્ય નિષ્ઠામાં તત્પરતા પ્રાપ્ત કરેલા, ભગવદ્ધર્મમાં પ્રીતિયુકત, વિરકત અને ભગવદ્‌ગુણના સંગયુકત. શ્રીકૃષ્ણની આર્તિ તથા ભાવ વડે યુકત, ભક્તિના રસસહિત, અન્ય ધર્મના રસને ઉલ્લંઘિત, ભગવદ્‌ધર્મમાં સ્થિર, શ્રીકૃષ્ણની લીલા વડે ચંચલ (વિકલ જેવા) અને શ્રીકૃષ્ણના દર્શનમાં આકુલ, શ્રીકૃષ્ણની સેવામાં અનેક મનોરથયુકત અને લૌકિક-વૈદિકમાં ઔદાસીન્યયુકત આવા હૃદયમાં તો પ્રભુ ક્ષણમાં પધારે. ૬-૧૦.

(૨૧) કેવા હૃદયમાં પ્રભુ પધારતા-સ્થાપન કરતા નથી

કામાવિષ્ટે ક્રોધયુતે સંસારાસકિતસંયુતે ।
લોભાભિભૂતે સતતં ધનાર્જ્જનપરાયણે ।।૧।।
દયાવિરહિતે રુક્ષે નિત્યં સંતોષવર્જિતે ।
શોકાકુલે ભયાક્રાંતે વિષયધ્યાનતત્પરે ।।૨।।
અહંકારયુતે ક્રૂરે દુષ્ટક્ષૈકપોષકે ।
જ્ઞાનમાર્ગસ્થિતે સર્વસામ્યચિંતનભાવિતે ।।૩।।

લૌકિકે સન્મુખે કૃષ્ણજનવૈમુખ્યસંયુતે ।
કૃષ્ણલીલાદોષદૃષ્ટૌ તથા કર્મજડેડપિ ચ ।।૪।।
આચાર્યવિમુખે નિત્યમસદ્વાદવિભૂષિતે ।
એતાદૃશે તુ હૃદય હરિર્નાવિશતે ક્વચિત્ ।।૫।।

(૩૨।૧-૫)

શબ્દાર્થ : કામનાઓથી ઘેરાયેલા, ક્રોધયુક્ત, સંસારમાં આસક્તિ સંયુકત, લોભ વડે વ્યાપેલા, સતત ધન એકઠું કરવામાં તત્પર. દયાથી રહિત, સ્નેહ રહિત, નિત્ય સંતોષ જેમાં નથી, શોકથી આકુલ, ભયથી આક્રાંત અને વિષયોના ધ્યાનમાં તત્પર. અહંકારયુક્ત, ક્રૂર, દુષ્ટના પક્ષમાં જ મુખ્ય પોષણ કરનાર, જ્ઞાનમાર્ગમાં રહેનાર, અને બધા દેવતાઓની સમાન પ્રભુને જાણી એવું ચિંતન કરે. લૌકિકમાં સન્મુખ, ભક્તોથી વિમુખતાયુક્ત, શ્રીકૃષ્ણલીલામાં દોષદૃષ્ટિ કરનાર, કર્મમાં જડની જેમ આસકત હોય તેવા. શ્રીઆચાર્યજીથી વિમુખ અને નિત્ય ખોટા વાદોથી ભૂષિત આવા હૃદયમાં કયારેય પણ હરિ પ્રવેશ કરતા નથી. ૧-૫.

(૨૨) ગૃહ વગેરેની વિસ્મૃતિ કેવી રીતે થાય

સ્મર્ત્તવ્યઃ સર્વદા કૃષ્ણો વિસ્મર્ત્તવ્યં જગત્ પુનઃ ।
પ્રપંચસ્મરણે કૃષ્ણસ્મૃતિર્નૈવ ભવેદિતિ ।।૧।।
પ્રયતેત તતો જીવસ્તદભાવાય સર્વથા ।
કૃષ્ણાર્થતાભાવનેન ગૃહાદેર્વિસ્મૃતિર્ભવેત્ ।।૨।।
અથવા બાધકત્વેન ત્યાગભાવનયા પુનઃ ।
અખંડાદ્વૈતભાવેન કામાદ્યાવેશતો હરૌ ।।૩।।
પ્રાપંચિકપદાર્થેષુ લીલાસૃષ્ટિત્વભાવનાત્ ।

(૩૦।૧-૩।।)

શબ્દાર્થ : સર્વદા શ્રીકૃષ્ણ સ્મરણ કરવા યોગ્ય છે અને જગત્ વિસ્મરણ કરવા યોગ્ય. પ્રપંચનું સ્મરણ થાય ત્યાં સુધી શ્રીકૃષ્ણની સ્મૃતિ ન થાય તેથી. ૧.

પ્રપંચની વિસ્મૃતિને માટે જીવ સર્વથા યત્ન કરે તેનાથી શ્રીકૃષ્ણને માટે સર્વ ક્રિયાની ભાવના દ્વારા ગૃહ વગેરેની વિસ્મૃતિ થાય. ૨.

અથવા (ગૃહવગેરેમાં) બાધકપણાથી ત્યાગની ભાવના રાખીને પછી અખંડ (શુધ્ધ)અદ્વૈતની ભાવના વડે, હરિમાં કામ વગેરેના આવેશથી અને પ્રપંચના સઘળા પદાર્થમાં લીલાસૃષ્ટિપણાની ભાવનાથી ગૃહવગેરેની વિસ્મૃતિ થાય. ૩.૩।।

(૨૩) પુષ્ટિ પુરુષોત્તમ જે પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે તેનું સ્વરૂપ

પ્રભોર્ધર્માઃ શ્રુતૌ પ્રોક્તાસ્તથા ભાગવતેઽપિ ચ ।
અપ્રાકૃતાઃ સ્વરૂપૈકનિષ્ઠા ભિન્ના ન રુપતઃ ।।૧।।
કર્તૃત્વસમરુપત્વસર્વાધારત્વમુખ્યકાઃ ।
વ્યાપકત્વવિરૂદ્ધાત્મધર્માદ્યાઃ શ્રુતિરુપિતાઃ ।।૨।।
એશ્વર્યાદ્યા અંતરંગધર્મા ભાગવતે તથા ।
તેઽપિ સ્વરુપભેદેન મર્યાદાપુષ્ટિભેદતઃ ।।૩।।
સર્વેઽપિ ચ વિભિદ્યંત ઈતિ શ્રીમત્પ્રભોર્વચઃ ।
અતોઽત્ર પુષ્ટિમાર્ગીયમંતરંગં વિશેષતઃ ।।૪।।
વિરુદ્ધર્માશ્રયત્વં સ્વમુખાય વિચારયેત્ ।
પ્રભુઃ કુમાર એવાસ્તિ વ્રજે માતૃપદાંકગઃ ।।૫।।
શ્રીભાગવતવાકયેન કૌમારં જહતુર્વ્રજે ।
વ્યાખ્યાતં ચ તથૈવાઽસ્મદાચાર્યૈર્વિવૃતાવપિ ।।૬।।
વ્રજ એવ કુમારશ્ચ કુમારી ભાવવિદ્ધરિઃ ।
એકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોઽવસત્ ।।૭।।
એતદ્વાકયં મિશ્રરુપં કુમારઃ કેવલો હરિઃ ।
સામગ્ર્યપિ તથૈવાસ્તિ યતો ગોપ્યઃ કુમારિકાઃ ।।૮।।
એવં સતીદૃશે રુપે રાસલીલાદિરુપણમ્ ।
વિરુદ્ધર્માશ્રયત્વબોધાયૈવ હિ યુજયતે ।।૯।।
ઈદં હિ પુષ્ટિમાર્ગીયં તદેવ જ્ઞાયતે બુધૈઃ ।
ગીતગોવિંદાદ્યપદ્યેઽપ્યેતદેવ નિરૂપ્યતે ।।૧૦।।
અન્યથા નંદવચનં તાદશે યુજયતે કથમ્ ।
અતસ્તુ પુષ્ટિમાર્ગીયવિરુદ્ધગુણસંશ્રયઃ ।।૧૧।।

રસમાર્ગીયધર્માસ્તુ તે બોદ્ધવ્યા વિચક્ષણૈઃ ।
બાલો રસિકમૂર્દ્ધન્યઃ સ્વવશોऽન્યવશઃ સદા ।।૧૨।।
અભીતઃ સર્વથા ભીતઃ સાપેક્ષો નિરપેક્ષકઃ ।
ચતુરોऽપિ મહામુગ્ધઃ સર્વજ્ઞોऽપ્યેજ્ઞ એવ ચ ।।૧૩।।
આત્મારામોऽપિ ગોપીનાં સર્વદા રતિવર્દ્ધનઃ ।
પૂર્ણકામોऽપિ કામાર્ત્તો હ્યદીનો દીનભાષણઃ ।।૧૪।।

સ્વપ્રકાશોऽપ્યપ્રકાશો બહિષ્ઠોऽન્તઃ સ્થિતઃ સદા ।
અસ્વતંત્ર સ્વતંત્રોऽપિ સમર્થો ન તથાપિ ચ ।।૧૫।।
એવં હિ પુષ્ટિમાર્ગીયં વિરુદ્ધસ્વગુણાલયમ્ ।
કૃષ્ણં કૃપાલું સતતં શશરણં ભાવયેદ્ધૃદિ ।।૧૬।।

(૪।૧-૧૬)

શબ્દાર્થ : પ્રભુના ધર્મ અપ્રાકૃત (માયાસંબંધરહિત) અને એક સ્વરૂપમાં જ સ્થિત સ્વરૂપથી ભિન્ન નહીં એવા શ્રુતિમાં તથા શ્રીભાગવતમાં પણ નિરૂપણ કર્યા છે.૧.

ટીકા : ... પ્રાકૃત અને અપ્રાકૃતમાં આ તારતમ્ય છે કે જે અપ્રાકૃત છે તે સદા એકરસ કેવલ આનંદમય છે, ત્યાં લૌકિક માયાના ગુણનો પ્રવેશ નથી અને પ્રાકૃત છે તે માયાજન્ય છે, માયાકૃત ગુણ કામ, ક્રોધ, મદ, મત્સર, સુખ, દુઃખ બધા લાગે છે, તે કાલને આધિન પ્રાપ્ત થાય છે તથા કાલને આધિન નષ્ટ થઈ જાય આ પ્રાકૃત જાણવા. તેથી પ્રભુનું સ્વરૂપ અપ્રાકૃત જાણવું. અપ્રાકૃત પ્રભુનું સ્વરૂપ ક્યારે જાણ્યું કહેવાય કે જ્યારે પ્રભુના સ્વરૂપમાં અને નામમાં દઢ નિષ્ઠા થાય, શ્રીઠાકોરજીની સેવા કર્યા વિના રહી ન શકાય અને શ્રીઠાકોરજીના નામ શ્રીઠાકોરજીની લીલા સંબંધી કીર્તન વિના રહી ન શકાય ત્યારે જાણવું કે શ્રીઠાકોરજીના નામ-રૂપમાં નિષ્ઠા થઈ. શ્રીઠાકોરજી સંબંધી ધર્મમાં સઘળી ઈન્દ્રિય મન દેહ લાગેલા રહે, ત્યારે જાણવું કે આ વૈષ્ણવ ઉપર પ્રભુએ કૃપા કરી.૧.

શબ્દાર્થ : કર્તાપણું, સ્વરૂપપણું તથા સર્વાધારપણું આ મુખ્ય ધર્મ અને વ્યાપકત્વ તથા વિરુદ્ધધર્માશ્રયત્વ વગેરે બધા ધર્મ શ્રુતિમાં નિરૂપણ કર્યા છે.૨.

શબ્દાર્થ : તેવી રીતે ઐશ્વર્યાદિક અંતરંગધર્મ શ્રીભાગવતમાં પણ

નિરૂપણ કર્યા છે તે પણ મર્યાદા અને પુષ્ટિ બંને ભેદથી સ્વરૂપના ભેદ વડે ધર્મ પણ ભેદ પ્રાપ્ત કરે છે એવા આપના વચન છે તેથી અહીં વિશેષરૂપથી અંતરંગ પુષ્ટિમાર્ગીય ધર્મ છે.૩-૪

ટીકા : શ્રુતિ અને ભાગવત બંને ભાવોના સ્વરૂપ કહે છે, એક ભાવ તો ઐશ્વર્યનો છે, પ્રભુને વ્યાપક સર્વના આધારરૂપ કહે છે તેથી મર્યાદાભક્ત ઐશ્વર્ય જાણીને ભજન કરે છે, શ્રુતિ નેતિ નેતિ કહે છે. બ્રહ્મા, શિવ, શેષ વગેરે ઐશ્વર્યભાવથી ભજન કરે છે તેથી મર્યાદાભક્ત છે, અને પ્રભુના અંતરંગ ભક્ત છે તે સ્નેહભાવથી ભજન કરે છે. નંદ, યશોદા, વ્રજભક્ત વગેરે પુષ્ટિભક્ત છે. તે શ્રીઠાકોરજી એક જ છે પરંતુ ભક્તોના ભાવથી જુદા જુદા પણ દેખાય છે, તે શ્રીભાગવતમાં કહ્યું છે કે જ્યારે અક્રુરજી શ્રીઠાકોરજીને મથુરામાં પધરાવીને લઇ ગયા ત્યાં જેનો જેવો ભાવ હતો તેવા જ દર્શન થયાં, કંસને વૈરભાવ હતો તેથી કાલરૂપ જોયા, યોગીજનોએ પરમતત્ત્વ જોયું, મથરુાના સ્ત્રીજન ભક્તને પરમકોમલ સુકુમાર દર્શન થયા, જ્યાં જેવો ભક્તોનો ભાવ ત્યાં શ્રીઠાકોરજી તે જ ભાવથી બિરાજે છે, મર્યાદાભક્ત ઐશ્વર્યભાવથી આરાધના કરે છે, એમ જાણે છે કે પ્રભુને ભૂખ તરસ નથી, કોટિ બ્રહ્માંડના કર્તા છે, પાલન કરે, સંહાર કરે, તેને અમે શું દઈએ? પ્રભુ અમારી રક્ષા કરે છે આ ભાવ છે તેમની પાસે કાંઈપણ માગતા નથી, અને પુષ્ટિભક્ત નંદ, યશોદા, વ્રજભક્ત આદિનો સ્નેહભાવ છે કે એક ક્ષણમાં ભુખ્યા થશે, ઠંડી, ગરમી લાગે છે એવો ભાવ છે ત્યાં શ્રીઠાકોરજી માગીને અંગીકાર કરે છે તે ભાગવતમાં પ્રસિદ્ધ જ નિરૂપણ છે. ઐશ્વર્યભાવમાં મર્યાદારીતિ છે અને સ્નેહભાવમાં પુષ્ટિરીતિ છે. આ પ્રકારે સ્વરૂપભેદથી ન્યારા-ન્યારા રસનો અનુભવ છે તેથી બંને માર્ગ પ્રસિદ્ધ છે. ૩.

ટીકા : સર્વમાં વ્યાપી ભગવાન્ છે તેમ શાસ્ત્ર, પુરાણ, શ્રીભાગવત કહે છે. અને શ્રીસુબોધિનીજી વગેરે ગ્રંથમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ સર્વવ્યાપક પ્રભુને કહે છે પરંતુ અંતરંગ પુષ્ટિમાર્ગીય ભક્તોનો ભાવ સર્વોપરિ છે તે શા માટે કે જે જ્ઞાની છે તથા મર્યાદામાર્ગીય ભક્ત છે તે ભગવાન્‌ને સર્વવ્યાપક જાણીને ભજન કરે છે તેમને સ્વરૂપાનંદનો અનુભવ નથી થતો, કેવલ મોક્ષના અધિકારી છે, અને પુષ્ટિમાર્ગીય ભક્ત છે તે સર્વોપર છે. શ્રીઠાકોરજીના અંતરંગ, સદા સેવા, શૃંગાર, ભોગ વગેરે વડે સ્વરૂપાનંદનો અનુભવ કરે છે તેમનાથી એક ક્ષણ પણ શ્રીઠાકોરજી દૂર નથી રહેતા તેથી આ પુષ્ટિભક્તિ સર્વોપર છે. ૪.

શબ્દાર્થ : પોતાના સુખને માટે પ્રભુનું વિરુદ્ધધર્માશ્રયત્વ વિચારવું,

'બંને ભાઈઓ વ્રજમાં કુમાર અવસ્થાને રાખીને' એવા વાક્યથી વ્રજમાં 'માતૃપદાંકગઃ' (યશોદોત્સંગલાલિત) પ્રભુકુમાર જ છે, શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં પણ એવું જ વ્યાખ્યાન કર્યું છે. ૫-૬.

કુમારિકાના ભાવ જાણવાવાળા હરિ વ્રજમાં જ કુમાર છે અને શ્રીભાગવતમાં (૩|૨|૨૬) માં લખ્યું છે કે અગીયાર વર્ષ ગૂઢપ્રતાપવાળા શ્રીબલદેવજી સહિત ત્યાં (વ્રજમાં) વસ્યા. ૭.

આ વાક્ય મિશ્રરૂપ છે, સ્મૃતિમાં વ્યાપકરૂપ તથા ઐશ્વર્ય જ્ઞાન વગેરે ધર્મસહિત રૂપનું નિરૂપણ છે, દશમ સ્કન્ધમાં 'કૌમારં જહતુર્વ્રજે' આ વચનમાં કુમાર અવસ્થા વ્રજમાં રાખી એવું નિરૂપણ છે અને ત્રીજા સ્કન્ધમાં 'એકાદશસમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોડવસત્' આ વચનમાં અગીયાર વર્ષ વ્રજમાં વસ્યા એવા મિશ્ર વ્યાપક કૌમાર તથા પૌગંડ કિશોર અવસ્થારૂપ પ્રતિપાદક વાક્ય છે, પરંતુ વસ્તુતઃ કેવલ કુમાર જ હરિ છે કેમ કે જે વ્રજભક્ત (ઋષિરૂપા) કુમારિકા છે અને સામગ્રી પણ તેવી જ છે. ૮.

જ્યારે આવા મિશ્રરૂપ છે (વ્યાપક, કુમાર, પૌંગડ, કિશોર એવા નિરૂપણ કર્યા છે) ત્યારે આવા રૂપમાં રાસલીલા વગેરે નિરૂપણ છે તે વિરુદ્ધધર્માશ્રયત્વના બોધ માટે જ ઘટે છે. ૯.

આ પુષ્ટિમાર્ગીય તત્ત્વ છે તેને એવી જ રીતે બુદ્ધિમાન (પંડિત) જાણે છે, કેમ કે ગીતગોવિંદ કાવ્યના પ્રથમ શ્લોકમાં પણ નંદરાયજીના વચન કુમાર અવસ્થા સૂચક લખેલા છે તથા શ્રીસ્વામિનીજીની સાથે ક્રિડા પણ લખી છે તેથી એવું જ નિરૂપણ કર્યું છે. ૧૦.

આમ ન હોય તો શ્રીનંદરાયજીનું વચન પ્રભુના વિરુદ્ધધર્માશ્રયત્વ સ્વીકાર્યા વિના ઘટે કેમ? તેથી પુષ્ટિમાર્ગીય પ્રભુ વિરુદ્ધધર્માશ્રયી છે. ૧૧.

વિચક્ષણ જે ચતુર પુરુષ છે તેને રસમાર્ગ ધર્મ સમજવા યોગ્ય છે. શ્રીઠાકોરજી બાલક છે તો પણ રસિકોના શિરોમણિ છે પોતાના વશ છે છતાં સદા ભક્તોને વશ છે. ૧૨.

નિશ્ચય ભયરહિત છે તો પણ ભયયુક્ત છે, ઇચ્છાયુક્ત છે તો પણ નિરપેક્ષ (અપેક્ષારહિત) છે, ચતુર શિરોમણિ છે છતાં પણ મહામુગ્ધ છે, બધું

જ જાણનારા છે તો પણ કાંઈ જ નથી જાણતા. ૧૩.

આત્મારામ (આત્મામાં રમણ કરનારાં) છે તો પણ ગોપીજનોની રતિનું વર્દ્ધન કરવાવાળા છે, પૂર્ણકામ છે તો પણ કામ વડે આર્ત છે, દીન નથી તો પણ દીન જેવું બોલનારા છે. ૧૪.

પોતાના તેજ વડે જ પ્રકાશનારા છે, તો પણ (ભક્તોની પાસે) પ્રકાશરહિત છે. બહાર બિરાજે છે તો પણ સદા (ભક્તોના) અંતઃકરણમાં બિરાજે છે, સ્વતંત્ર છે તો પણ (ભક્તોની પાસે) પરતંત્ર છે, સર્વસામર્થ્યયુક્ત છે તો પણ (ભક્તોની પાસે) અસમર્થ છે. ૧૫.

આવા વિરુદ્ધ ગુણોને ધારણ કરનારા કૃપાલુ પુષ્ટિમાર્ગીય શ્રીકૃષ્ણની નિરંતર હૃદયમાં ભાવના કરવી. ૧૬.

(૨૪) શુદ્ધ પુષ્ટિમાર્ગમાં તાપભાવ જ ફલરૂપ છે

તદુત્તરં યથા ભાવઃ કેવલો વિરહાત્મકઃ ।
ફલં તથૈવ ચાત્રાપિ ફલતા કેવલસ્ય હિ ।।૧૪।।

(૧।૧૪)

શબ્દાર્થ : પૂર્વશ્લોકમાં જે ભાવ નિરૂપણ કર્યો તે ભાવ પ્રાપ્ત થયા પછી જેવો કેવલ વિરહાત્મક ભાવ થાય તેવું જ ફલ પણ આ પુષ્ટિમાર્ગમાં પ્રાપ્ત થાય, કેમકે તે કેવલ વિરહાત્મક ભાવ ફલરૂપ છે. ૧૪.

ટીકા : ઉપર કહ્યો તે પ્રકારે ભગવત્સેવા ગુણગાન કરે તે સંયોગ-વિપ્રયોગ બંને ભાવસહિત થઈને કરે, તો તેનાથી ઉત્તરદલ જે કેવલ વિરહાત્મક ભાવ તેનું દાન પ્રભુ કરે, તે ફલ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં સર્વોપરિ છે, આના ઉપરાંત બીજું કોઈ ફલ નથી....૧૪.

સદા વિરહભાવેન ભાવાત્મા ભાવ્યતાં હરિઃ ।
કૃષ્ણો હૃદયદેશસ્થઃ સ્વામિનીનાં કૃપાનિધિઃ ।।૧।।
અસ્માકમતિભાગ્યેન તદાસ્યં વન્હિરુદ્ગતઃ ।
અતઃ શીતલભાવોડસ્મિન્ માર્ગે નૈવોપયુજ્યતે ।।૨।।
તાપભાવઃ પરં દૈન્યં પ્રકાશયતિ સર્વથા ।
દૈન્યેન દયયા દીનબંધુઃ પ્રાદુર્ભવત્યસૌ ।।૩।।

તદ્દૈન્યં સ્યાત્ સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્ ।
તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્ ॥૪॥
તદાશ્રયસ્ય સિદ્ધિસ્તુ તદ્વાક્યપરિનિષ્ઠયા ।
તન્નિષ્ઠા સતતં તાદૃક તદીયજનસેવયા ॥૫॥
તદીયા દુર્લભાશ્ચેત્સ્યુઃ શ્રીભાગવતસેવનમ્ ।
અથવા દૈન્યભાવેન સ્મર્ત્તવ્યઃ સતતં હરિઃ ॥૬॥

(૫।૧-૬)

શબ્દાર્થ : સદા વિરહભાવ વડે ભાવાત્મા હરિ, સ્વામિનીજીના હૃદયમાં બિરાજવાવાળા, કૃપાનિધિ, શ્રીકૃષ્ણ ભાવનીય છે. ૧.

પુષ્ટિમાર્ગીય જીવના મહાન ભાગ્યથી ભાવનાત્મક પ્રભુના મુખારવિંદરૂપ અગ્નિ (શ્રીઆચાર્યજી) પ્રકટ થયા છે, તેથી આ માર્ગમાં શીતલભાવ કામમાં નથી આવતો. ૨.

તાપભાવ છે તે ઉત્તમ દૈન્યનો પ્રકાશ ચોક્કસ કરે છે અને દૈન્યથી દીનબંધુ ભગવાન્ દયા કરીને પ્રકટ થાય છે. ૩.

શ્રીસ્વામિનીજીના તાપરૂપી ભાવનું અનુસંધાન કરવાથી દૈન્ય પ્રાપ્ત થાય અને તાપભાવનું ભાવન, વિરહાત્મક શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી થાય. ૪.

તાપાત્મક શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયની સિદ્ધિ તો, તેમના વચનો શ્રીસુબોધિનીજી વગેરે ગ્રન્થોમાં શ્રદ્ધાથી થાય અને તેમના વચનામૃતોમાં નિષ્ઠા તો, તાદૃશીયજનની સેવાથી થાય. ૫.

તદીય કદાચિત દુર્લભ હોય તો શ્રીભાગવતનું સેવન કરવું અથવા (શ્રીભાગવતનો પાઠ કરવાથી જ્ઞાન ન થાય તો) દૈન્યભાવથી નિરંતર હરિનું સ્મરણ કરવું. ૬.

(૨૫) આવો તાપભાવ કેવી રીતે પ્રાપ્ત થાય

તદ્દૈન્યં સ્યાત્ સ્વામિનીનાં તાપભાવવિભાવનાત્ ।
તદ્ભાવનં ભવેદેવ તાપાત્મચરણાશ્રયાત્ ॥૪॥

(૫।૪)

શબ્દાર્થ : શ્રીસ્વામિનીજી તાપરૂપી ભાવનું અનુસંધાન કરવાથી દૈન્ય પ્રાપ્ત થાય અને તાપભાવનું ભાવન વિરહાત્મક શ્રીઆચાર્યજીના ચરણારવિંદના આશ્રયથી થાય. ૪.

અત એતદ્‌ભક્તિમદ્‌ભિઃ શ્રીમદાચાર્યસંશ્રયઃ ।
પ્રથમં સર્વથા કાર્યસ્તત એવાખિલં ભવેત્ ।।૫।।

(૩૪।૫)

શબ્દાર્થ : તેથી આ (મુખારવિંદની-તાપાત્મક) ભક્તિવાળાઓએ પ્રથમ શ્રીમદાચાર્યજીનો આશ્રય દરેક પ્રકારથી કર્તવ્ય છે તેના વડે સઘળું સિદ્ધ થાય. ૫.

પુષ્ટિભક્તિર્હરેરાસ્યં તત્ત્વસ્મત્પ્રભવઃ સ્વયમ્ ।
ત એવ સંશ્રિતાઃ સંતઃ ફલરૂપા ભવંતિ હિ ।।૯।।

(૨૫।૯)

શબ્દાર્થ : હરિ ભગવાનનું મુખારવિંદ છે તે પુષ્ટિભક્તિ છે, તે મુખારવિંદ તો આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ છે, એમનો શ્રદ્ધાપૂર્વક આશ્રય કરવો એ જ નિશ્ચય ફલરૂપ થાય. ૯.

તદાર્તિપ્રાપ્તિરેતેષાં તદ્રૂપાચાર્યસેવનાત્ ।
તત્કૃપાતસ્તદુદિતં વચોવૃંદવિચારણાત્ ।।૧૭।।
નિવેદનાનુસંધાનાત્ સદા સત્સંગસંભવાત્ ।
અન્યથા ન ભવેદેવં સ્વકૃતાનંતસાધનૈ ।।૧૮।।

(૩૧।૧૭-૧૮)

શબ્દાર્થ : ઉપર કહેલી આર્તિની પ્રાપ્તિ વિપ્રયોગ અગ્નિરૂપ શ્રીઆચાર્યજીના સેવનથી, એમની કૃપાથી, એમના વચનામૃતના સમુહ(ગ્રંથો)ના વિચારથી, નિવેદનના અનુસંધાનથી અને હંમેશા સત્સંગ (એમની વાણીનો) થાય, બીજી કોઈપણ રીતે આપણે કરેલા અનંત સાધનો વડે નથી થતી. ૧૭-૧૮.

(૨૬) કેવા પ્રકારના ભગવદીયનો સંગ કરવો

નિરંતરં સ્વમાર્ગીયસતાં સંગસમન્વિતૈઃ ।

સ્થેયં સંસારવિમુખૈઃ સ્વગુરૂં પ્રણતૈરપિ ॥૧૩॥

(૧૭।૧૩)

શબ્દાર્થ : નિરંતર સ્વમાર્ગીય સત્પુરુષના સંગવડે યુકત તથા અહંતામમતારૂપ સંસારથી વિમુખ અને આપણા ગુરુ શ્રીમદાચાર્યજી માટે અત્યંત નમ્રીભુત (નમનપૂર્વક શ્રીઆચાર્યજીની આજ્ઞામાં રહેનારો) એવા ભગવદીયની સાથે રહેવું. ૧૩.

(૨૭) ભગવદીયના લક્ષણ કેવા હોય

તદીયાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટઃ કૃષ્ણો ન સંશયઃ ।
તદીયાસ્તુ નિજાચાર્યચરણૈકપરાયણાઃ ॥૨૧॥
અનન્યભજનાસ્તુષ્ટાઃ કામલોભવિવર્જિતાઃ ।
નિરપેક્ષા વિરક્તાશ્ચ સર્વભૂતહિતે રતાઃ ॥૨૨॥
નિર્મત્સરાઃ કૃષ્ણસેવાકથાદિવિહિતાદરાઃ ।
એવંવિધાસ્તદીયાશ્ચેત્સંગાદપિ વિશેષતઃ ॥૨૩॥

(૧।૨૧-૨૩)

શબ્દાર્થ : ભગવદીય આપમેળે પ્રસન્ન થાય ત્યારે પ્રભુ પ્રસન્ન થયા તેમાં સંશય નથી. હવે ભગવદીયના લક્ષણ કહીએ છીએ-શ્રીઆચાર્યજીના ચરણારવિંદનો આશ્રય જેમને દૃઢ હોય. અનન્યભક્તિ (અન્યાશ્રયરહિત) કરવાવાળા, સંતોષવાળા, કામ અને લોભથી વર્જિત, નિરપેક્ષ, વિરક્ત (ભગવચ્ચરણારવિંદ સિવાય બીજે બધેથી આસક્તિ રહિત) સર્વ પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિવાળા, ઈર્ષ્યા રહિત, પ્રભુની સેવાકથાવગેરેમાં આદર કરનારા આવા ભગવદીય મળે તો એમના સંગથી પણ વિશેષ ફલ છે. ૨૧-૨૨-૨૩.

(૨૮) સત્સંગ અને દુઃસંગનો વિવેક

તદભાવે સર્વથૈવ ન કિંચિદિહિ સિદ્ધયતિ ।
તસ્માત્પ્રયત્નઃ કર્તવ્યઃ સત્સંગાય સુબુદ્ધિભિઃ ॥૧૧॥

શબ્દાર્થ : સત્સંગનો અભાવ હોય તો સર્વથા આ માર્ગમાં કાંઈ સિદ્ધ ન થાય, તેથી સુંદરબુદ્ધિવાળાઓને સત્સંગ માટે પ્રયત્ન કર્તવ્ય છે. ૧૧.

યો વદત્યન્યથાવાક્યમાચાર્યવચનાજ્જનઃ ।
સંસૃતિપ્રેરકો વાડપિ તત્સંગો દુષ્ટસંગમઃ ।।૮।।

શબ્દાર્થ : જે કોઈપણ શ્રીઆચાર્યજીના વચનોથી વિપરિત વાકય કહે અથવા અહંતામમતાત્મક સંસારમાં આસક્તિ કરવાની પ્રેરણા કરે તેમનો સંગ તે દુષ્ટસંગ જાણવો. ૮.

યશ્ચ કૃષ્ણે રતિં નિત્યં બોધયત્યપ્રયોજનામ્ ।
નિરપેક્ષઃ સાત્ત્વિકશ્ચ તત્સંગઃ સાધુસંગમઃ ।।૯।।

શબ્દાર્થ : જે હંમેશા કૃષ્ણમાં કારણરહિત પ્રીતિનો બોધ કરે અને નિરપેક્ષ તથા સાત્ત્વિક હોય તેમનો સંગ તે સાધુપુરુષ (સત્પુરૂષ-ભગવદીય)નો સંગ જાણવો. ૯.

એવં નિશ્ચિત્ય સર્વેષુ સ્વીયેષ્વન્યેષુ વા પુનઃ ।
મહત્કુલપ્રસૂતેષુ કર્તવ્યઃ સંગનિર્ણયઃ ।।૧૦।।

શબ્દાર્થ : આવી રીતે આપણા (ભગવદીયજન) અને અન્ય (લૌકિક) આ બધામાં સંગનો નિશ્ચય કરીને પછી **ઉત્તમકુલમાં જેમનો જન્મ છે** તેમના વિષયમાં સંનિર્ણય કરવો. ૧૦.

શ્રીમદાચાર્યચરણે મતિઃ સ્થાપ્યા સદા સ્વતઃ ।
તતએવ સ્વકીયાનાં સિદ્ધિઃ કાર્યસ્ય સર્વથા ।।૧૧।।

(૩।૮-૧૧)

શબ્દાર્થ : હંમેશા શ્રીઆચાર્યજીના ચરણારવિંદમાં સ્વતઃ (પોતાના દ્વારા) મતિ(બુદ્ધિ)સ્થીર કરવી તેનાથી જ ભગવદીયોના કાર્યની નિશ્ચે સિદ્ધિ થાય. ૧૧.

તત્ર ભ્રાંતાઃ પરં મૂઢાસ્તત્સંગઃ ખલુ બાધકઃ ।
અતઃ સત્સંગહિતસ્તિષ્ઠેત્સર્વત્ર સર્વદા ।।૧૭।।

શબ્દાર્થ : તેમાં જે ભ્રાંત છે તે અત્યન્ત મૂઢ છે, એમનો સંગ નિશ્ચય બાધક છે, તેથી સત્સંગ સહિત દરેક સ્થળે હંમેશા રહેવું. ૧૭.

સેવાં કુર્વન્ સદાચારો ધર્મમાર્ગસ્થિતોડપિ ચ ।
અવિરુદ્ધવચોવકતા હ્યાવિરુદ્ધકૃતિપ્રિયઃ ।।૧૮।।

શબ્દાર્થ : સેવા કરનાર, સદાચારી, અને ધર્મમાર્ગમાં રહેલો હોય, તો

પણ અવિરુદ્ધ વચન કહેનારો, તથા અવિરુદ્ધ ક્રિયાને પ્રેમપૂર્વક કરીને રહેનારો હોય.૧૮.

સ્વાચાર્યમાત્રવાકયૈકનિષ્ઠઃ સતતભાવુકઃ ।
તદીયજનસંસૃષ્ટઃ સર્વસંગવિવર્જિતઃ ।।૧૯।।

(૨૦।૧૭-૧૯)

શબ્દાર્થ : આપણા શ્રીઆચાર્યજીના વચન-નિબંધ, શ્રીસુબોધિનીજી અને ષોડશગ્રંથ વગેરેમાં નિષ્ઠાવાળા, નિરંતર ભાવવાળા, ભગવદીયો સાથે રહેનારા, અને બીજા સર્વસંગથી વર્જિત થાય. ૧૯.

શ્રુતોત્તમપ્રકારશ્ચ ભગવન્માનસા અપિ ।
અસ્મદીયા લૌકિકેષુ પ્રતિષ્ઠામાત્રસાધકાઃ ।।૭।।
ચિત્તવ્યયં પ્રકુર્વંતિ વૃથા દેહં ચ તદ્‌ગતમ્ ।
ભગવન્માર્ગનિષ્ઠા તુ લોકનિષ્ઠાવિરોધિની ।।૮।।

(૨૧।૭-૮)

શબ્દાર્થ : ભગવાન્‌માં મનવાળા, એવા અમારા જે ઉત્તમ પ્રકાર સાંભળવાવાળા છે, તેઓ પણ લૌકિકમાં પ્રતિષ્ઠામાત્ર સિદ્ધ કરનારા છે. ચિત્તને બીજી જગ્યાએ લઈ જાય છે અને દેહને તેમાં જોડાવે છે, કારણ કે ભગવન્માર્ગની નિષ્ઠા છે તે લૌકિક નિષ્ઠાથી વિરુદ્ધ છે.

(૨૯) સત્સંગ અને અસત્સંગનું સ્વરૂપ

અસત્સંગસ્ય ચ ત્યાગો ભાવબાધકતા યતઃ ।
યથા વ્યાઘ્રો બાધકઃ સ્યાચ્છરીરાદેઃ શરીરિણઃ ।।૩।।
અસત્સંગસ્તથા પ્રોક્તઃ શ્રીમદાચાર્યપંડિતૈઃ ।
અધ્યાસઃ સ્વશરીરાદૌ તદીયત્વપ્રકારતઃ ।।૪।।

(૧૪।૩-૪)

શબ્દાર્થ : અસત્‌ના સંગનો ત્યાગ કરવો, કેમકે અસત્સંગથી ભગવદ્‌ભાવનો નાશ થાય, જેમ શરીરી જે જીવ છે તેના શરીરાદિકનો બાધક વાઘ છે, તે શરીરનો નાશ કરે છે (તેથી જીવ વાઘથી દૂર રહે છે તેવી જ રીતે અસત્સંગને જાણીને તેનાથી દૂર રહેવું) ૩.

શ્રીમદાચાર્યજી જે મહાપંડિત છે તેમણે પોતાના શરીર વગેરેમાં

તદીયપણાના પ્રકારથી જે અધ્યાસ છે તેને અસત્સંગ કહેલો છે અથવા શરીરવગેરેમાં (અહંતામમતાત્મક) અધ્યાસને અસત્સંગ કહેલો છે અને આ દેહ તદીય (ભગવત્સંબંધી) છે, એ પ્રકારથી જાણે તે સત્સંગ છે.૪.

(૩૦) પુષ્ટિમાર્ગમાં ત્યાગ-અત્યાગનું સ્વરૂપ

યદુક્તમસ્મદાચાર્યૈર્ગૌણમુખ્યવિભેદતઃ ।
ત્યાગો ગૃહધનાદીનામથવા કૃષ્ણયોજનમ્ ।।૧।।
વૈરાગ્યપરિતોષાદીરત્યાગોઽપિ નિરુપિતઃ ।
તથા વિષયભોગસ્ય ત્યાગોઽપિ વિનિબોધિતઃ ।।૨।।
તથા સત્સંગમત્યાગઃ સર્વત્રૈવ વિશેષતઃ ।
અન્યાશ્રયપરિત્યાગ ઉક્તો બાધકરુપતઃ ।।૩।।
એવં નિરુપિતૌ ત્યાગાઽત્યાગૌ સર્વત્ર સર્વશઃ ।
ન જીવાઃ સ્વબલાત્કિંચિત્કર્તુંશક્નુવતે સ્વતઃ ।।૪।।

(૧૭।૧-૪)

શબ્દાર્થ : આપણા શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીએ ગૌણ અને મુખ્ય ભેદથી ત્યાગ બે પ્રકારનો સંન્યાસનિર્ણય વગેરે ગ્રંથમાં કહેલો છે, તેમાં ઘર, ધન વગેરેનો ત્યાગ છે તે ગૌણત્યાગ છે, અથવા ઘરધન વગેરેનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો એ મુખ્ય ત્યાગ છે. ૧.

વૈરાગ્ય અને પરિતોષ (સંતોષ) વગેરેનો અત્યાગ પણ નિરૂપણ કર્યો છે અને વિષયભોગનો ત્યાગ પણ વિશેષરૂપથી નિરંતર બતાવ્યો છે.૨.

તેવી જ રીતે બધી જ જગ્યાએ પણ વિશેષરૂપથી સત્સંગનો અત્યાગ છે અને બાધકરૂપથી અન્યાશ્રયનો સંપૂર્ણરૂપથી ત્યાગ કહ્યો છે.૩.

આવી રીતે દરેકપ્રકારથી દરેક ઠેકાણે ત્યાગ અને અત્યાગનું નિરૂપણ કર્યું છે, તે જીવ પોતાના બળથી કાંઈ કરવા માટે સમર્થ નથી. ૪.

(૩૧) ફલસિદ્ધિમાં સાધક તત્ત્વો

તત એવ કૃતાર્થત્વં નિશ્ચયઃ ક્રિયતાં હૃદિ ।

આસુરત્વં વિનિશ્ચેયમન્યત્તત્સામ્યવાદિષુ ।।૨।।
શ્રીકૃષ્ણઃ સર્વદા સ્મર્યઃ સર્વલીલાસમન્વિતઃ ।
ભકતૈકહૃદયસ્થાયી સકલઃ પુરુષોત્તમઃ ।।૩।।
ગુણગાનં તથા દુઃખભાવનં દૈન્યમેવ ચ ।
તથા ત્યાગઃ સિદ્ધદશઃ કૃત્યમેતચ્ચતુષ્ટયમ્ ।।૪।।
ગુણગાનં ભાગવતાત્ સેવયા દુઃખભાવનમ્ ।
તદૈન્યભાવદૈન્ય ત્યાગો વિરહભાવતઃ ।।૫।।
એતચ્ચતુષ્ટયં સિદ્ધં યદિ નાન્યદપેક્ષિતમ્ ।
સર્વસ્ય મૂલં સત્સંગ સ્તદભાવે ન સિદ્ધયતિ ।।૬।।

(૧૧૨-૬)

શબ્દાર્થ : શ્રીઆચાર્યજીના ચરણકમળમાં મન સ્થાપન કરવું તેનાથી જ કૃતાર્થતા છે એવો નિશ્ચય હૃદયમાં કરવો અને એના સિવાય તથા એમની બરોબર કોઈ કહે તો તેમના વિષે આસુરપણાનો નિશ્ચય કરવો.૨.

સર્વલીલા યુક્ત, ભક્તોના હૃદયમાં સ્થિત અંશકલાસહિત શ્રીકૃષ્ણ પુરુષોત્તમ સર્વદા સ્મરણ કરવા યોગ્ય છે. ૩.

ગુણગાન તથા દુઃખની ભાવના (વિપ્રયોગાર્તિ) અને દૈન્ય તથા ત્યાગ (લૌકિક-વૈદિક આસક્તિ છોડવી) આ ચારેય સિદ્ધ દષ્ટિવાળાની કૃતિ છે.૪.

શ્રીમદ્ભાગવતના (મનનપૂર્વક) પાઠથી ગુણગાન કરવું, સેવા વડે દુઃખની ભાવના કરવી (આગળ ૮૪-૨૫૨ પાસે પ્રભુ માગી માગીને આરોગતા, એવું મને કયારે થશે) આવા દુઃખની ભાવના કરવી, જે દૈન્ય પ્રભુની કૃપાનું કારણ છે તે દૈન્યભાવથી દૈન્ય સિદ્ધ થાય, અને વિરહના ભાવથી ત્યાગ સિદ્ધ થાય.૫.

ઉપર શ્લોકમાં કહેલ આ ચતુષ્ટય જ્યારે સિદ્ધ થાય ત્યારે બીજું કાંઇ ઇચ્છિત નથી અને બધાનું મૂલ સત્સંગ છે, તેનો અભાવ હોય તો તે ફલ સિદ્ધ ન થાય. ૬.

(૩૨) શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ પુષ્ટિમાર્ગમાં ઉત્તમ સાધન

વિધાય સર્વથા ભીતિં વિધેયેતર યોગતઃ ।
સત્સંગેન સ્વમાર્ગૈકનિષ્ઠત્વેન ચ સર્વથા ।।૫।।

સમર્પણાનુસંધાનં વિધેયં મિલિતૈઃ સદા ।
ઈદમેવાઽસ્મદાચાર્યમાર્ગે સાધનમુત્તમમ્ ।।૬।।

(૧૪।૫-૬)

શબ્દાર્થ : કર્તવ્ય અને અકર્તવ્યના યોગથી સત્સંગ કરીને અને સર્વથા પુષ્ટિમાર્ગમાં જ એકનિષ્ઠપણું રાખીને, અસત્સંગ પ્રત્યે નિશ્ચય ભય રાખીને, ભગવદીયોની સાથે મળીને નિવેદનમંત્રનું અનુસંધાન હંમેશા કરવું, આ જ આપણા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં ઉત્તમ સાધન છે. ૫-૬.

(૩૩) કાલનું સ્વરૂપ

ઈદાનીમીદૃશઃ કાલઃ પ્રતિકૂલઃ સમાગતઃ ।
યથાકથંચિત્ સ્વમનઃ સ્થાપનીયં પદાબ્જયોઃ ।।૩।।

(૭।૩)

શબ્દાર્થ : હવે એવો વિપરિત કાલ આવ્યો છે તેથી જેમ-તેમ કરીને પણ પોતાનું મન (શ્રીઠાકોરજીના) ચરણારવિંદમાં સ્થાપન કરવું. ૩.

કાલઃ કરાલઃ સમુપાગતોઽયં,
મતિં સતાં દ્રાગહરત્ સમસ્તામ્ ।
શ્રીવલ્લભાચાર્યસમાશ્રિતાનાં,
યઃ કાલકાલઃ શરણં સ એવ ચ ।।૧।।

(૧૩।૧)

શબ્દાર્થ : આ કાલ મહાકરાલ આવ્યો છે, તે બધા જ સત્પુરૂષોની મતિનું ક્ષણમાં હરણ કરે છે, તેથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો આશ્રય કરવાવાળાને કાલના કાલરૂપ પ્રભુ જ શરણ છે. ૧.

કાલઃ સ્વકાર્યં કુરુતે ન જાનાતિ જનો યતઃ ।
પ્રમાદ્યતિ હરેઃ કાર્યે સ્વાત્મકાર્યેઽતિવિહ્વલ ।।૧।।

(૧૮।૧)

શબ્દાર્થ : કાલ (બધાના આયુષ્ય હરવારૂપ) પોતાનું કાર્ય કરે છે તે જીવ નથી જાણતો, તેથી પ્રભુના કાર્ય સેવા વગેરેમાં પ્રમાદ કરે છે અને બીજા કાર્યોમાં અતિશય વિહ્વલ છે. ૧.

ઈદાનીં વર્ત્તતે કાલઃ કરાલઃ કલિરીદશઃ ।
યસ્મિન્ વિનશ્યતિ મતિઃ સતામપિ કુસંગતઃ ॥૧॥

(૧૯।૧)

શબ્દાર્થ : હવે એવો કરાલ કલિકાલ છે, જેમાં સત્પુરૂષની મતિ પણ કુસંગથી નષ્ટ થઈ જાય છે. ૧.

ઈદાનીમાગતઃ કાલઃ સર્વબુદ્ધિવિનાશકઃ ।
કરે પતતિ દુઃસંગો મીલિતાક્ષસ્ય ચાપિ હિ ॥૧૪॥

(૨૭।૧૪)

શબ્દાર્થ : હવે બધાની બુદ્ધિનો વિશેષરૂપથી નાશ કરવાવાળો કાલ આવ્યો છે અને આંખો મિંચીને રહેનારને પણ અચૂક દુઃસંગ આવી જાય છે. ૧૪.

તતશ્ચ્યુતા મતિઃ કાલબલાત્ કેવલલૌકિકે ।
નિત્યં સ્થિતા તતો ભીતિર્ભૂયસી જાયતે હૃદિ ॥૮॥

(૧૬।૮)

શબ્દાર્થ : કાલબલથી આશ્રયમાંથી મતિ નીકળી ગઈ છે અને માત્ર લૌકિકમાં મતિ રહી છે, તેનાથી હૃદયમાં ખૂબ જ મોટો ભય છે. ૮.

સાધનાનિ ન સિદ્ધ્યંતિ કાલદોષાદુરાત્મનઃ ।
પ્રતિબન્ધશ્ચ કાલાદિકૃતઃ પ્રત્યહમેધતે ॥૧૬॥

(૨૭।૧૬)

શબ્દાર્થ : કાલદોષથી દુષ્ટ છે આત્મા જેમનો એવાને સાધન સિદ્ધ નથી થતાં અને કાલાદિકૃત પ્રતિબંધ રોજ-બરોજ વધે છે. ૧૬.

યતઃ કાલસ્તદ્વિભૂતિઃ "કાલઃ કલયતામહમ્" ।
મુખ્યાધિકાર્યપિ હરેરિચ્છાશક્તિસ્વરૂપવાન્ ॥૧૫॥

(૨૪।૧૫)

શબ્દાર્થ : જેથી કાલ છે તે ભગવાન્‌ની વિભૂતિ છે, કેમકે ગીતાજીમાં વિભૂતિના અધ્યાયમાં (૧૦।૩૦)માં ભગવાને કહ્યું છે, કે ગણનારાઓમાં હું કાલ છું, તેથી આ કાલ મુખ્ય અધિકારી ઈચ્છાશક્તિરૂપ છે. ૧૫.

(૩૪) કાલનું સામર્થ્ય કોના ઉપર ન ચાલે.

તદંતરંગદાસેષુ ન તત્સામર્થ્યમિષ્યતે ।।૧૬।।
સ હિ સર્પો યથાऽન્યેષાં મારકોऽપિ ન હિ ક્ષમઃ ।
પીતામૃતં જનં જાતુ સ્પ્રષ્ટુમાઘ્રાતુમેવ ચ ।।૧૭।।
તથા કાલોऽપિ મનુજં મહાપુરુષસંસ્થિતમ્ ।
ભકતપીયુષપાતારં ન કિંચિત્કર્ત્તુમીશ્વરઃ ।।૧૮।।

(૨૪।૧૬-૧૮)

શબ્દાર્થ : તો પણ ભગવાન્‌ના અંતરંગ દાસોની ઉપર એનું (કાલનું) સામર્થ્ય નથી. ૧૬.

જેમ આ સર્પ અન્યને મારનારો છે, તે પણ અમૃતપાન કરનારાને તો કયારેય પણ સ્પર્શ કરવામાં અને સુંઘવામાં પણ સમર્થ નથી. તેમ કાલ પણ મહાપુરુષ (શ્રીમહાપ્રભુજી)નો આશ્રય કરનાર, ભક્તિરૂપી અમૃતપાન કરનાર મનુષ્યને કાંઈ પણ કરવામાં સમર્થ નથી. ૧૭-૧૮.

(૩૫) ધર્મના છ અંગ કેવી રીતે શુદ્ધ થાય

કૃષ્ણસન્નિહિતો દેશઃ કાલઃ સત્સંગહેતુકઃ ।।૪।।
દ્રવ્ય સર્વસ્વમેવાત્ર કર્તાऽભિમતિવર્જ્જિતઃ ।
મંત્રાઃ શ્રીકૃષ્ણનામાનિ ગુણલીલાસમન્વિતાઃ ।।૫।।
કર્માણિ કૃષ્ણસેવૈવ સર્વસાધનસંગ્રહઃ ।
એતચ્છટ્કસ્ય ભક્તો હિ સત્સંગઃ સાધનં મતમ્ ।।૬।।

(૩૦।૪-૬)

શબ્દાર્થ : (૧) જ્યાં શ્રીકૃષ્ણ બિરાજતા હોય તે દેશ (સ્થાન), (૨) સત્સંગના કારણરૂપ તે કાલ (૩) પોતાનું સર્વસ્વ (પોતાના ઉપર બિરાજતા શ્રીઠાકોરજી) તે જ દ્રવ્ય (૪) જ્યાં કર્તા અભિમાન રહિત હોય (૫) શ્રીકૃષ્ણના નામ તે ગુણલીલાયુકત મંત્ર (૬) સર્વ સાધનના સંગ્રહરૂપ શ્રીકૃષ્ણની સેવા તે જ કર્મ, (૭) ભક્તિમાર્ગમાં (દેશ,કાલ,દ્રવ્ય,કર્તા,મંત્ર અને કર્મ) આ છ પદાર્થના સાધનરૂપ સત્સંગ છે. ૪-૫-૬.

કૃષ્ણસાન્નિધ્યદેશે તુ યતસ્તિષ્ઠંતિ સાધવઃ ।
કાલઃ પ્રસંગહેતુસ્તુ મિલિતસ્તૈરુદેતિ હિ ।।૭।।

સર્વસ્વસ્યોપયોગોઽપિ સિદ્ધયેત્સદ્‌બુદ્ધિદાતૃભિઃ ।
અભિમાનનિવૃતિસ્તુ તદાશ્રયવતામિહ ।।૮।।
કૃષ્ણનામસ્વરૂપાદિજ્ઞાનં તુ તત એવ હિ ।
ભગવત્સેવનંવાપિ પુરુષાર્થસ્તદૈવ હિ ।।૯।।

(૩૦।૭-૯)

શબ્દાર્થ : જેથી શ્રીકૃષ્ણની સન્નિધિવાળા દેશમાં સાધુપુરુષ રહે છે તેથી સત્પુરૂષના મળવાથી સત્સંગના કારણરૂપ કાલ ઉદય પામે છે. ૭.

સુંદર બુદ્ધિના આપવાવાળા ભગવદીયો દ્વારા સર્વસ્વનો ઉપયોગ પણ સિદ્ધ થાય, તેનાથી દ્રવ્યની ઉત્તમતા થઈ, અને એમના આશ્રયવાળાઓને અભિમાનની નિવૃત્તિ અહીં થાય તેથી કર્તાની ઉત્તમતા થઈ. ૮.

શ્રીકૃષ્ણના નામ તથા સ્વરૂપવગેરેનું જ્ઞાન પણ તેનાથીજ થાય, આ મંત્ર થયો; અને પુરૂષાર્થરૂપ શ્રીકૃષ્ણની સેવા પણ ત્યારે જ થાય, આ ઉત્તમ કર્મ સિદ્ધ થયું; આમ ભક્તિમાર્ગમાં આ છ પદાર્થની સિદ્ધિના ઉપાય ત્રણ શ્લોકથી કહ્યા છે.૯.

(૩૬) અન્યાશ્રય મહાન બાધક છે

અન્યાશ્રયો મહાનેવ બાધકો ભીયતાં તતઃ ।
તત્ક્ષણેનૈવ સચ્ચેતો વિમુખં ચ વિધાસ્યતિ ।।૪।।

(૮।૪)

શબ્દાર્થ :– અન્યાશ્રય મહાન બાધક છે તેથી અન્યાશ્રયથી ડરતા રહેવું, કેમ કે તે (જે ક્ષણે અન્યાશ્રય થયો તે જ ક્ષણે) સત્પુરુષના ચિત્તને ચોક્કસ બહિર્મુખ બનાવી દેશે. ૪.

(૩૭) ચિંતા નિવૃત્તિની (ચિંતાના વિષયોની નહિ) સિદ્ધિ કેવી રીતે થાય

નિવેદનસ્મરણતઃ સદ્‌ભિઃ સહકથાદિભિઃ ।
સદા નામગ્રહણતઃ સદા શરણભાવનાત્ ।।૧૧।।

અષ્ટાક્ષરમહામંત્રકીર્તનેન વિશેષતઃ ।
પંચાક્ષરેણ મંત્રેણ તદીયત્વવિભાવનાત્ ।।૧૨।।
વૈરાગ્યપરિતોષાભ્યાં કૃષ્ણસન્નિહિતસ્થિતેઃ ।
લૌકિકલેશજૌદાસ્યાત્ પુત્રાદ્યનનુરાગતઃ ।।૧૩।।
ગૃહવિત્તાદ્યનાસકત્યા તદીયેષ્વતિરાગતઃ ।
નવરત્ન પાઠેન સર્વચિંતા નિવર્ત્તતે ।।૧૪।।
એવં નિવૃત્તવૈમુખ્યં જનં દુઃખં ન બાધતે ।
અતસ્તન્માત્રયત્નૈસ્તુ ભવિતવ્યં ભવાદૃશૈઃ ।।૧૫।।
દુઃખેન ન વૃથા નેયઃ કાલઃ પરમદુર્લભઃ ।
કૃષ્ણસેવાનુકૂલસ્તુ નિજાચાર્યાશ્રયાશ્રિતૈઃ ।।૧૬।।
દુતં હેયા વૃથા ચિંતા પ્રાપ્તાઽપિ નિજદોષતઃ ।
ચિત્તોદ્વેગં વિધાયાઽપિત્યેતદ્વચનચિંતનાત્ ।।૧૭।।

(૨૩।૧૧-૧૭)

શબ્દાર્થ : નિવેદનના સ્મરણથી, સત્પુરૂષોની સાથે કથાવગેરે વડે, સદા ભગવન્નામગ્રહણથી, સદા શરણભાવનાથી, ચિંતા નિવૃત્ત થાય છે. ૧૧.

જો શ્રીભાગવત શ્રવણ કરવા માટે સમય-સંજોગ ન પ્રાપ્ત થાય તો અહર્નિશ નિવેદનનું સ્મરણ કર્યા કરવું અને સદા ભગવદીયોના મુખથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીગુસાંઇજીના ગ્રંથોની કથા સાંભળવી, એ પણ ન બને તો હંમેશા શ્રીકૃષ્ણના નામનું શ્રવણ કરવું. ૧૧.

અષ્ટાક્ષર મહામંત્રના કીર્તન વડે, વિશેષથી પંચાક્ષરમંત્ર વડે તદીયપણાની વિશેષભાવનાથી ચિંતા નિવૃત્ત થાય છે. ૧૨.

વૈરાગ્ય તથા સંતોષ વડે, શ્રીકૃષ્ણ (ભગવત્સ્વરૂપ)ના સન્નિધાનમાં રહેવાથી, લૌકિક કલેશમાં થયેલી જે ઉદાસીનતા તેના વડે, અને પુત્ર વગેરેમાં અપ્રીતિથી ચિંતા નિવૃત્ત થાય છે. ૧૩.

ગૃહ અને ધનમાં આસક્તિરહિત થવાથી, તદીય વૈષ્ણવજનમાં અતિ સ્નેહથી, અને નવરત્નગ્રંથના (અર્થાનુસંધાન સહિત) પાઠ કરવાથી લૌકિક-અલૌકિક સઘળી ચિંતા નિવૃત્ત થાય છે. ૧૪.

ઉપર કહ્યું તે પ્રકારથી જેમની બહિર્મુખતા નિવૃત્ત થઈ ગઈ છે, એવા વૈષ્ણવજનને દુઃખ બાધા નથી કરતું. તેથી બહિર્મુખતા નિવૃત્તિ માત્રમાં જેમનો

પ્રયત્ન છે એવા તમારા જેવાને રહેવું. ૧૫.

આપણા શ્રીમહાપ્રભુજીના આશ્રયના આશ્રિત અથવા આપણા શ્રીઆચાર્યજીના દઢ આશ્રયવાળા ભગવદીયના આશ્રિત એવા વૈષ્ણવને દુઃખ વડે ભગવત્સેવામાં અનુકૂલ આ પરમ દૂર્લભ કાલ ન વિતાવવો. ૧૬.

અને પોતાના દોષ વડે પ્રાપ્ત થયેલી એવી પણ વૃથા ચિંતા ચિત્તના ઉદ્વેગ વડે પણ ભગવાન્ જે જે કરશે તે (એમની લીલા છે) નવરત્નના વચનના ચિંતનથી તુરત જ છોડી દેવી. ૧૭.

(૩૮) વૈષ્ણવોએ લૌકિકકાર્યનો વિવેક

યથાકથંચિત્ કર્તવ્યો વ્યવહારો હિ લૌકિકઃ ।
અપકીર્તિભયાત્તેન બુદ્ધિશૈથિલ્યસંભવાત્ ।।૧૦।।

(૫।૧૦)

શબ્દાર્થ :– અપકીર્તિના ભયથી થોડોઘણો લૌકિક વ્યવહાર કરવો કેમ કે અપકીર્તિથી બુદ્ધિમાં શિથિલતા આવવાનો સંભવ છે.૧૦.

ટીકા : વિપ્રયોગ આર્તિનું સ્મરણ ત્યારે થાય જ્યારે લૌકિક-વૈદિક કાર્ય છૂટે અને સંસારમાં રહીને બધું કરવું જોઈએ કારણ કે જો લૌકિક-વૈદિક કાર્ય છોડી દઈએ તો લોકમાં અપકીર્તિ થાય લોકો ખરાબ કહે. ત્યારે આપણા મનમાં ક્ષોભ થાય અને ક્રોધ આવે તો આપણા માર્ગમાંથી બુદ્ધિ શિથિલ થઈ જાય. તેથી લોકોની અપકીર્તિના ભયથી થોડુંઘણું લૌકિક-વૈદિક કાર્ય કરવું. જેમાં પોતાનો ધર્મ ગુપ્ત રાખવો મન વ્યવહાર વગેરેમાં ન લગાડવું. બે-ચાર ઘડી વ્યવહાર કરવો આ સિદ્ધાન્ત થયો.૧૦

અતો હિ લૌકિકઃ કલેશો નાંતરઃ ક્રિયતાં ક્વચિત્ ।
બાહ્યતસ્તુ પ્રકર્તવ્યો હ્યૌદાસીન્યપ્રસાધનાત્ ।।૨૬।।

(૪।૨૬)

શબ્દાર્થ :– તેથી અંતરમાં લૌકિક કલેશ ક્યારેય પણ ન કરવો અને ઉદાસીનતાની સિદ્ધિને માટે બહારથી તો (લૌકિક કાર્યો) કર્તવ્ય છે.૨૬.

આવશ્યકો હિ કર્તવ્યસ્તદીયૈર્લૌકિકવ્યયઃ ।
અનાસક્તૌ લૌકિકં તુ વર્દ્ધતે ન ચ બાધતે ।।૫।।

(૪૧।૫)

શબ્દાર્થ :- તદીયોએ જેટલું આવશ્યક હોય તેટલું જ લૌકિકમાં વાપરવું (રહેવું), આસક્તિ ન હોય તો પણ લૌકિક તો વધે છે, બાધ નથી કરતું. ૫.

કેવલૌદરિકત્વં તુ તદીયાનાં ન ચોચિતમ્ ।
ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિઃ ।।૨।।

(૧૮।૨)

શબ્દાર્થ : તદીયોને કેવળ ઉદરભરણસંબંધી વ્યાપાર કરવો ઉચિત નથી, કેમ કે કૃપાના નિધિ પ્રભુ પોતાના સેવકોના ઉદરને શું પુરુ નહીં કરે? પુરશેજ.૨.

(૩૯) સેવા ક્યા પ્રયોજનથી અને કેવી રીતે કરવી

બર્હિપિચ્છશિરોભૂષં શૃંગારરસરુપિણમ્ ।
એવંવિધાનંતગુણં વિધાય હૃદયે સદા ।।૧૧।।
તસ્ય સેવા પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે ।।૧૨।।

શબ્દાર્થ :- મયૂરપિચ્છનો છે મુકુટ જેમનો, એવા અને શૃંગારરસરુપ એવા અનંતગુણવાળા શ્રીકૃષ્ણની હંમેશા હૃદયમાં સ્થાપન કરીને સ્વધર્મથી જીવે ત્યાં સુધી એમની સેવા કરે, ફલ માટે, ભોગ માટે, પ્રતિષ્ઠા સિદ્ધ કરવા માટે ન કરે. ૧૧-૧૨.

શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેપિ કદાચન ।
ન કલ્પિત પ્રકારેણ ન દુર્ભાવસમન્વયાત્ ।।૧૩।।

(૧૮।૧૧-૧૩)

શબ્દાર્થ :- શ્રીમદાચાર્યજીએ સર્વનિર્ણયમાં સેવાપ્રકારનું નિરુપણ કર્યું છે તે રીતિથી સેવા કરે, અન્યમાર્ગપ્રમાણે કયારેય ન કરે, કલ્પિતપ્રકારથી ન કરે, અને દુર્ભાવ આવી જાય તેમ ન કરે. ૧૩.

(૪૦) અલૌકિક પરિકરની સમાન કોઇને ગણવા નહીં

શ્રીકૃષ્ણઃ શ્રીમદાચાર્યસ્તથા શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।
તથા લીલાસ્થસામગ્રીર્નૈતત્સામ્યં કદાચન ।।૧૩।।

(૩।૧૩)

શબ્દાર્થ :– શ્રીકૃષ્ણ, શ્રીમદાચાર્યજી, શ્રીગુસાંઇજી, અને બધી લીલા સામગ્રી આ બધાની બરોબર લૌકિકમાં કયારેય પણ કાંઈ નથી. ૧૩.

તત્ત્વં વિદિત્વા પરમં યશોદોત્સંગલાલિતમ્ ।
શ્રીમદાચાર્યતત્પુત્રાન્ હિત્વાઽસ્મત્સ્વામિનીરપિ ।।૧૪।।
તત્તુલ્યબુદ્ધ્યા નાશઃ સ્યાત્સર્વથેતિ વિનિશ્ચયઃ ।
એતાવતી સતી શિક્ષા સંક્ષિપ્ત ધ્રિયતાં હૃદિ ।।૧૫।।

(૧૮।૧૪-૧૫)

શબ્દાર્થ :– શ્રીયશોદાજીના ખોળામાં લાલિત શ્રીકૃષ્ણને પરમ તત્ત્વ જાણીને તથા શ્રીમદાચાર્યજી, એમના પુત્ર અને વ્રજભક્તો સિવાય એમના સમાન કોઈમાં પણ બુદ્ધિ રાખવાથી સર્વથા નાશ થાય એ ચોક્કસ છે આટલી સત્ય સંક્ષેપ શિક્ષા હૃદયમાં ધારણ કરવી. ૧૪-૧૫.

(૪૧) માનસી સેવાની સિદ્ધિમાં બાધક તત્ત્વ

તસ્યાં તુ વિસ્મૃતિર્ભાવ્યા જગતઃ સર્વથા ધ્રુવમ્ ।
તદભાવે માનસી તુ સેવનાન્નૈવે સિદ્ધ્યતિ ।।૩૧।।
તદ્‌બાધકાનીંદ્રિયાણિ વિષયા લૌકિકી મતિઃ ।
પ્રતિબન્ધસ્તથોદ્વેગો ભોગોઽપ્યત્રૈવ લૌકિકઃ ।।૩૨।।
દુષ્ટાન્નભક્ષણં ચાપિ હ્યસમર્પિતંભક્ષણમ્ ।
અસત્સંગઃ સર્વથા હિ ભાવબાધક ઈષ્યતે ।।૩૩।।

(૯।૩૧-૩૩)

શબ્દાર્થ : આ માનસી સેવામાં તો દરેક પ્રકારથી જગતની નિશ્ચલ વિસ્મૃતિ થવી જોઇએ, તેના અભાવમાં સેવનથી માનસી સિદ્ધ ન થાય. ૩૧.

ટીકા : તનુજા-વિત્તજા સેવા મન લગાડીને કરે તો સર્વજગત્

દેહસંબંધી પદાર્થની વિસ્મૃતિ થાય. માનસી સેવાનો આ ભાવ છે કે સંપૂર્ણ જગત્‌ને દરેક પ્રકારથી ભુલાવે આ નિશ્ચય જાણવું. પોતાનું દેહાનુસંધાન, ખાનપાન, નિદ્રા વગેરે બધું ભુલી જાય, આ પ્રકારે ભાવાવિષ્ટ થઈ મનમાં સેવા કરી સ્વરૂપાનંદનો અનુભવ કરે ત્યારે જાણવું કે ભાવરૂપ માનસી સિદ્ધ થઈ, પહેલાં તો તનુજા-વિત્તજા સેવા જ દુર્લભ છે ત્યાં માનસી ક્યાંથી સિદ્ધ થાય? તેથી તેમાં બાધક છે તે કહે છે. ૩૧.ટીકા.

ઈન્દ્રિય, વિષય, લૌકિક બુદ્ધિ, પ્રતિબન્ધ તથા ઉદ્વેગ અને અહીં લૌકિક ભોગ આ બધા માનસી સેવાના બાધક છે. ૩૨.

ટીકા : .... જે ઈન્દ્રિય તથા મન વિષયમાં મગ્ન છે તેનાથી પ્રથમ ઉદ્વેગ પછી પ્રતિબંધ પછી ભોગ પછી કેવલ લોકિક થઈ જાય. ત્યાં કહે છે કે ઈન્દ્રિયોને વિષયમાં જોડે એવી બુદ્ધિ સેવામાં કેમ થાય છે? ત્યાં કહે છે.૩૨.ટીકા.

દુષ્ટના અન્નનું ભક્ષણ અથવા દુષ્ટ (અપવિત્ર) અન્નનું ભક્ષણ અને અસમર્પિતનું ભક્ષણ તથા અસત્સંગ (દુઃસંગ) આ દરેક પ્રકારથી ભાવમાં બાધક છે.૩૩.

(૪૨) મુખારવિંદની ભક્તિ અને ચરણારવિંદની ભક્તિ

શ્રીકૃષ્ણઃ સર્વદા સેવ્યઃ ફલં પ્રાપ્ય સ્વતસ્તુ સઃ ।
મુખારવિંદ ભકત્યૈવ સાક્ષાત્સેવૈકરુપયા ।।૧।।

ચરણાત્મકભકત્યા તુ ધર્મસેવાત્મકરુપયા ।
ધર્મદ્વારા તદ્વિશિષ્ટઃ પ્રભુ પ્રાપ્યો ન સંશયઃ ।।૨।।
તત્ર સાયુજ્યસંબંધો ન લોભામૃતસેવનમ્ ।
મુખારવિંદભકતૌ તુ સાક્ષાત્ તત્સેવનં મતમ્ ।।૩।।
એતાદૃકફલિકા ભકિતર્ભવેત્કેવલપુષ્ટિતઃ ।
તત્રાપિ મુખરુપાસ્મદાચાર્યાનુગ્રહાત્ પુનઃ ।।૪।।
અત એતદ્‌ભક્તિમદ્‌ભિઃ શ્રીમદાચાર્યસંશ્રયઃ ।
પ્રથમં સર્વથા કાર્યસ્તત એવાખિલં ભવેત્ ।।૫।।

(૩૪।૧-૫)

શબ્દાર્થ :- સાક્ષાત્ સેવારુપ મુખારવિંદની ભક્તિ છે, એટલા માટે જ

(સહજ) પ્રાપ્ય ફલ આ શ્રીકૃષ્ણ છે, તે સર્વદા સેવ્ય છે.૧.

ટીકા : આપણા પુષ્ટિમાર્ગમાં જે કોઈ સ્થિત છે, તેમનો આ જ ધર્મ છે, શ્રીકૃષ્ણની સેવા જ કર્તવ્ય છે. કોઈપણ સમયમાં બીજું સાધન કર્તવ્ય નથી, તેનાથી જ પુષ્ટિમાર્ગના ફલની પ્રાપ્તિ આપમેળે સિદ્ધ થાય, કેમ કે જે મુખારવિંદની ભક્તિ છે તે સાક્ષાત્ સ્વરૂપસેવાથી સિદ્ધ થાય છે. જેમાં દર્શન, સ્પર્શ, સર્વાંગસુખનો અનુભવ છે, તેથી સ્વરૂપસેવામાં સાક્ષાત્કાર છે, આ મુખારવિંદની ભક્તિ કહી, તે સર્વોપરિ છે. ૧.

ધર્મસેવાસ્વરૂપ ચરણાત્મક ભક્તિવડે ધર્મવિશિષ્ટ પ્રભુ પ્રાપ્ત થાય તેમાં સંશય નથી. ૨.

ચરણારવિંદની ભક્તિમાં સાયુજ્ય સંબંધ છે, લોભાત્મક અધરામૃતનું સેવન નથી, અને મુખારવિંદની ભક્તિમાં તો એનું સાક્ષાત્ સેવન છે.૩.

લોભાત્મક અધરામૃતના સેવનરૂપ ફલ સિદ્ધ કરનારી ભક્તિ કેવલ પુષ્ટિથી થાય તેમાં પણ પાછું (શ્રીકૃષ્ણના) મુખારવિંદરૂપ આપણા શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીના અનુગ્રહથી થાય. ૪.

ટીકા : ... કેમકે મુખારવિંદની ભક્તિ શ્રીસ્વામિનીજીની છે, તે શ્રીસ્વામિનીજીના વિપ્રયોગભાવાત્મક પુષ્ટિભક્તિ શ્રીવલ્લભાચાર્યજીએ જ પ્રકટ કરી છે, તેથી શ્રીઆચાર્યજી જ્યારે અનુગ્રહ કરીને આ મુખારવિંદની ભક્તિનું દાન કરે ત્યારે સિદ્ધ થાય. ૪.

તેથી જ આ (મુખારવિંદની) ભક્તિવાળાઓને પ્રથમ શ્રીમદાચાર્યજીનો આશ્રય સર્વથા કર્તવ્ય છે તેના દ્વારા જ બધું સિદ્ધ થાય.૫.

(૪૩) આવી ભક્તિની અવસ્થા તથા સાધન વગેરેનું નિરૂપણ

અતઃ પરં તુ તદ્ ભક્તેરવસ્થાસાધનાદિકમ્ ।
નિરુપ્યતે સ્વતોષાયત્કૃપાતો હૃદિસ્થિતમ્ ।।૬।।

શબ્દાર્થ :- ઉપર જે બે પ્રકારની ભક્તિનું નિરૂપણ કર્યું હવે આ ભક્તિની અવસ્થા અને સાધન વગેરે એમની કૃપાથી હૃદયમાં સ્થિત છે તે મારા તથા મારા ભગવદીયોના સંતોષને માટે નિરૂપણ કરૂં છું. ૬.

યથા મર્યાદયા ભક્તૌ બ્રહ્મભાવસ્તુ સાધનમ્ ।

તથા સર્વાત્મભાવોઽત્ર સાધનત્વેન બુદ્ધ્યતામ્ ॥૭॥

શબ્દાર્થ :– જેમ મર્યાદાભક્તિમાં બ્રહ્મભાવ છે એ જ સાધન છે, તેમ આ પુષ્ટિમાર્ગીય ભક્તિમાં સર્વાત્મભાવ છે તે સાધનપણાથી જાણવો. ૭.

વસ્તુતસ્તુ ફલં ચૈવ ફલં સ્યાત્તત્પ્રવેશતઃ ।
તત્સ્વરૂપં તુ સર્વેષાં દેહાંતઃકરણાત્મનામ્ ॥૮॥
યેન ભાવેન ભગવત્યાત્મકભાવો હિ જાયતે ।
યસ્માદ્ભાવાત્સ્વદેહાદિ સકલં સ્યાત્તદર્થકમ્ ॥૯॥

શબ્દાર્થ :– વસ્તુતાથી તો આ સર્વાત્મભાવ ફલરૂપ જ છે. કેમકે જે સર્વાત્મભાવનો ભીતર પ્રવેશ થાય ત્યારે ફલ સિદ્ધ થાય, તેનું સ્વરૂપ તો દેહ, અંતઃકરણ, આત્મા, સર્વના જે ભાવવડે ભગવાન્માં આત્મભાવ નિશ્ચય થાય, જે ભાવથી આપણા દેહવગેરે સમગ્ર ભગવદર્થ બને. ૮-૯.

ન દેહાદ્યર્થસિદ્ધ્યર્થં ભગવાનપ્યપેક્ષતે ।
યતો દેહાદિરક્ષાપિ પ્રભુલીલોપયોગતઃ ॥૧૦॥
ન સ્વાર્થબુદ્ધ્યા સ્વાર્થોઽપિ ભગવાનેવ યત્ર હિ ।
યેન ભાવેનાનિમિત્તા પ્રીતિર્ભવતિ વૈ હરૌ ॥૧૧॥

શબ્દાર્થ :– દેહ વગેરે અર્થની સિદ્ધિને માટે ભગવાન્ની અપેક્ષા નથી રાખતાં, જેથી દેહવગેરેની રક્ષા પણ પ્રભુની લીલામાં ઉપયુક્ત થવા માટે છે, સ્વાર્થબુદ્ધિથી નથી, જ્યાં સ્વાર્થ પણ ભગવાન્ જ છે જે ભાવ વડે નિશ્ચય નિષ્કારણ પ્રીતિ થાય છે. ૧૦-૧૧.

ટીકા : આ ભગવત્સેવા પણ દેહવગેરેની સિદ્ધિને માટે તથા દેહસંબંધી કુટુંબ, દ્રવ્યવગેરેની કામના માટે ન કરવી, પોતાના ભોગ, સુખ કાંઈપણ ન વિચારવા, કેવલ ભગવાન્ની જ અપેક્ષા રાખવી કે પ્રભુને કયા પ્રકારે સુખ પ્રાપ્ત થાય? રખેને કોઈ અપરાધથી પ્રભુને દુઃખ થાય, આવા પ્રકારથી પ્રભુનું સુખ વિચારવું તથા ભગવાન્ના દર્શનની, સ્વરૂપાનંદના અનુભવની અપેક્ષા રાખવી, દેહ વગેરેના ભોગ સુખ ન વિચારવા, મહાપ્રસાદ લેવામાં પણ આ ભાવ રાખે કે પ્રભુની સેવામાં સામર્થ્ય આવે, ઈન્દ્રિયો વગેરે શિથિલ ન થઇ જાય, ... આ જ ભાવથી વ્રજભક્તોએ પણ પોતાના દેહની રક્ષા કરી છે તેમાં પોતાનું સુખ નથી વિચાર્યું આ પ્રકારથી દેહવગેરેની રક્ષા પ્રભુસેવાર્થ વિચારથી કરવી. ૧૦. કાંઇક લૌકિક વૈદિક ફલ સિદ્ધ થશે તથા પ્રભુની સેવાથી કૃતાર્થ થઈશ આવી

સ્વાર્થબુદ્ધિથી ભગવત્સેવા ન કરવી, ... પ્રભુની સેવામાં પોતાની સ્વાર્થબુદ્ધિ ન કરવી અને ગૌણભાવથી ક્રિયાવત પણ ન કરવી. ભાવસહિત પ્રીતિપૂર્વક કરવી, કેમ કે ભગવાન્‌ને એકમાત્ર પ્રીતિથી ધરે તે પ્રિય લાગે છે, જેમ પદ્મનાભદાસજીના છોલા પ્રીતિથીજ અરોગ્યા તેથી સેવા પ્રીતિપૂર્વક કરવી. ૧૧.

ન ફલાકાંક્ષણં યત્ર લૌકિકાનાં યથા ધને ।
તદભાવે યથાલોકાદુઃખેનાસૂંસ્યજંતિ હિ ।।૧૨।।

શબ્દાર્થ :– જ્યાં ફલની ઈચ્છા નથી જેમ લૌકિકોને ધનમાં પ્રીતિ છે તે ધનનો નાશ થાય તો જેમ દુઃખવડે પ્રાણ ત્યાગી દે છે તેવી રીતે પ્રભુની સેવાના અભાવમાં પ્રાણત્યાગ સમાન દુઃખ થાય. ૧૨.

સર્વત્યાગસ્તુ સહજો યત્ર લૌકિકવેદયોઃ ।
નૈરપેક્ષ્યં સ ભાવસ્તુ સર્વભાવો નિગદ્યતે ।।૧૩।।

શબ્દાર્થ :– જેમાં લૌકિકવૈદિકનો સર્વત્યાગ સહજ થાય અને નિરપેક્ષતા હોય તે ભાવ તો સર્વભાવ કહેવામાં આવે છે. ૧૩.

તથાત્ર દૈન્યમેવૈકં માર્ગે ન શ્રવણાદિકમ્ ।
દૈન્યેનૈવ ચ સંતુષ્ટઃ પ્રાદુર્ભૂતઃ ફલં દદૌ ।।૧૪।।
તદેવાત્ર હિ સંસેવ્યં દૈન્યં પ્રસિદ્ધ્યતિ ।
યદ્દૈન્યનાશકં તદ્ધિ વિરોધિ સકલં મતમ્ ।।૧૫।।
એતન્માર્ગાંગીકૃતૌ હિ હરિર્દૈન્યં વિવર્દ્ધયેત્ ।
મદાદિજનકંદુષ્ટંનાશયત્યપિ લૌકિકમ્ ।।૧૬।।

શબ્દાર્થ :– (જેમ સર્વાત્મભાવ રાખવો) તેમ આ માર્ગમાં દૈન્ય જ એક (મુખ્ય) છે, શ્રવણાદિક (સાધનબલ) મુખ્ય નથી, દૈન્ય વડે જ (વ્રજભક્તોને) પ્રસન્ન થયેલા પ્રભુએ પ્રકટ થઈને ફલ આપ્યું. ૧૪.

જેનાથી (આ માર્ગથી) દૈન્યસિદ્ધ થાય છે, તેથી આ માર્ગ સંપૂર્ણપણાથી ગ્રહણ કરવા યોગ્ય છે અને જે દૈન્યનો નાશ કરનારા છે, તે બધા વિરોધી જાણવા. ૧૫.

ટીકા :– .... આમ કહીને એ બતાવ્યું કે પુષ્ટિમાર્ગ વિના અન્યમાર્ગની જેટલી ક્રિયા સાધન છે તે બધા પુષ્ટિમાર્ગના ફલથી વિરોધી છે, આ નિશ્ચય મનમાં જાણીને અન્યમાર્ગની ક્રિયા ક્યારેય ન કરવી. ૧૫.

આ માર્ગમાં અંગીકાર થાય તો હરિ નિશ્ચય દૈન્યવૃદ્ધિ કરે છે, મદ વગેરેની ઉત્પત્તિ કરવાવાળુ દુષ્ટ જે લૌકિક છે, તેનો પણ નાશ કરે છે અથવા મદવગેરેને ઉત્પન્ન કરનાર જે દુષ્ટ લૌકિક, તેનો નાશ કરીને પણ આ માર્ગનો અંગીકાર થાય તો હરિ નિશ્ચય દૈન્યવૃદ્ધિ કરે છે. ૧૬.

સ્વાંગીકૃતેર્હિ નિર્વાહઃ પ્રભુણૈવ વિધીયતે ।
જીવાઃ સ્વભાવદુષ્ટા હિ પ્રચલેયુઃ કથં તથા ।।૧૭।।
અતો દંડપ્રદાનેન પિતેવાચરતિ પ્રભુઃ ।
દંડોઽપ્યનુગ્રહત્વેન મંતવ્યસ્તુ તદાશ્રિતૈઃ ।।૧૮।।

શબ્દાર્થ :– જેમને પ્રભુએ અંગીકાર કર્યા છે, તેમનો નિર્વાહ પ્રભુથી જ થાય છે, જીવ સ્વભાવથી દુષ્ટ છે તે તેમ કેવી રીતે ચાલે. ૧૭.

તેથી પિતાની જેમ દંડપ્રદાન કરીને પ્રભુ હિત કરે છે, તેથી એમના આશ્રયવાળાઓને દંડ થાય તો પણ અનુગ્રહરૂપ માનવો. ૧૮.

દંડદાનં સ્વકીયેષુ પરકીયેષ્વુપેક્ષણમ્ ।
આર્ત્તિરેવાત્ર સતતં ભાવ્યા કૃષ્ણપરોક્ષતઃ ।।૧૯।।

શબ્દાર્થ :– પ્રભુ પોતાના જનને દંડ આપે છે અને પરકીય (બીજાના આશ્રિત) જીવ હોય તેની ઉપેક્ષા કરે છે તેથી અહીં શ્રીકૃષ્ણ પરોક્ષ છે તેથી નિરંતર આર્તિ જ કર્તવ્ય છે. ૧૯.

અત્ર ભક્તાર્ત્તિદષ્ટ્યૈવ મુદિતો હિ હરિર્ભવેત્ ।
સંગો ભાવવતામેવ ભાવવૃદ્ધિર્યતો ભવેત્ ।।૨૦।।

શબ્દાર્થ :– આ પુષ્ટિમાર્ગમાં પ્રભુ ભકતની આર્તિયુકત દષ્ટિવડે જ પ્રસન્ન થાય છે, તેથી ભાવવાળા ભગવદીયોનો જ સંગ કરવો જેથી ભાવની વૃદ્ધિ થાય.૨૦.

વ્યાઘ્રસ્યાગ્રે યથા દેહિ તથા દુઃસંગતો બિભેત્ ।
દુઃસંગ એવ ભાવસ્ય નાશકઃ સર્વથા મતઃ ।।૨૧।।
દુઃસંગતશ્ચ્યુતાઃ સર્વે શ્રુતા હિ ભરતાદયઃ ।
દુઃસંગાન્નજદોષાભ્યામભૂદ્‌ભિષ્મો બહિર્મુખ ।।૨૨।।

શબ્દાર્થ :– જેમ વાઘની પાસે દેહી ભય પામે છે, તેમ દુઃસંગથી ભય રાખવો, કેમ કે તે દુઃસંગ જ સર્વથા ભાવનો નાશ કરનાર માનેલો છે. ૨૧.

દુઃસંગથી જ ભરત વગેરે પડયા છે, તે આપણે સાંભળ્યું છે, દુઃસંગ અને અન્નદોષથી ભીષ્મ બહિર્મુખ થયા (અર્થાત્ શ્રીઠાકોરજીની સાથે લડવામાં તત્પર થયા). ૨૨.

લૌકિકાભિનિવેશાત્તુ મનોનિષ્કાસનં સદા ।
અલૌકિકસ્તુ તદ્ ભાવસ્તેનાપિ ચ વિનશ્યતિ ।।૨૩।।
વૈરાગ્યપરિતોષૌ ચ હૃદિ ભાવ્યો નિરંતરમ્ ।
તદભ્યાસાત્તુ મનસઃ કદાચિન્નિર્ગતિસ્તતઃ ।।૨૪।।

(૩૪।૬-૨૪)

શબ્દાર્થ :– લૌકિક આવેશથી તો હંમેશા મનને કાઢવું, અલૌકિક ભાવ તો લૌકિક આવેશથી જ નાશ પામે છે. ૨૩.

વૈરાગ્ય અને સંતોષ નિરંતર હૃદયમાં રાખવા, તેના અભ્યાસથી તો લૌકિક અભિનિવેશથી કોઈક દિવસે તે મન નિકળશે. ૨૪.

(૪૪) ભક્તિમાં બે મહાન બાધક

કામાભાવાય વૈરાગ્યં ચિન્ત્યં ચેતસિ સર્વથા ।
પરિતોષસ્ત્વલોભાય ભક્તૌ તાવેવ બાધકો ।।૨૫।।
કામેન્દ્રિયવૈમુખ્યં લોભે પાખંડસંભવઃ ।
ક્રોધસ્તુ મધ્યપાતિત્વાન્મહાબાધક ઈર્ષ્યતે ।।૨૬।।
યતો માર્ગીયસર્વસ્વદૈન્યભાવવિનાશકઃ ।
દૈન્યં સર્વેષુ કાર્યેષુ કૃષ્ણસેવાકથાદિષુ ।।૨૭।।
બીજં યથા મંત્રશાસ્ત્રે તદ્યુકતમીખિલં ભવેત્ ।
તદભાવે ન સેવાદિ સકલં પુષ્ટિસાધકમ્ ।।૨૮।।

(૩૪।૨૫-૨૮)

શબ્દાર્થ :– કામના અભાવને માટે ચિત્તમાં નિશ્ચય વૈરાગ્યનું ચિંતન કરવું અને સંતોષ તો લોભના અભાવ માટે રાખવો, કેમ કે જે ભક્તિમાં બાધક છે તે આ બે (કામ અને લોભ) જ બાધક છે. ૨૫.

કામ વડે ઈન્દ્રિયોની વિમુખતા થાય, લોભમાં પાખંડનો સંભવ થાય, (એટલે કે જેને લોભ હોય તે દ્રવ્યવગેરે માટે અનેક પાખંડ કરે) અને ક્રોધ તો

(કામ-ક્રોધ-લોભ આ ત્રણમાં) વચ્ચે રહેનારો છે, તેથી મહાબાધક છે. ૨૬.

ટીકા : કામ પ્રકટ થવાથી વિષયાદિક વડે બધી ઈન્દ્રિયો શ્રીભગવાન્‌થી તથા ભગવદ્ધર્મમાં બહિર્મુખ થઈ જાય, ઈન્દ્રિયોમાં વિષયાવેશ થાય છે અને લોભ હૃદયમાં હોય તો તેના કારણે પાખંડ પ્રકટ થાય છે. ''સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાષંડી સ્યાત્તુ કાલતઃ'' (સં.નિ.૫) વગેરે વચનથી કામ અને લોભ બાધક છે, તેમાં મધ્યપાતી (વચ્ચે રહેનારો) ક્રોધ છે, કામ વગેરે ન સંતોષાય ત્યારે ક્રોધ આવે, તેવી જ રીતે લોભની વસ્તુ સિદ્ધ ન થાય ત્યારે ક્રોધ ઉપજે, તેથી ક્રોધ પ્રકટ થવાનું કારણ કામ અને લોભ છે, ક્રોધ વડે પાછળથી મોહ પેદા થાય, આવા બધા દોષો પ્રકટ થાય, ત્યારે અષ્ટપ્રહર લૌકિક આવેશ, લૌકિકનું ધ્યાન, હૃદયમાં રહે અને તેનાથી દૈન્યનો નાશ થાય. ૨૬.

જેથી (ક્રોધ) પુષ્ટિમાર્ગના સર્વસ્વરૂપ દૈન્યનો નાશ કરનારો છે. શ્રીકૃષ્ણની સેવા અને કથા વગેરે સર્વકાર્યમાં દૈન્ય બીજ છે. જેમ મંત્રશાસ્ત્રમાં બીજયુકત મંત્ર ફલ આપનારો હોય છે, તેવી રીતે આ પુષ્ટિમાર્ગમાં સેવા વગેરે દૈન્યયુકત થાય તો ફલ આપનારા થાય છે. દૈન્યનો અભાવ હોય તો સેવા વગેરે બધું પુષ્ટિ (ભગવદનુગ્રહ) ને સિદ્ધ કરનારા નથી થતાં. ૨૭-૨૮.

(૪૫) ત્રણે માર્ગમાં ત્રણ પ્રકારના દુષ્ટો અને તેના સ્વરૂપ

દુષ્કર્મા કર્મદુષ્ટઃ સ્યાત્ જ્ઞાનદુષ્ટોऽન્યથાદૃશિઃ ।
પ્રીતિશૂન્યો ભક્તિદુષ્ટસ્તત્તન્માર્ગગતસ્ત્યજેત્ ।।૧૩।।

(૩૫।૧૩)

શબ્દાર્થ :- દુષ્ટકર્મવાળો કર્મદુષ્ટ હોય છે, વિપરિત દષ્ટિવાળો જ્ઞાનદુષ્ટ હોય છે, અને પ્રીતિશૂન્ય ભક્તિદુષ્ટ હોય છે. તેથી ભક્તિમાર્ગમાં રહેનારા આ (ત્રણ) ને તજી દે. અથવા જે-જે માર્ગમાં આવા ત્રણ પ્રકારના દુષ્ટ હોય, તે-તે માર્ગમાં રહેનારા આને તજી દે. ૧૩.

ભગવદ્વેષિતાં યાતઃ સ તુ તક્ષક એવ હિ ।
યથા વિપ્રાર્ભકવચઃપ્રેરિતઃ ક્રોધમૂર્ચ્છિતઃ ।।૬।।
અદશત્સ સમાગત્ય મહાભકતં પરીક્ષિતમ્ ।
તથા દુર્જનવાકયૈકપ્રેરિતો હ્યતિતામસઃ ।।૭।।
અવજ્ઞયા દુર્વચનૈરધિક્ષેપેણ મામયમ્ ।

દુષ્ટકર્મા ભૌતિકો દુષ્ટઃ સ સાધ્યઃ સત્ક્રિયોક્તિભિઃ ।।૮।।

આધ્યાત્મિકો જ્ઞાનશૂન્યો હ્યન્યથાજ્ઞાનવાનપિ ।
કષ્ટસાધ્યઃ કદાચિત્સ તત્ત્વબોધેન શુદ્ધ્યતિ ।।૯।।

પ્રીતિશૂન્યો મહાદુષ્ટઃ સ ન સાધ્યઃ કથંચન ।
યથા નપૂંસકો નૈવ હ્યોષધૈઃ પુરુષૌ ભવેત્ ।।૧૦।।
યથા ત્રિદોષગ્રસ્તો ન કથંચિદપિ જીવતિ ।
પ્રીતિશૂન્યો નિરશ્ચ ન તથા શ્રવણાદિભિઃ ।।૧૧।।

(૩૫।૬-૧૧)

શબ્દાર્થ :– શ્રીભગવાન્‌ના દ્વેષીપણાને પ્રાપ્ત થયેલો તે તો તક્ષક જ છે, જેમ બ્રાહ્મણના બાલક (શૃંગીઋષી) એ મોકલેલો અને ક્રોધ વડે મૂર્ચ્છિત (જ્ઞાનરહિત) થયેલો એવો તક્ષક આવીને મહાભકત પરીક્ષિત રાજાને ડસ્યો, તેમ દુર્જનના વચનથી જ મોકલેલો એવો અતિ તમોગુણી આ દુષ્ટકર્મ કરવાવાળો નિંદા, દુર્વચન અને તિરસ્કાર કરીને મને ડસે છે તે આધિભૌતિક દુષ્ટ જાણવો; તે સારી ક્રિયા અને વચનવડે સાધ્ય છે. ૬-૭-૮.

ટીકા :– ..... હવે શ્રીહરિરાયજી કહે છે કે આ કલિકાલમાં જીવ દુષ્ટ થયા છે તેમાં ત્રણ પ્રકારના દુષ્ટ છે, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. તેમાં આધિભૌતિક અને આધ્યાત્મિક તો કોઈક સમયે ભગવદ્ધર્મમાં આવે, પરંતુ આધિદૈવિક દુષ્ટ તો કયારેય પણ ભગવદ્ધર્મમાં ન આવે. આવા દુષ્ટનો સંગ કયારેય ન કરવો. આ ત્રણેય દુષ્ટ કેવી રીતે જાણવામાં આવે તેના માટે ત્રણેયના અલગ-અલગ લક્ષણ કહે છે. અનેક દુર્વચન બોલે, અજ્ઞાનના કારણે અવજ્ઞા કરે, દુર્વચનથી પોતાના મનને વિક્ષેપ કરે, બીજાના મનને વિક્ષેપ કરે અને શરીરથી દુષ્ટ કર્મ કરે, પાપાચરણ કરે તે ભૌતિક દુષ્ટ જાણવો. આવા દુષ્ટને સારા ભગવદીયનો જ્યારે સંગ થાય ત્યારે ભગવત્સેવા વગેરે બધું કરે, કડવું બોલવાનું પણ છૂટી જાય, મનનો વિક્ષેપ પણ છૂટી જાય, ભગવદીયના સંગથી ભૌતિકદુષ્ટને જલ્દી ભક્તિની પ્રાપ્તિ થાય. ૮.

જ્ઞાનશૂન્ય અને અન્યથા (વિપરિત) જ્ઞાનવાળો આધ્યાત્મિક દુષ્ટ જાણવો, તે પણ કષ્ટસાધ્ય છે, તે કોઈ સમયે તત્ત્વબોધ વડે શુદ્ધ થાય છે. ૯.

પ્રીતિથી શૂન્ય જે મહાદુષ્ટ છે તે કાંઈપણ ઉપાયથી સાધ્ય નથી. જેમ નપુંસક હોય તે કોઈપણ ઔષધથી પુરૂષ ન થાય, જેમ ત્રિદોષ(વાત, પિત્ત, કફ) ગ્રસ્ત હોય તે કોઈ રીતે પણ જીવતો નથી, તેમ પ્રીતિશૂન્ય નીરસ

શ્રવણવગેરેથી સિદ્ધ ન થાય. ૧૦-૧૧.

ટીકા :- પ્રીતિથી શૂન્ય છે તે મહાદુષ્ટ આધિદૈવિક દુષ્ટ અસાધ્ય જાણવો, કરોડોકલ્પ સુધી સત્સંગ થાય પરંતુ કોઈપણ રીતે જ્ઞાન તેના હૃદયમાં ન લાગે. કેવલ પ્રવાહી આસુરીનું મન શ્રીભગવાન્‌માં અને ભગવદ્ધર્મમાં કયારેય ન લાગે. તેનું લૌકિક દષ્ટાંત કહે છે. જેમ નપુંસક હોય તેને કરોડો ઔષધ આપો પરંતુ કોઈપણ રીતે તે પુરુષ ન થાય, તેમાં પુરુષાર્થ ન આવે તેવી જ રીતે આધિદૈવિક મહાદુષ્ટને ભગવત્સંબંધી જ્ઞાન ન લાગે. ૧૦.

જેમ ત્રિ (વાત, પિત્ત, કફ) દોષથી ઘેરાયેલો રોગી જીવે નહિં. તેને કોઈ ઔષધ લાગુ ન પડે, તેમ પ્રીતિશૂન્ય નીરસ (ભક્તિરસરહિત) મહાદુષ્ટ છે, તે ગમે તેટલી ભગવત્કથાનું શ્રવણ કરે પરંતુ રંચક પણ હૃદયમાં ભગવાન્ પ્રત્યે મન ન થાય, તે પ્રવાહી આસુરી જીવના જેવા જાણવા..... ૧૧.

(૪૬) ભગવદ્‌ભાવરૂપ નિધિની રક્ષા કેવી રીતે કરવી

નિધિઃ પ્રાપ્તઃ સુસંરક્ષ્યો દુઃસંગાદિકતઃ સદા ।
ત્યક્ત્વાऽપિ લોકસંકોચં યથાવન્હિર્જલાદિભિઃ ॥૧॥

શબ્દાર્થ :- જે ભગવદ્‌ભાવરૂપ નિધિ પ્રાપ્ત થઈ છે તે લોકના સંકોચનો પણ ત્યાગ કરીને નિરંતર દુઃસંગથી સારી રીતે જલથી અગ્નિની જેમ રક્ષા કરવા યોગ્ય છે. ૧.

વહ્નિવદ્‌ભગવદ્‌ભાવઃ સત્સંગવ્યવધાનતઃ ।
નાશયેત્ સંસૃતિં તદ્‌વ્યત્પાત્રવ્યવહિતં જલમ્ ॥૨॥

શબ્દાર્થ :- અગ્નિરૂપ ભગવદ્‌ભાવ સત્સંગના વ્યવધાનથી સંસૃતિ જે અહંતામમતાત્મક સંસારરૂપ દુઃસંગ તેનો પાત્રના વ્યવધાનયુકત જલની જેમ નાશ કરે છે. ૨.

જલવલ્લૌકિકં પ્રોક્તં સાક્ષાત્તન્મેલનેન તુ ।
મૂલતો નાશયેદ્‌ભાવમ્ યથા વૈશ્વાનરં જલમ્ ॥૩॥

શબ્દાર્થ :- લૌકિકને જલસમાન કહ્યું છે તેનો સીધો જ ભાવ સાથે સંબંધ થવાથી જેમ જલ અગ્નિનો નાશ કરે છે તેવી રીતે મૂળથી ભગવદ્‌ભાવ (અગ્નિ) નો નાશ કરે છે. ૩.

અતઃ સદૈવ ભેતવ્યં લૌકિકાસક્તિતો જનૈઃ ।
સત્સંગમગ્રતઃ કૃત્વા નાશનીયા ન ચાન્યથા ।।૪।।

શબ્દાર્થ :– તેથી લૌકિક આસક્તિથી ભગવદીયજનોએ હંમેશા ડરતા રહેવું. પહેલાં સત્સંગ દ્વારા લૌકિકાસક્તિ નાશ કરવા યોગ્ય છે સત્સંગ ન કરે તો પાછળથી લૌકિકાસક્તિનો નાશ થઈ શકતો નથી. ૪.

સતાં પરોક્ષે સત્સંગ જાતભાવો વિભાવ્યતામ્ ।
તદ્ વિરુદ્ધવચો નૈવ માનનીયં સતાં ક્વચિત્ ।।૫।।

(૩૧-૫)

શબ્દાર્થ :– સત્સંગમાં જે ભાવ ઉત્પન્ન થયો હોય તેની ભાવના સત્પુરુષની પરોક્ષમાં કરવી અને સત્પુરુષ (શ્રીમહાપ્રભુજી)ના વચનથી જે વિરુદ્ધ વચન હોય તેને કોઈપણ કાળે માનવા નહીં. ૫.

ભાવોઽત્ર સાધનં માર્ગે પ્રમેયો ભગવાન્ હિ સઃ ।
પ્રમાણં કૃષ્ણસેવાદૌ સ એવ ચ ફલં પુનઃ ।।૬।।

શબ્દાર્થ :– આ પુષ્ટિમાર્ગમાં ભાવ સાધન છે અને પ્રમેય ભગવાન્ છે, શરૂઆતમાં શ્રીકૃષ્ણની સેવા સાધનરૂપ છે અને આગળ જતાં એ જ શ્રીકૃષ્ણ ફલ છે. ૬.

તસ્માત્ સ એવ સંરક્ષ્યો નિધિરુપસ્તુ સર્વથા ।
એતદ્વિરુદ્ધં તત્સર્વં જ્ઞાત્વા જ્ઞાત્વા નિવર્ત્તયેત્ ।।૭।।

(૭૬-૭)

શબ્દાર્થ :– તેથી આ ભગવદ્‌ભાવ જ નિધિરૂપ છે તે ચોક્કસ જ રક્ષા કરવા યોગ્ય છે અને તેમાં જે વિરુદ્ધ હોય તે બધું ઓળખી ઓળખી ને છોડી દેવું.૭.

(૪૭) પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીનું સ્વરૂપ ભાવાત્મક હોવાથી તેની રક્ષા કેવી રીતે કરવી

ગૂઢલીલાપરો ભકતગૂઢભાવરસાત્મકઃ ।

સેવનીયઃ સાવધાનૈર્વિપરીતગતિક્રિયઃ ।।૧૮।।

શબ્દાર્થ :– ગૂઢલીલા કરવાવાળા અને ભક્તોના ગૂઢ ભાવના રસાત્મક તથા વિપરિત ગતિ અને ક્રિયાવાળા શ્રીઠાકોરજી સાવધાનતાથી સેવવા યોગ્ય છે.૧૮.

શ્રીમદાચાર્યકૃપયા તિષ્ઠતિ સ્વગૃહે હરિઃ ।
એવંવિધઃ સદાહસ્તે યોગિનઃ પારદો યથા ।।૧૯।।

(૨।૧૮-૧૯)

શબ્દાર્થ :– શ્રીમદાચાર્યજીના કૃપાથી આવા (ભાવાત્મક) હરિ આપણા ઘરમાં બિરાજે છે. તે જેમ યોગીજનના હાથમાં પારો સાવધાનતાથી રહે તો કલ્પતરૂ સમાન ફલ આપે અને સાવધાન ન રહે તો હાથમાંથી નિકળી જાય અને ફલ પણ ન આપે. તેમ આપણા હાથમાં સદા જ શ્રીકૃષ્ણ બિરાજે છે. તેમની સાવધાનતાથી સેવા કરવી. ૧૯.

(૪૮) ભાવાત્મક સેવ્ય સ્વરૂપનો અનુભવ કેવી રીતે થાય

વિયોગાનુભવં કુર્વન્ સેવાનવસરે પુનઃ ।
મૂર્ત્તો ભગવતો દ્રષ્ટિર્ભાવ્યા તત્તસ્ય દર્શનમ્ ।।૭।।

શબ્દાર્થ :– સેવાના અનવસરમાં વિયોગાનુભવ દ્વારા નિર્વાહ કરવો અને શ્રીઠાકોરજીના સ્વરૂપમાં આ સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્ર છે એવી ભાવના કરવી ત્યારે તેવાઓને સાક્ષાત્ શ્રીપૂર્ણપુરુષોત્તમના દર્શન થાય. ૭.

સ્પર્શસ્તત્રૈવ ભાવેન સર્વાસ્તત્રૈવ તત્ક્રિયાઃ ।
ભાવાત્મનો હ્યનુભવઃ સર્વો ભાવેન નાન્યથા ।।૮।।

(૧।૭-૮)

શબ્દાર્થ :– ભગવત્સ્વરૂપમાં ભાવથી જ સ્પર્શ કરવો, તેવી જ રીતે બધી દેહસંબંધી ક્રિયા તેમાં જ કરે કેમકે ભાવાત્માનો સર્વ અનુભવ ભાવથી જ થાય બીજા કોઈ પણ પ્રકારે નહીં. ૮.

(૪૯) ભગવદ્ભાવને ગુપ્ત રાખવો જોઈએ

સમસ્તેભ્યો નિજસ્નેહં ગોપાયતિ યથા(ઽ) સતી ।
તથૈવ ભગવદ્ભાવગોપનં ક્રિયતાં જનૈઃ ।।૮।।

(૨૬।૮)

શબ્દાર્થ :– જેવી રીતે અસતી (વ્યભિચારિણી) સ્ત્રી પોતાનાં જાર (પરપુરૂષ) ઉપર સ્નેહ છે તેને બધાથી છૂપાવે છે અને જેમ સતી (પતિવ્રતા) સ્ત્રી પોતાના પતિ ઉપર સ્નેહ છે તેને બધાથી છૂપાવે છે તેવી જ રીતે ભગવદીયોએ ભગવદ્ભાવને ગુપ્ત રાખવો. ૮.

(૫૦) પ્રભુ પણ પોતાના ભક્ત પ્રત્યેના ભાવને ગુપ્ત રાખે છે.

સ્વગોપિકાગૂઢચૌરઃ કૃતસંકેતગોપનઃ ।
પરમાનંદસંદોહઃ સદા દુઃખવિવર્જિતઃ ।।૧૪।।

(૨।૧૪)

શબ્દાર્થ :– પોતાની ગોપિકાઓના ભાવને ગૂઢ રાખવાવાળા છે તથા ચોરવાવાળા છે અને કરેલા સંકેતને ગુપ્ત રાખે છે, ઉત્તમ આનંદના સમુહરૂપ છે, સદા દુઃખરહિત છે. ૧૪.

(૫૧) ભાવમાં બાધક શું છે

દુષ્ટાન્નભક્ષણં ચાપિ હ્યસમર્પિતભક્ષણમ્ ।
અસત્સંગઃ સર્વથા હિ ભાવબાધક ઈષ્યતે ।।૩૩।।

(૯।૩૩)

શબ્દાર્થ :– દુષ્ટના અન્નનું ભક્ષણ અથવા દુષ્ટ (અપવિત્ર) અન્નનું ભક્ષણ અને અસમર્પિત અન્નનું ભક્ષણ તથા અસત્સંગ (દુઃસંગ) આ બધું દરેક પ્રકારથી બાધક છે.૩૩

અગ્રે તુ સાવધાનત્વં વિધેયં સર્વથા પુનઃ ।
દુઃસંગાદિમહાદોષા નાશયંત્યેવ તત્ક્ષણાત્ ।।૪।।

(૨૦।૪)

શબ્દાર્થ :– આગળ નિશ્ચય ફરીથી સાવધાનપણું રાખવું, કેમ કે જે

દુઃસંગ વગેરે જે મોટા દોષ છે તે જ્યારે પ્રાપ્ત થાય તે જ ક્ષણે ભગવદ્ભાવનો નાશ કરે છે.૪.

યથા બાલકરક્ષાયૈ ડાકિનીતો વિભેતિ હિ ।
માતા તથૈવ ભેત્તવ્યં દુઃસંગાદ્ભાવરક્ષકૈઃ ।।૭।।

(૨૬।૭)

શબ્દાર્થ :– માતા જેમ બાળકની રક્ષા માટે ડાકણથી ડર રાખે છે, તેવી જ રીતે ભાવની રક્ષા કરવાવાળાને દુઃસંગથી ડરવું.૭.

(૫૨) નિઃસાધનતાનો ભાવ કોને કહેવાય

એવં દિદૃક્ષા સતતં સ્થાપનીયા નિજે હૃદિ ।
સૈવાસ્માકં પ્રેમભાવોડન્યરાગવિનિવર્તકઃ ।।૧૯।।

શબ્દાર્થ :– (આગળ અઢાર શ્લોકોમાં નિરૂપણ કર્યું કે : મોરપીંછથી બાંધેલી શ્યામ અલકાવલીના આવરણ યુકત મુખવાળા, અમારા પતિ, ભ્રકુટીરૂપ ધનુષ્યમાં જેમણે બાણ ચડાવ્યું છે, કસ્તુરીના ચિત્રથી ચિત્રિત, કમળપત્ર જેવા વિશાલ નેત્રવાળા, મોતીના આભરણોથી યુકત લાંબી નાસિકાવાળા, અમૃતરસવાળા અધરો છે જેમના, ત્રણ રેખાયુકત કંઠમાં કંઠાભરણથી ભૂષિત, પ્રફુલ્લિત બંને ગાલોવાળા, ચિબુક ધારણ કરેલા, સોનાના સૂક્ષ્મ મણકાવાળી વનમાલા ધારણ કરનારા, હૃદયસ્થલ ઉપર વાઘનખથી શોભિત, નવરત્નયુકત વૈજયંતિમાલા ઉદરઉપર બિરાજિત છે તેવા, સુવર્ણના કૃત્રિમ મણકાથી ગુંથેલી સુંદર માલા તથા ગુંજાની મોટી માળા ધારણ કરેલા, અનેક રત્નો જડેલા કંકણ શ્રીહસ્તમાં ધારણ કરેલા, અને ભુજાઓમાં સોનાના રત્નજડિત બાજુબંધવાળા અનેક પુષ્પો અને તુલસીથી ગુંથેલી વનમાળા ધરી છે જેમણે, પંચરંગી અતિ વિચિત્ર કાછની ધરી છે જેમણે, કટીમાં કિંકિણીઓ રવ કરી રહી છે, બંને ચરણારવિંદમાં સુવર્ણમાં જડેલા માણીયુકત નુપુર ધરેલા છે, નખચન્દ્રના પ્રકાશથી ત્રણે લોકને પ્રકાશીત કર્યા છે જેમણે, પીતાંબર ઉત્તરીય વસ્ત્રરૂપે વાયુથી ચલાયમાન સુંદર દેખાય છે તેવા, મકરાકૃત કુંડલ ધારણ કરેલા, રતિરસનો અનુભવ કરાવતા, વ્રજભકતોના સમૂહમાં બિરાજતા, રસનું દાન કરતાં, રાસલીલામાં ચતુર એવા, ત્રિભંગી મનોહર સ્વરૂપથી શ્રીહસ્તમાં

વેણુધારણ કરી છે એવા, વૃંદાવનના મુખ્ય ફલરૂપ, સ્વજનથી ઘેરાયેલા, મુરલીના નાદથી ભકતોને મોહ કરાવતા, જડને ચેતન અને ચેતનને જડ આ નાદથી કરી દેનારા, ચરણારવિંદના સ્થાપન દ્વારા વૃજભૂમિના તાપને હરનારા, શ્રીયમુનાજીના જલમાં ક્રીડા પ્રિય છે જેમને, આપ રસાત્મક છે અને રસાત્મક વૃજભકતોના વૃંદથી યુકત, તથા ભકતોના અનુભવાર્થ સેવાજ્ઞાનને ક્ષણક્ષણમાં પ્રકટ કરવાવાળા, વિરહમાં એકકાલાવચ્છિન્ન પોતાના ભકતોને લીલાનો અનુભવ કરાવનારા, અને સાકાર આનંદરૂપવડે વૃજભકતોના હૃદયમાં બિરાજવાવાળા આવા પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ મને કયારે દર્શન આપશે?)

શબ્દાર્થ :આવા સ્વરૂપના દર્શન કરવાની ઈચ્છા પોતાના હૃદયમાં સ્થાપન કરવી આ જ એક અન્યમાં પ્રીતિ મટાડનારો આપણો પ્રેમભાવ જાણવો. ૧૯.

તતઃસ્યાદાર્તિરધિકા ગેહદૈહાદિક ઉબાધિકાઃ ।
આસક્તિઃ સૈવમાર્ગેઽસ્મિન ગૃહસ્થાસ્વાસ્થ્યકારિકા ।।૨૦।।

શબ્દાર્થ : પ્રેમભાવ થયા પછી ગૃહકાર્ય તથા દેહકાર્યને બાધ કરનારી આસકિત થાય, આ પુષ્ટિમાર્ગમાં ગૃહસ્થને અસ્વાસ્થ્ય કરવાવાળી તે જ છે.૨૦.

પરિતાપોદયસ્તસ્માત્ સર્વવિસ્મૃતિકારકઃ ।
સ એવ વ્યસનં યત્ર પ્રપંચ સ્ફૂર્તિનાશનઃ ।।૨૧।।

શબ્દાર્થ : આવી આસકિત થતાં પહેલાં સર્વ (જગત્‌ની) વિસ્મૃતિ કરનાર પરિતાપનો ઉદય થાય, જેમાં પ્રપંચની (અહંતા-મમતાની) સ્ફૂર્તિનો નાશ થાય આને જ વ્યસન કહેવાય. ૨૧.

એવંવિધસ્તુ, ત્રિવિધો ભાવો નિઃસાધનો મતઃ ।
અતસ્તુ દુર્લભા લોકે તત્પ્રાપ્તિર્ભજતાં નૃણામ્ ।।૨૨।।

(૯।૧૯-૨૨)

શબ્દાર્થ :- આવા (પ્રેમ, આસકિત અને વ્યસન) ત્રણ પ્રકારના ભાવ નિઃસાધનભાવ કહ્યા છે તેથી ભગવત્સેવા કરવાવાળાને આવા ભાવની પ્રાપ્તિ (પોતાના સામર્થ્યથી) લોકમાં દુર્લભ છે. ૨૨.

શિક્ષાશ્લોકી

યદા બહિર્મુખા યુયં ભવિષ્યથ કથંચન ।
તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત ।।૧।।

સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ ।
ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ।।૨।।

ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।
પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા ।।૩।।

સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ।

ભાવાર્થ : જ્યારે તમે કોઈપણ પ્રકારથી બહિર્મુખ બની જશો, ત્યારે કાલના પ્રવાહમાં વહી જનારા તમારા જ દેહચિત્ત વગેરે તમારૂ જ ભક્ષણ સર્વ પ્રકારથી કરી જશે આવું મારૂં માનવું (મત) છે. શ્રીકૃષ્ણ કાંઇ લૌકિક છે નહીં તેથી ભજન કરનારના લૌકિક ભાવોનું પોષણ કરતા નથી. તેમા (શ્રીકૃષ્ણ) પણ અમારો (આપણો) ભાવ તો આ જ જાણવો કે આપણું તો આ લોકમાં તથા પરલોકમાં પણ કોઈ સર્વસ્વ હોય તો તે તો કેવલ શ્રીકૃષ્ણ જ છે બીજું કોઇ નહીં. આ પુષ્ટિમાર્ગ શ્રીમહાપ્રભુજીએ પોતાના પુષ્ટિભાવનાત્મક પુર્ણપુરૂષોત્તમને આલમ્બન (આધાર) બનાવીને પ્રવર્તિત કર્યો છે. તેથી પુષ્ટિપુરૂષોત્તમનું ભજન નિખિલ પુષ્ટિભાવોથી જ કરવું ઉચિત છે. સર્વભાવથી સેવ્ય શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ જ આપણું સંપૂર્ણ આલોક અને પરલોકનું હિત સિદ્ધ કરશે. બીજા કોઇ કાલ-કર્મ-સ્વભાવ-વિભુતિઓની સાધકતાની મતિ રાખવી

(૫૩) નિઃસાધનતાની ભાવના કેવી રીતે કરવી

ન શુદ્ધભાવો નૈવાસ્તિ સર્વભાવો ન દીનતા ।
નાશ્રયપરત્વં વિશ્વાસો ન ચાસ્તિ પરમાદરઃ ॥૧॥
ન સત્સંગો ન સેવા ચ ન નિવેદન સંસ્મૃતિઃ ।
નાશ્રયો ન વિવેકો વા ધૈર્યં ન શરણસ્થિતિઃ ॥૨॥
ન માહાત્મ્યપરિસ્ફૂર્તિ ર્ન સ્નેહોઽસ્તિ હિ કુત્રચિત્ ।
આસક્તિવ્યસનાદીનાં કથાઽપિ ખલુ દુર્લભા ॥૩॥
ભક્તિમાર્ગપ્રવેશો ન ધર્મમાર્ગે ન ચ સ્થિતિઃ ।
દેશાદિશુદ્ધભાવો ન કાલદોષાન્ન વૈદિકમ્ ॥૪॥
ન ચ વ્યાવૃત્તિરાહિત્યં વ્યાવૃત્તૌ ન હરૌ મનઃ ।
ન ચાશક્યપિ સેવાર્થં સ્વતંત્રસ્ય તુ કા કથા ॥૫॥
[illegible] વાગ્દૃશોઃ ।
નૈદાસીન્યમભક્તેષુ નાનાસક્તિર્ગૃહાદિષુ ॥૬॥
નાહંકારાદિરાહિત્યં ન સ્વધર્મપરિગ્રહઃ ।
નાન્યધર્મનિવૃત્તિશ્ચ કિં કરિષ્યતિ મત્પ્રભુઃ ॥૭॥
મયિ દોષનિધાને તુ સર્વસદ્ગુણવર્જિતે ।
નિઃસાધનત્વમેવં હિ સ્વસ્ય નિત્યં વિભાવયેત્ ॥૮॥
(૩૪૧-૮)

શબ્દાર્થ : શુદ્ધભાવ નથી, સર્વાત્મભાવ નથી, દીનતા નથી, શ્રીઆચાર્યજીમાં તત્પરતા નથી, આ પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ નથી અને પ્રભુમાં આદર નથી, (આમ હું સાધનરહિત છું તો પ્રભુ શું કરશે? આવી ભાવના કરવી). ૧.

સત્સંગ નથી, સેવા નથી, નિવેદનની સુંદર સ્મૃતિ નથી, આશ્રય નથી, વિવેક નથી ધૈર્ય તથા શરણમાં સ્થિતિ (દૃઢ આશ્રય) નથી. ૨.

માહાત્મ્યની પૂર્ણરૂપે સ્ફૂર્તિ નથી, કોઈ સ્થલમાં સ્નેહ નથી, આસક્તિ અને વ્યસનવગેરેની તો કથા જ દુર્લભ છે. ૩.

ભક્તિમાર્ગમાં પ્રવેશ નથી અને ધર્મમાર્ગમાં સ્થિતિ નથી, દેશાદિ શુદ્ધભાવ નથી, (કાલદોષથી વૈદિક નથી.

અમારા અન્ય પ્રકાશિત પ્રકાશનો

૧.	પુષ્ટિવાક્સુધા (ત્રીજી આવૃત્તિ)	૧૫-૦૦
૨.	જિને શ્રીવલ્લભ રૂપ ન જાન્યો (બીજી આવૃત્તિ)	૭૦-૦૦
૩.	સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા)	અપ્રાપ્ય
૪.	સિદ્ધાંત સૂક્તિ (ગો. શ્રીશ્યામમનોહરજી) (ચોથી આવૃત્તિ)	નિઃશૂલ્ક
૫.	[illegible]	નિઃશુલ્ક
૬.	સિદ્ધાન્ત રહસ્ય (સંહિતા) (ત્રીજી આવૃત્તિ)	નિઃશુલ્ક
૭.	શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા)	અપ્રાપ્ય
૮.	ચિરકૂટ ચર્ચા સમીક્ષા	નિઃશૂલ્ક
૯.	ધર્માધર્માગ્રદર્શનમ્ (બીજી આવૃત્તિ)	અપ્રાપ્ય
૧૦.	શ્રીભાગવત સુધા - રસબિંદુ (બીજી આવૃત્તિ)	૧૫-૦૦
૧૧.	શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ (બીજી આવૃત્તિ)	૧૫-૦૦
૧૨.	શ્રીયમુનાષ્ટકમ્ (ત્રીજી આવૃત્તિ)	૫-૦૦
૧૩.	[illegible] (બીજી આવૃત્તિ)	૫-૦૦
૧૪.	[illegible] નિરોધલક્ષણ (બીજી આવૃત્તિ)	૧૦-૦૦
૧૫.	સિદ્ધાંતમુક્તાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ (બીજી આવૃત્તિ)	૫-૦૦
૧૬.	નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ (બીજી આવૃત્તિ)	૧૦-૦૦
૧૭.	વિવેકધૈર્યાશ્રય (બીજી આવૃત્તિ)	૫-૦૦
૧૮.	શ્રીકૃષ્ણાશ્રય (બીજી આવૃત્તિ)	૫-૦૦
૧૯.	ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ (બીજી આવૃત્તિ)	૧૦-૦૦
૨૦.	સંન્યાસનિર્ણય અને સેવાફલ (બીજી આવૃત્તિ)	૧૦-૦૦
૨૧.	[illegible] (ગુજરાતી) (ગો.શ્રીશ્યામમનોહરજી)	નિઃશૂલ્ક
૨૨.	કૃષ્ણ એવ તાત્પર્યમ્ (ગો.શ્રીશ્યામમનોહરજી) (બીજી આવૃત્તિ)	નિઃશૂલ્ક
૨૩.	પુરુષોત્તમયોગ (ગો.શ્રીશ્યામમનોહરજી) (બીજી આવૃત્તિ)	નિઃશૂલ્ક
૨૪.	ષોડશગ્રંથ પરિચય (ગો.શ્રીશ્યામમનોહરજી) (ચોથી આવૃત્તિ)	નિઃશૂલ્ક
૨૫.	ષોડશગ્રંથ (ગો.શ્રીનૃસિંહલાલજીની ટીકા અનુસાર)(ગુજ.)	નિઃશૂલ્ક
૨૬.	ભક્તિવર્ધિની (ગો.શ્રીશ્યામમનોહરજી)(ગુજ.)	નિઃશૂલ્ક
૨૭.	૪૧ શિક્ષાપત્ર સાર સંચય	૧૫-૦૦

પ્રાપ્તિસ્થાન :

[illegible] કોમ્પ્લેક્ષ, [illegible]

([illegible] મો. ૯૪૨૭૪૯૫૧૫૯)